આયુર્વેદીક અનુભવમાળા

ચાલીશ વર્ષના અનુભવનો સંગ્રહ.

કર્તા—

વૈદ્ય શીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.

કીમત દશ આના.

આયુર્વેદીક અનુભવમાળા

ચાલીશ વર્ષના અનુભવનો સંગ્રહ.

કર્તા—

વૈદ ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય

રૂવાળાને ટેકરે—સુરત.

પ્રસીદ્ધ કર્તા—

દેવેન્દ્રનાથ ધીરજરામ ડાકટર

એફ. સી. આઇ. સી. ટી. ડી. એ. બી. ટી. (લંડન.)

રૂવાળાને ટેકરે - સુરત.

છાપનાર:—ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક.

શ્રી અનાવિલ બંધુ પ્રીન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળ—સુરત.

કીમત આના દશ.

આયુર્વેદીક અનુભવમાળા.

અનુક્રમણીકા.

વિનંતી.

માન્યવર વૈદ્યરાજ બંધુઓ અને આયુર્વેદ પ્રેમી સજ્જન ગૃહસ્થો ! આપ જાણો છો કે આપણાં આયુર્વેદ રૂપી મહાસાગરનો પાર કોઇ પ્રાણી પામી શકયું નથી. અને તેથીજ વિચારવંત આયુર્વેદના અભ્યાસીઓ પોતાની આખી જીંદગી આયુર્વેદના વિદ્યાર્થી તરીકે ગાળવાનું પસંદ કરે છે. કારણ આયુર્વેદની વિદ્યાનો પાર નથી. જેવી રીતે આ સૃષ્ટીમાં સમુદ્રનો પાર પામી શકાતો નથી. તેવીજ રીતે આયુર્વેદરૂપી મહાસાગરનો પાર પામવો ઘણોજ કઠીન છે, પરતુ આપણા કીર્તીવંત વૈદ્યરાજોએ મેળવેલાં ઔષધો રૂપી મહાન રત્નો તેઓના પંચત્વ પછી કોણ જાણે કયાં અદ્રસ્ય થઇ ગયાં કે તેનો પત્તોજ લાગ્યો નહીં પરંતુ તે કાળનો વિચાર કરતાં સમજાય છે કે તે સમયના લોકોમાં વિદ્યાને ગુપ્ત રાખવાનો રીવાજ અતિશય પ્રબળ હતો, અને તેજ કારણથી આપણાં પૂર્વે થઇ ગયલા મહાન વૈદ્યોએ મેળવેલાં રત્નો આપણે માટે વારસામાં રહી શકયાં નહીં.

હું મારા વૈદ બંધુઓને અતી પ્રેમ પુર્વક પ્રાર્થના કરૂં છું કે હવે જમાનો બદલાયો છે. વિદ્યા વગર આ વિદ્યાના જમાનામાં ચાલે એમ નથી. કારણ આ જમાનો, પશ્ચીમની વિદ્યામાં પારંગત થયેલા અને હાલની નવી શોધ પ્રમાણે કામ કરનારા ડાકટરોની સામા ઉભા રહીને તેમને મુકાબલે કામ કરી બતાવવાનો છે. માટે સઘળા વૈદરાજોએ પોતાના મનનો મેલ દુર કરીને પોતાની પાસે જે જે રોગના સારામાં સારા ઉપાયો હોય અને જે ઉપાયોથી સેંકડે અઠાણુંથી નવાણું માણસો સારા થતા હોય તેવા ઉપાયો પોતે બીજા વૈદ બંધુઓની જાણમાં આવે તેવી રીતે પ્રસીદ્ધ કરવા. અને તેમાં કોઇપણ જાતનો ગુરૂગમ કે તુટી રાખવી નહી. આવી રીતે કામ કરવાને વધારે નહીં. પણ આખા મુંબઇ ઇલાકામાંથી જો બસો વૈદરાજો મળી આવે. અને તેઓ જુદા જુદા રોગના બબે ઉપાયો પોતાના અજમાવેલા અને પોતે પોતાના ઔષધાલયમાં હંમેશાં બનાવીને વાપરતા હોય એવાં જો ખુલ્લા દીલથી પ્રસીદ્ધ કરે તો બસો વૈદરાજોના બબે ઉપાયો પ્રમાણે ચારશો જાતના સારા અનુભવેલા અને તાત્કાળીક કામ કરનારા ઉપાયોનો મોટો જથ્થો આયુર્વેદના ઉપચારનો તૈયાર થાય, કે જેનાં વડે સેંકડો જાતના વ્યાધીઓમાં તાત્કાળીક અસર થઇ રોગની જડ જતાં વાર લાગે નહીં, આથી વિદ્યાનો સારો પ્રચાર થઇ સેંકડો દરદીઓનો આશીરવાદ પ્રાપ્ત થશે, અને તેની સાથે ખરા અને અનુભવસીદ્ધ ઉપાયોનો સંગ્રહ કોઇ કાળે નાસ નહી થતાં સદા સર્વદા જળવાયલો રહેશે. જેથી આપણું આયુર્વેદની કીર્તી દશે દીશામાં ગાજી રહેશે. એટલુંજ નહીં પણ આજકાલ પશ્ચીમની વિદ્યાને પ્રભાવે કેટલાક સજ્જનોની શ્રદ્ધા આયુર્વેદ ઉપરથી ઘટી ગઇ છે, તે પાછી ચાલુ થશે અને દેશી વૈદ ઉપર સઘળાની શ્રદ્ધા વધશે અને આયુર્વેદનું એક અંગ સીદ્ધ થયલું ગણાશે.

બંધુઓ હવે વધુ વિવેચન નહીં કરતાં હું આપને વિનંતી કરૂં છું કે આ સાથે મે મારા અનુભવેલા અને લાંબા વખત સુધી વાપરીને સીદ્ધ કરેલા આયુર્વેદના કેટલાક ઉપાયો રજુ કર્યા છે કે જે ઉપાયો હું હંમેશા મારા દવાખાનામાં ચાલુ વાપરૂં છું માટે આપ પણ બનાવીને વાપરશો તો આપને યશ અને કીર્તિ પ્રાપ્ત થશે.

વિશેસ ઘણી વખત હમારી પાસે દવા મંગાવતાં વૈદરાજો લખે છે કે હમારે ત્યાં દવાની વસ્તુઓ ખરી મળી શકતી નથી. તેમજ દવા બનાવવાનાં સાધનો હમારી પાસે તૈયાર નથી. આ વાત હમને ઘણે અંશે ખરી લાગવાથી હમારી જે જે દવાઓ સાથે વેચવાનો ભાવ લખેલો હોય તે દવા હમે વૈદોને આપીશું હમારો હેતુ આવી રીતે દવા આપવામાં કોઇપણ રીતે વેપાર કરી તેમાં નફો ખાવાનો નથી. પણ વૈદરાજો હમારી પાસે તૈયાર દવા મંગાવીને વાપરે તો તેમની ખાત્રી થાય કે આ દવા કેવું કામ કરે છે, જેથી તેમને બનાવવાનું મન થાય, અને બનાવે તો આયુર્વેદીક દવાનો પ્રચાર વધે એવા શુભ હેતુથી હમે વૈદરાજોને ઔષધો આપીશું જેમાં હમે કોઇપણ જાતનો નફો ખાવાની આશા રાખી નથી, માટે વૈદ મીત્રોએ મનમાં એવી શંકા રાખવી નહીં કે હમે હમારી દવા ખપાવવાને પ્રયત્ન કરીએ છઇએ જો તમો જાતે બનાવીને વાપરો તો ઘણુંજ સારૂં પણ જો તમે નહીં બનાવો તો હમારી પાસે મંગાવીને વાપરો અને ખાત્રી કરો. હમે સારી રીતે જાણીએ છઇએ, કે ગામડાંનાં વૈદોને દવાઓ બનાવવાની ઘણી ખટપટ પડે છે, જેથી તેઓ આવી દવાઓ ભાગ્યેજ બનાવી શકે. વિગેરે કારણો ધ્યાનમાં લઇને હમે વૈદોને દવા આપવાનું નક્કી કીધું છે. પત્રના જવાબ માટે ડબલ કાર્ડ મોકલવો, અથવા ટીકીટ બીડવી.

દવાખાનુ—રૂવાળાને ટેકરે
ઘર—ગુજજર ફળીઆ

લી० કૃપાભીલાશી,
વૈદ ધીરજરામ દલપતરામ સુરત.

—: હમારા ઔષાધાલયના નિયમો. ;—

૧. સઘળી દવાઓ વિ. પી. પારશલથી મોકલવામાં આવે છે જેનો ટપલ ખર્ચ મંગાવનારને શીર હોય છે.

૨. દવા મંગાવતી વખતે અથવા કાગળપત્ર લખતી વખતે ગ્રાહકોએ પોતાનું શરનામુ ચોકસ અને સારે અક્ષરે લખવું અને એ પ્રમાણે દર વખતે શરનામુ લખતા રહેવું

૩. દવાઓ મોકલતી વખત પુરતી સંભાળ પુર્વક મોકલવામાં આવે છે. છતાં દવા પહોંચ્યા પછી કંઇ ફેરફાર દેખાય તો ચાર દીવસની અંદર લખવું.

૪. જેઓને રૂપીઆ વીસની ઉપરની કીમ્મતની દવા મંગાવવી હોય તેણે પ્રથમ પત્ર લખીને ખુલાશો કરવો.

૫. આ સુચીપત્રની અગાઉ હમે જે જે ભાવો પ્રસીદ્ધ કરેલા તે હવેથી રદ કરવામાં આવે છે. માટે હવેથી આ સુચીપત્ર પ્રમાણે ભાવ લેવામાં આવશે

૬. ભાવમાં કે હિસાબમાં કંઇ ભુલચુક થઇ હોય તો આઠ દીવસની અંદર ખબર આપવાથી ભુલચુક સુધારી લેવામાં આવશે.

વૈદરાજો માટે સગવડ.

હાલમાં ગાંધીઓને ત્યાં દવા બનાવવાના ખરા વસાણા મળવા મુશ્કેલ પડે છે અને મળે તો ખોટાં અને બનાવટી હોવાથી દવાઓ બગાડે છે અને ગુણ કરતી નથી માટે વૈદરાજોને દવામાં નાખવાની ખરી વસ્તુ જોઇતી હોય તેણે હમને લખવું કારણ હમે ખરીખરી વસ્તુઓ બહારગામથી ખરી અને ખાત્રીલાયકની મંગાવીએ છૈએ માટે જે વસ્તુ જોઇતી હોય તેનો પ્રથમ ભાવ પુછાવી પછી જેટલી જોઇએ તેટલી મંગાવી લેવી જેથી ખરી અને તાજી વસ્તુ મળી શકશે અને તમારી દવા ચોકસ ગુણ કરશે. પત્ર લખતી વખતે ટીકીટ બીડવી અથવા રીપ્લાઇ કાર્ડ લખવો. પત્રવ્હેવાર નીચેને સરનામે કરવો.

વૈદ હીરજીરામ દલપતરામ પ્રાણાચાર્ય. રવાળાને ટેકરે—સુરત.

૧૪૨૬૪

આયુર્વેદીક—અનુભવ માળા.

તાવના ઉપાય.

ગળો સત્વ તો. ૧, ફુલાવેલી ફટકડી તો, ૧, નવસાર ફુલાવેલો તોલો ૧, કાળા મરી તોલો ૧. અતીવીસની કળી શેકીને તો. ૧, બધાને ખાંડી વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી મુકવું. અને સઘળી જાતના તાવમાં દીવસમાં બે ત્રણ વખત રતી ૨ થી વાલ ૧ાા સુધી પાણી સાથે અથવા સુદર્શનના ઉકાળા સાથે આપવાથી સઘળી જાતના તાવો તાત્કાલિક કાબુમાં આવે છે. તેમજ જુના તાવમાં થોડો વખત લેવાથી તાવને જડમુળમાંથી દૂર કરે છે.

ઉપાય ૨ જો—એકાતરાં તથા ચોથીઆ તાવ ઉપર ખાસ કેળના પાણીમાં સુદ્ધ કરેલો સંખીઓ સોમલ તોલો ૧, કાળા મરી તોલો ૧, કાથો તોલો ૧, સુદ્ધ કરેલી મનસીલ તોલો ૧ ફટકડી ફુલાવેલી તોલો ૧, ગળો સત્વ તોલો ૧, બધી વસ્તુને ગાયના દુધમાં ખલી મગ પુરની ગોળી કરવી સઘળી જાતના તાવમાં જીરૂ અને સાકરના પાણી સાથે સવાર સાંજ ગોળી એક ખવાડવી અને દુધ ભાત કે રોટલીને દુધ સીવાય બીજો ખોરાક આપવો નહીં જેથી ગમે તેટલી મુદતનો જુનો ચોથીઓ તથા એકાંતરો તાવ તાત્કાળીક અટકી જાય છે. તેમજ બીજા અણુ ઉતાર તાવમાં પણ આ ગોળી આપવાથી તાવ ઉતરે છે અને શકતી કાયમ રહે છે.

ઉપાય ૩ જો—કરીઆતુ, કોલમ, કાયફા, કાળીજીરી, ઇંદ્રજવ, સુંઠ, મરી પીપર નાહનાપાત્રાં અતીવીસ, લીમડાની છાલ, ગળો, એ વસ્તુ સમાન ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં પાંચ તોલા કરીઆતુ વસ્ત્રગાળ

કરીને મેળવવું પછી એ ચૂર્ણમાંથી વાલ ૪ થી ૮ સુધી પાણી સાથે દીવસમાં ત્રણ વાર આપવું જેથી સઘળી જાતના તાવ જાય છે.

ખાંશીનો ઉપાય.

અરડુશાનો રસ તોલો એક, મધ તોલો એક, સેકેલી એલચી નંગ ૬ સેકેલાં લવેંગ નંગ ૬ ટંકણખાર ફુલાવેલો વાલ ૨, સીંધવ વાલ ૨, શાબર ભસ્મ વાલ ૨, અફીણ રતી ૨, ઉપરની બધી વસ્તુને ભેગી કરી દર બબ્બે કલાકે એકેક વાલ મધ સાથે આપવો જેથી ગમે તે પ્રકારની ખાંશી તાત્કાળીક મટે છે

ઉપાય ૨ જો—ટંકણ વાલ ૨, પીપર વાલ ૨, સંખભસ્મ વાલ ૪, વછનાગ સુદ્ધ વાલ ૦॥ અફીણ રતી ૧, ખેરશાલ રતી ૩, બધાને ભેગું કરી મધ તોલો ૧, તથા આદુનો રસ તોલો ૦॥, સાથે મેળવી ચાર ભાગ કરી દર ત્રણ ત્રણ કલાકે આપવાથી ખાંશી, શ્વાસ, કફ, વિગેરેને ફાયદો કરે છે.

ઉપાય ૩ જો—અરડુશાનું ઘન તોલો ૧. જેઠીમધનો શીરો તોલા ૨, કાળા મરી તો. ૧, એલચી સેકેલી તોલો ૦॥ લવંગ સેકેલા તો. ૦॥ બેડાંની છાલ તો, ૧, ખેરશાલ તોલો ૧, સીંધવ તો. ૧ ટંકણ તોલો ૧, સંખભસ્મ તો. ૧, સાબરભસ્મ તો. ૧, હીંગલોક સુદ્ધ તો. ૧, બધાને ખાંડી વસ્ત્રગાળ કરી અરડુશાના રસમાં અફીણ તોલો ૧ મેળવી તેમાં ઉપલી બધી વસ્તુને સારી પેઠે ખલ કરી ગોળી વાળવા જેવું થાય ત્યારે ગોળી વટાણા પુરની વાળી સુકવીને બાટલીમાં ભરી મુકવી, આ ગોળી મધ સાથે દીવસમાં ત્રણ વખત ગોળી ૧ થી ૨ ખવાડવાથી ખાંશીમાં તાત્તકાલીક ફાયદો કરે અનુપાનમાં ફેર કરવો એ વૈદ્યની મરજી ઉપર છે

ઉપાય ૪ થો—આંકડાના ફૂલનો મગજ તોલા ૨, કાળા મરી તો. ૧, ટંકણ તો. ૧, અફીણ તોલો ૦।।, બધી વસ્તુને આદુના રસમાં ઘુંટીને ગોળી રતી પુરની વાળવી સઘળી જાતની ખાંશીમાં દીવસમાં ત્રણ વખત ગોળી ૧ થી ૨ પાણી સાથે આપવી જેથી ખાંશી મટે છે.

કાસ હર વટી—શુદ્ધ હીંગલોક, સફેદ મરી, લીંડી પીપર ફૂલાવેલો ટંકણખાર, અકકલગરો, લવેંગ, ખડીયો ખાર, પીપરમેંન્ટના ફુલ, પ્રત્યેક સમ ભાગે લઇ બારીક ચૂર્ણ બનાવી લીંબુના રસમાં ખરલ કરી ચણોઠી બરાબર ગોળીઓ બનાવવી. આ ગોળી પાન અથવા આદુના રસમાં દિવસમા બે અથવા ત્રણ વખત ખવાડવાથી શ્વાસ અને કાસ ઉપર અતિશય ગુણ બતાવે છે.

હરષનો ઉપાય.

ગરમાળાનો ગોળ તોલા ૨, લીબોડીનો મગજ તોલા ૨, રસવંતી તો. ૨, એળીઓ તોલા ૨, કાળામરી તોલો ૧, નાગકેશર તોલો ૧. મોટી હરડે તોલો ૧, નીસોતર તો. ૧, શાકર તો. ૧ ઉપરની બધી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી તેને ગરમાળાના પાંત્રાના રસમાં બે દીવસ ઘુંટી ગોળી ચણાપુરની કરવી અને સઘળી જાતના હરષમાં દીવસમાં ત્રણવાર ગોળી ૧–થી–૩ સુધી પાણી સાથે ખાવી જેથી હરષમાં ઘણો સારો ફાયદો થાય છે.

હરષની ધુણી—ખોરૂં કોપરૂ તો. ૧૦, ભાંગ તોલા ૧૦, હાથી-દાંતનો વેર તોલા ૧૦, લીમડાના સૂકાં પાંત્રા તો. ૧૦, આશનના સુકા પાંત્રા તો, ૧૦, તલ તો. ૧૦, ઉપરની બધી વસ્તુને ખાંડી ભુકો કરી દેવતામાં નાખી તેની ધુણી હરષ ઉપર લાગે એવી રીતે બેસીને દીવસમાં બે ત્રણ વખત ધુણી લેવાથી હરષની પીડા તાત્કાળીક શાંત થાય છે.

હરષનો મલમ—વરખી હડતાલ તોલા બે લઇ તેમાં દીવેલ તોલા ચાર નાંખી શીસાના ખલમાં સીસાના બત્તાવતી બે દીવસ ઘુટવુ, પછી તેમાં કાળો સુરમો તોલા બે કપુર તોલો ૧, સીંદુર તોલો ૧, રસવતી તોલો ૧, ગાયનું એકસોનેઆઠવાર ધોયલું ઘી તોલા ૨, એ સઘળું મેળવીને પાછું બે દીવસ ઘુટવું. એટલે કાળા રંગનો મલમ તૈયાર થશે એમ લમ હરષ ઉપર ચોપડવાથી હરષની પીડા તુરત શાન્ત થાય છે. તેમજ લાંબો સમય ચોપડવાથી હરષ જડમુળમાંથી મટી જાય છે.

હરષની પટ્ટી—નવી આમલીનો ગર આમલી ઉપરથી કાઢીને લગભગ પાંચ તોલા જેટલો લઇ તેને એક ચાર આંગળ સમચોરસ કપડાં ઉપર જાડો મલમની માફક ચોપડવો અને તેના ઉપર કલઇ સફેનો સારો ઝીણો વાટીને ભભરાવવો પછી એ પટ્ટી હરષવાળા ને ગુદાના ભાગ ઉપર લગાવી મજબુત કચ્છો મારી દેવો, જેથી હરષની પીડા શાંન્ત થશે. એટલુંજ નહી પણ જરા લાંબો વખત એ પટ્ટી ચાલુ રાખવાથી હરષ ચીમલાઇને ખરી પડશે અને કોઇ જાતની પીડા થશે નહીં દુખાવો કે અગન બળતી હશે તો પટ્ટી લગાડવાથી ઠંડક વળશે, પટી દરરોજ નવી મારવી અને દીશા જંગલ જાવું પડે તો છોડીને પાછી તેની તેજ પટ્ટી મારવી

મરડાની ગોળી.

ધાવડીના ફુલ, કેરીની ગોટલી, સંખજીરૂ, ઇંદ્રજવ, સુઠ, બીલીનો ગર, અતીવીસની કળી, લોધર, કડાછાલ, મોચરસ, વાળો, જાયફળ, જાંબુડાના ઠળીઆ, રાળ, દાડેમના છોડાં ઉપરની બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરી પછી અફીણ તોલા એકનો કુંશણો બનાવી તેમાં ઉપલું ચુર્ણ ઘુંટી ગોળી ચણા પુરની કરવી અને

મરડાના રોગીને દીવસમાં ત્રણ વખત ગોળી ૧ થી ૨ સુધી પાણી સાથે ખવાડવી જેથી મરડો અતીશાર સંગ્રહણી અને ઝાડાના તમામ રોગમટે છે

સઘળી જાતના વાયુ માટે

બોળબદ્ધ ગુટીકા.

રાતો બોળ તોલા ૧૦, આશન તોલા ૫, લવેંગ તોલા ૨॥, સુઠ તોલો ૧, મરી તોલો ૧, પીપર તોલો ૧, ગુગળ તોલા ૧૦ માલકાંગણીના બી તો. ૫, લશણની કળી તોલા ૫, અફીણ તો. ૧ પ્રથમ ગુગળને ઝીણો ખાંડી તેમાં લશણ શીવાયની બીજી વસ્તુ એક રસ કરી પછી લશણને ઝીણું વાટી બધાની સાથે મેળવી એક દીવસ ઘુટી ગોળી ચણાપુરની બનાવી છાયામાં સુકવી દીવસમાં ત્રણ વખત ગોળી ૧–થી–૨ સુધી પાણી સાથે અથવા દુધ સાથે ખાવાથી સઘળી જાતના વાયુ, કમરનો દુખાવો, હાથપગનો દુખાવો, સંધીવા, અશકતી સ્ત્રીઓના કોઠાનો વાયુ નબળાઇ વીગેરે મટે છે.

સ્વાદીષ્ટ વીરેચન.

સોનામકઇ તોલા ૧૫, જેઠીમધ તોલા ૧૫ વરીયાળી તોલા ૭॥, નીસોતર તોલા ૭॥, શુદ્ધ કરેલો ગંધક તોલા ૭॥, શાકર તોલા ૪૫, બધાને સાથે મેળવીને ખાંડી વસ્ત્રગાળ ચુરણ કરવું, આ ચુર્ણ મોટા માણસને વાલ ૧૦–થી–૧૫ સુધી રાતે સુતી વખતે પાણી સાથે ખાવું જેથી પેટમાનો કચરો સાફ થઇ સુખપુર્વક જુલાબ થાય છે. ઓછી ઉમ્મરવાળાને પ્રમાણશર ઓછું આપવું.

માહા બુદ્ધી સરસ્વતી ચુર્ણ.

વિદ્યાર્થીઓ માટે ખાસ માલકાગણીના બી ગળો ઝંઝટો, ચાવડીંગ, સંખાવળી, બ્રાહ્મી વચકાવલી સુઠ, સતાવરી, મરી એલચી,

એ બધુ સરખે ભાગે લઇ તેનાથી અડધે વજને સાકર નાખી ખાંડી વસ્ત્રગાળ ચુરણ કરવું અને દરરોજ સવાર સાંજ તોલો ૦ા દુધ સાથે ખાવાથી સ્મરણ સકતી વધે બુદ્ધી ખીલે જીભની તોતડાસ મટે, મગજની નબલાઇ મટે પરંતુ આ ચુર્ણ ઓછામાં ઓછુ બેતાલીશ દીવસ ખાવુ જોઇએ વિદ્યાર્થીઓએ આ ચુર્ણનો ઉપયોગ હમેશા ચાલુ રાખવો.

વાયુ અને હીષ્ટીરીઆનો ઉપાય.

સારી ચોખ્ખી હીંગ તો. ૧, કપુર તો. ૧ ગાંજો સારી પેઠે ધોઇને સુકવેલો તો. ૦ા, ખોરાસાની અજમો ધોઇને સાફ કરી સુકવેલો તો. ૧, વજકાવલી તો. ૦ા જટામાંસી તો. ૧ લવેગ તો. ૦ા જાવંત્રી તો. ૦ા બધી વસ્તુને એકત્ર કરી સારી પેઠે ધુટી આદુના રસમાં ગોળી વટાણા પુરની કરી દીવસમાં ગોળી ત્રણ વખત ૧ થી ૨ પાણી સાથે અથવા બીજા યોગ્ય અનુપાન સાથે આપવાથી હીષ્ટીરીઆ અને સઘલી જાતના વાયુ મટે છે પરેજીમાં ખટાસ અને વાયડી વસ્તુ બંધ કરવી જેથી ફાયદો તાત્કાળીક થાય છે.

રૂચી ઉપજાવનાર ચાટણ.

વરીયાળી તો. ૧, જીરૂ તો. ૧, કાળા મરી તો. ૧, કાળીદરાખ તો. ૫, નવી આમલીનો ગર તો. ૩, સંચળ તો. ૧, પીપર તો. ૨, સુઠ તો. ૨, સીંધવ તો. ૧, ગોળ તો. ૫ મધ તો. ૫ પ્રથમ ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી દરાખના ઠળીઆ કાઢી ઝીણી વાટી પછી બધી વસ્તુ સાથે મેળવી એક રસ કરી દરરોજ દીવસમાં બેથી ત્રણ વાર પાવલી ભારને વજને ખાવાથી રૂચી આવે ખોરાક પચે ભુખ લાગે દસ્ત શાફ આવે અને જઠરાગ્નીને સતેજ કરે તેમજ સ્વાદમાં આ ચાટણ એવુ સારૂ થાય છે કે વારેવારે ખાવાનું મન થાય.

ક્રમીનાશક ચુર્ણ.

પારો તો, ૧, ગંધક તો. ૧, વાવડીંગ તો. ૧, કંપીલો તો. ૧ પલાશના બી તો. ૧, દીકામાળી તો ૧, કરમાણી અજમો તો. ૧ કપુર તો. ૧, પ્રથમ પારા ગંધકની કજલી કરી બીજી બધી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં પારા ગંધકની કજલી નાંખી સારી પેઠે ઘુંટીને ચુર્ણ તૈયાર કરવું. આ ચૂર્ણ બાળકોને દીવસમાં બે થી ત્રણ વાર રતી ૨ થી વાલ ૧ સુધી મધમા અથવા ગોળના પાણીમાં ખવાડવાથી કરમ મટે છે. મોટા માણુસને ઉમ્મરના પ્રમાણમાં આપવું.

ગરમીને માટે ઈંદ્રી જુલાબ.

સુરોખાર તોલો ૧, ચીની કબાલા તોલો ૧, એલચી દાણા તો. ૧, રેવંચીની ખટાઇ તો. ૧, સોડાબાઇ કાર્બ તો. ૧ બધાને ભેગુ વાટી વસ્ત્ર ગાળ કરી દૂધ અને પાણી સાથે દીવસમાં બેથી ત્રણ વખત તોલો ૦। લેવાથી ઇંદ્રી જુલાબ થઇ ગરમી મટી જાય છે.

ક્ષય અને ખાંશી માટે ખાસ ઉપાય.

સીતોપલાદી ચુર્ણ તોલા ૫, ગળો સત્વ તો. ૧, સેકેલા લવીંગ તોલો ૧, તુલસીના સુકા પાત્રા તો. ૧, અરડુસાના સુકા પાત્રા તોલો ૧, કેસર બેઆનીભાર, બરાશ બેઆનીભાર સુન્નાના વરખ નંગ ૨૫, કસ્તુરી વાલ ૨ ઉપરની બધી વસ્તુમાંથી ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી પછી બધુ સાથે મેળવી એક દીવસ ઘુટી દરરોજ સવાર સાંજ તોલો ૦। મધમાં કાલવી ચાટવું અને ઉપર બકરીનું તાજુ દૂધ શેર ૦॥ પીવું, પરેજીમાં હલકો અને પચે તે પ્રમાણે ઘી, સાકર, દુધ, વીગેરેનો સારો ખોરાક ખાવો જેથી ક્ષય, ખાંશી, શ્વાસ દમ અશક્તી વિગેરે ઘણાં રોગ મટે છે.

રતવાનો ઉપાય.

પીપળાનુ છોડુ ગુલાબજળમાં ઘસવુ પછી તેમાં ગુલેઅરમાની વાલ ચાર નાંખી મેળવીને પાતળુ પાણી જેવું કરીને રતવા ઉપર પીછી વતી ચોપડવું જેથી બાળકોના તમામ જાતના રતવા માત્ર બે ચાર દીવસમાં મટી જાય છે.

રસ તથા સોઝા ઉપર ચોપડવાનો લેપ.

એળીઓ તો. ૨, લોધર તો. ૨, બોળ તો. ૧, શાજી તો. ૧, સેરીલોબાન તો. ૪, આંબાહલદ તો. ૨, સોનાગેરૂ તો. ૪, આમળાં તો. ૧, શાટોડીનું મૂળ તો. ૫ બધાને ખાંડી વસ્ત્રગાળ કરી ગાયના મુત્રમાં ખદખદાવી ચોપડવાથી, રસ, સોજા વીગેરે રોગો મટે છે.

કોલેરા માટે ખાસ ગોળી.

રાતા મરચાંનો વસ્ત્રગાળ ભુકો તોલો ૧, કપુર તોલો ૧, પીપર તોલો ૧, ચોખ્ખી હીંગ તોલો ૧, અફીણ તોલો ૧ બધાને સાથે ઘુટી આદુના રશમાં ગોળી વટાણા પુરની કરવી અને કોલેરામાં દર બે કલાકે ગોળી અકેકી પાણી સાથે ખવાડવી જેથી કોલેરાના ઝાડા ઉલટી બંધ થાય છે. ઝાડા ઉલટી બંધ થયા પછી ગોળી ખવાડવી નહી.

ખસ ખુજલી અને ફોલ્લાનો ઉપાય.

પારો તોલો ૧ ગંધક તોલો ૧ ટંકણ તોલો ૧ કંપીલો તોલો ૧ કપુર તોલો ૧ કાથો તોલો ૧ મનસીલ તોલો ૧ રસકપુર તોલો ૧ ફુલાવેલી ફટકી તોલો ૧ ફુલાવેલો મોરથુથુ તોલો ૦॥ પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં મનસીલ અને રસકપુર ભેળી પછી બીજી વસ્તુઓ અકેકી અકેકી મેળવીને સારી રીતે ઘુટીને સરસીઆ તેલમાં અથવા કરંજના તેલમાં મેળવીને ચોપડવાથી ખસ, ખુજલી, ફોલા, દરાજ, ખરસવુ, વીગેરે ચામડી ઉપર થતા બધા રોગ જડમુળમાંથી મટી જાય છે.

વાયુ અને સન્નીપાત માટે કસ્તુરી ભૈરવ રસ.

સુદ્ધ હીંગલોક તો. ૧, સોધેલી વછનાગ તો. ૧, ટંકણુ તો. ૧ જાવંત્રી તો. ૧, જાયફળ તો. ૧, કાળામરી તો. ૧, લીંડીપીપર તો. ૧, કેશર તો. ૧, કસ્તુરી તો. ૧, સઘલી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી હીંગલોકને જુદો વાટી તેમાં બધી વસ્તુ મેળવી આદુના રસમાં ત્રણ દીવસ ધુટવું પછી કસ્તુરી મેળવી પાકા ચેવલી પાનના રશમાં એક દીવસ ધુટી ગોળી મરીપુરની કરી શીળામાં સુકવી કાચની સ્ટોપર બાટલીમાં ભરી લેવી આ ગોળી દીવસમાં બેથી ત્રણ વખત રોગનુ બળાબળ જોઇને એકથી બે સુધી યોગ્ય અનુપાન સાથે ખવાડવાથી વાયુ, સરદી સન્નીપાત તાણુ મુર્છા જવર ખાંશી શ્વાસ અમુઝણુ વીગેરે ઘણી જાતના રોગોમાં વીજલીની ઝડપે કામ કરે છે.

કેશર વટી.

કેશર તો. ૧, જાયફળ તો. ૧, લવંગ તો. ૧, અફીણ તો. ૧, બરાંશ તો. ૧, જાવંત્રી તો. ૧, પીલુમીણુ તો. ૫ મીણુ સીવાય બીજી બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી એક દીવસ ધુટીને બારીક કરવુ પછી મીણુને ગરમ કરી તેમાં સઘળું મેળવીને સારી પેઠે ધુટીને ગોળી વટાણા પુરની કરવી આ ગોળી સવાર સાંજ એકેકી દુધ સાથે ખાવાથી શકતી પુષ્ટી અને બળ આવે તેમજ સાંજે ખાવાથી બંધેજ થાય તેમજ આ ગોળી યોગ્ય અનુપાન સાથે ખવાડવાથી અતીસાર, સંગ્રહણી, મરડો અને ઝાડાના તમામ રોગો મટે છે તેમજ સરદી, શળેખમ, વાયુ હાથ, પગ, અને કમ્મરનો દુખાવો વીગેરે ઘણી જાતના રોગો સારા થાય છે.

ખાસ જુલાબ માટે

રામબાણ ગુટીકા.

પારો તો ૨, ગંધક તો. ૨, સુંઠ તો. ૨, મરી તો. ૨, પીપર તો. ૨, ટંકણુ તો. ૨, નીસોતર તો ૨, રેવંચીનો શીરો તો. ૨,

સુદ્ધ કરેલા નેપાળા તો. ૮, પ્રથમ પારા ગંધકની કજલી કરી, પછી બીજી વસ્તુઓ ખાંડી વસ્ત્ર ગાળ કરી કજલીમાં મેળવી ગુલાબજળમાં એક દીવસ ઘુટી ગોળી વાળવા જેવું થાય એટલે રતી પુરની ગોળી વાળી સુકવીને રાખી મુકવી આ ગોળી મોટા માણસને એકથી બે પાણી સાથે આપી ગળાવવાથી બે ત્રણ પેટ સાફ આવે છે તેમજ સુક, અજીરણ અને બંધ કુષ્ટમાં સારૂ કામ કરે છે બાળકોને આપવી નહી.

રકત શોધક અદભુત ચમત્કારીક આયુર્વેદીક

સારસા પરીલા.

સારીવા તો. ૧૦, મોથ તો. ૧૦, લોધર તો. ૧૦, વડની વડવાઇ તો. ૧૦, પીપર તો. ૧૦, પડકચુરો તો. ૧૦, અનંતમુળ તો. ૧૦, પદમક તો. ૧૦, વાળો તો. ૧૦, અજમો તો. ૧૦, તેજ બળ તો. ૧૦, ઝીણી એલચી તો. ૧૦, મોટા એલચા તો. ૧૦, કઠ (ઉપલેટ) તો. ૧૦, સોનામકી તો. ૧૦, મોટી હરડે તો. ૧૦, આમળા તો. ૧૦, રતાજલીનો વેર તો. ૧૦, સુખડનો વેર તો. ૧૦, ગુલાબના ફુલ તો. ૧૦, ધાવડીના ફુલ તોલા ૨૫, કાળી દરાખ શેર ૧૦, ગોળ મણ ૦ાા પાણી મણ ૦ાાા ઉપરની બધી વસ્તુનો આશ્રવ બનાવવાની રીતથી આશ્રવ તૈયાર કરવો અને તેને બરણીમાં ભરી જમીનમાં ખાડો ખોદી એક માસ દાટી મુકવો ત્યાર પછી કાઢીને ઝીણાં લુગડાં વડે ગાળીને બાટલીઓમાં ભરી મુકવો આ આશ્રવ સવાર સાંજ તોલા બેથી ત્રણ સુધી પીવાથી બગડેલું લોહી સુધારે શકતી લાવે ખોરાક પચાવે ભુખ લગાડે દસ્ત સાફ લાવે, પ્રમેહ ગરમી, વિસ્ફોટક ચાંદી વીગેરેને મટાડી શરીર કાન્તીવાન બનાવે એટલુંજ નહીં પણ સારસા પરીલાના ગુણ કરતાં સો દરજ્જે વધુ કામ કરે છે.

ગરમીના રોગ માટે ઉકાળો.

ઉશબો તોલા ૪, સીરખેસ તો. ૪, ગાળો તો. ૪, સાથરા તો. ૪, ચોપચીની તો. ૪, વરીયાલી તો ૪, ગાઉજુબાન તો. ૪, નીલોફર તો. ૪, ઉન્નાબ દાણા તો. ૪, કાળી દરાખ તો. ૪, ગુલાબના ફુલ તો. ૧, હરડાં તો. ૧, બેડાં તો. ૧, આમલાં તો. ૧. બધી વસ્તુ ચોખ્ખી નવી લાવી સાફ કરી ખોખરી કરવી પછી દરરોજ સાંજે રૂપીઆ ત્રણ ભાર છ ઘણા પાણીમાં પલાળી સવારે અગની ઉપર ઉકાળી પાસેર પાણી રહે ત્યારે ઉતારી તેમાં સારો જુનો ગુલકંદ તોલો ૧ નાંખીને પીવાથી વિસ્ફોટક, ગરમી ચાંદા લોહી વિકાર લોહીનો બીગાડ, ચામડીના દરદો વિગેરેને મટાડી સરીરને કાન્તીવાન બનાવે છે.

અંજન વર્તી ગુટીકા.

સંખનાભી તો ૧, મનસીલ તો. ૧, સીધવ તો. ૧, બેડાની મીંચ તો. ૧, મરી તો. ०॥, બરાશ તો. ०॥ એ સઘલી વસ્તુને તલાવના પાણીથી ઘુટીને ગોળી વાળી સુકવી પાણીમાં ઘસીને આંજવાથી રતાંધલાપણું, તીમીર, વાખદ અને નવાં પડેલાં ફુલાંને મટાડી આંખને સ્વછ રાખે છે.

આંખને ઠંડક આપી ગરમી દુર કરનાર

મોતીનો ઠંડો સુરમો.

કાળો સુરમો તો. ૧, નીરમળીના બી તો. ०।, બરાશ તો. ०।, ફુલાવેલી ફટકી તો. ०।, મમીરી તો. ०॥, ધોળા મરી તો. ०।, સમુદ્ર ફીણ તો. ०।, ખરા મોતી વગર વીંધેલાં તો. ૧, પ્રથમ મોતીને ખાંડી વસ્ત્રગાળ કરી ગુલાબજળમાં બે દીવસ ખલ કરવો ત્યાર પછી ઉપરની બીજી વસ્તુઓ ખાંડી ચાળીને બધાને ભેગુ ખલવું જ્યારે ગુલાબજળની હવા નીકળી જય આંખમાં આંજવા જેવું બારીક થાય ત્યારે શીશીમા

ભરી લેવું અને શીસાની સળીથી આંખમાં દીવસમાં બે વાર આંજવુ જેથી ફુલાં, ઝાંપ, ગરમી, પડળ, ઝામર વીગેરે આંખના તમામ રોગ દુર કરી લાંબો વખત આંજવાથી આવેલાંચસમાં ઉતરી જાય છે.

કમળ મધુ.

કમળના ફુલ નંગ ૫૦ સારાં તાજા લઇને તેને પાણી શેર પાંચમાં બાફી થંડુ પડે ત્યારે ચોળી નાંખી કપડેથી પાણી ગાળી લેવું તે પાણીમાં બાવળની તાજી પાલી શેર એક નાંખી બાફી ચાળીને પાણી ગાળી લેવું, પછી તે પાણીમાં ચોખ્ખુ મધ તોલા દશ સીંધવ તો ૧, અને બરાશ તો. ૧, નાંખીને ચુલે મુકવું સઘળું પાણી બળી જઇ માત્ર એખલુ મધ રહે ત્યારે સારા સ્વચ્છ કપડાંથી ગાળી શીશીમાં ભરી લેવું આ મધ શળીએ વતી આંખમાં આંજવાથી આંખના તમામ રોગને દુર કરી મોતીઆનું ઉતરતુ પાણી અટકાવે છે ટુંકમાં આ મધ લોટસહની નામની દવા કરતાં ગુણમાં વધી જાય છે.

પ્રમેહ અને ગરમીનો ઉપાય.

રૂમી મસ્તગી તોલો ૧, એલચી તો. ૧, ફુલાવેલી ફટકી તો. ૧, રેવંચીની ખટાઇ તો. ૧, પાખાણભેદ તો. ૧, ચનીકબાલા તો. ૧, જેઠીમધ તો. ૧, ફુલાવેલો સુરોખાર તો. ૧, ફુલાવેલો નવસાર તો. ૧, સોનાગેરૂ તો. ૧, ઉપરની વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી ચુર્ણ તૈયાર કરવું અને એ ચુર્ણ દીવસમાં ત્રણ વખત ચચાર વાલ ગોખરૂ અને શાકરના પાણી સાથે આપવાથી પ્રમેહની ગરમી તુરત શાન્ત થાય છે.

બીજો ઉપાય–બહુફલી, ગુલાબના ફુલ, ગાવજુબાન, ઉન્નાબદાણા, ગોખરૂ ગળો, ત્રીફળા, મજીઠ, દારૂહળદ, સુખડના છોડા, એ વસ્તુઓ અકેક તોલો લઇ તેના ચાર ભાગ કરવા, દરેક બાગ રાત્રે પાણી શેર

ાામાં પલાળી સવારે ચોળીને ગાળી લઇ તેમાં શાકર તોલા બે નાંખી ત્રણભાગ કરી દીવસમાં ત્રણવાર પીવાથી પ્રમેહ ગરમી વીગેરે શાંન્ત થઇ જાય છે.

ત્રીજો ઉપાય-વાંશ કપુર, શાકર, ફુલવેલી ફટકી, રૂમી મસ્તગી, ગળાસત્વ, એલચી, ચીનીકબાલા, ત્રીફળા, વંગભસ્મ, એ બધી વસ્તુઓ સરખે ભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી તેમાં સુખડનું તેલ મુકી વળતું નાંખવું પછી કાળી દરાખ ઠળીઆ કાઢીને ઝીણી વાટવી અને તેમાં ઉપરની વસ્તુનો ભુકો થોડો થોડો નાંખીને ખલવું જ્યારે ગોળી વળે એવું થાય ત્યારે ગોળી ચણાપુરની વાળી ધાપણના ભુકામાં રગદોળીને બાટલીમાં ભરી મૂકવી અને પરમીઆવાળાને દીવસમાં ત્રણ વખત ગોળી ૧-થી-૨ દુધ સાથે, અથવા શાકરના પાણી સાથે અથવા ગોખરૂ અને વરીઆળીના ઉકાળા સાથે આપવી જેથી સઘળી જાતના પ્રમેહ અને ગરમીના રોગો સારા થાય છે. પરંતુ આ ગોળી આપતાં પ્હેલાં દરદીને હીંમી જુલાબ આપવો પછી આ ગોળી ચાલુ કરવી, પરેજીમાં ગરમ વસ્તુ ખાવી નહી.

પ્રદર અને લોહીવાનો ઉપાય.

ફુલાવેલી ફટકી તો. ાા, જંગલી ખજુતરની હગાર તો. ૨, ધાપણની ભસ્મ તો. ૧, જાંબુના ઠળીઆ તો. ૧, આશોપાલવની છાલ તો. ૨. રસવંતી તોલા ૨, મોથ તો. ૧, જેઠીમધ તો. ૧, લોહ ભસ્મ તોલો ૧. ઉપરની બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરી તેમાં લોહ ભસ્મ નાંખી સારી પેઠે ખલ કરી ચુર્ણ તૈયાર કરવું આ ચુર્ણ દીવસમાં ત્રણ વખત વાલ બેથી ચાર સુધી તાંદલજાની ભાજીના મુળ અને જાસુસના સીંદુરીઆ રંગના ફુલ એ બન્નેને સાથે વાટી રસ કાઢી તેમાં સાકર તોલો ૦ા નાંખી તેની સાથે ઉપરનું ચુર્ણ ખવાડવાથી શ્વેત

પ્રદર, રકત પ્રદર અને સ્ત્રીઓને થતી ગરમીમાં તાત્કાળીક ફાયદો કરે છે પરંતુ જેટલા દીવસ દવા ખાવી તેટલા દીવસ દૂધને ભાત કે રોટલીને દૂધ ખાવું. જેથી જલદી ફાયદો થાય છે.

બીજો ઉપાય–જે માટીના કોડીઆમાં છ માસ સુધી એરંડીયા તેલનો દીવો દરરોજ થયો હોય એવું એરંડીયુ પીધેલું એક માટીનુ કોડીયું લઇ તેને અંગારાના તાપમાં લાલચોળ બનાવવું પછી અંગારામાંથી બાહાર કાઢી તેમાં એરંડીયું નાંખીને થંડુ પાડવું. જ્યારે થંડુ પડી જાય ત્યારે તેને વાટીને વસ્ત્રગાળ ચુર્ણ કરવું અને તેમાં ચુર્ણથી અડધી સાકેર નાખવી પછી તે ચુર્ણ તોલો ૦ા થી ૦ાા દીવસમાં ત્રણ વખત ગાયના પાસેર દુધ સાથે ખાવાથી સઘળી જાતનાં પ્રદર રોગ જડમુળમાંથી દુર થાય છે.

ત્રીજો ઉપાય–ઉદરની લીંડી તોલા પાંચ સારી નવી અને ચોખ્ખી લઇ તેને બારીક વાટી તેમાં ગોળી વળે એટલો ગોળ નાખી ઘુટીને ગોળી ચણીબોર જેવટી વાળવી અને ધાપણુમાં રગદોળી શીશીમાં ભરી મુકવી જે સ્ત્રીને, રાતો, ધોળો કે પીલો પ્રદર થયો હોય તેને સવાર સાંજ ગોળી એક ગાયના દુધ સાથે ખવાડવી જેથી પ્રદર બે ત્રણ દીવસમા સારો થવા માંડે છે પરંતુ જો પેટ ડફ જેવું દેખાય તો થોડા દીવસ ગોળી બંધ કરવી કારણ ઉંદરની લીંડીમાં પેટ ચડાવવાનો ગુણ છે. પરંતુ પ્રદરમાં ઘણુ સારૂ કામ કરે છે.

સઘળી જાતના તાવ માટે મલ્લ યોગ.

કાચી ફટકડી તોલા છ લઇ તેને બારીક વાટવી. પછી એક મોટાં સકોરામાં અડધી ફટકડી પાથરી તેના ઉપર સંખીઓ શુધ્ધ કરેલો તોલા એકનો ગાંગડો મૂકી તેના ઉપર બીજી અડધી ફટકડી મુકી સોમલના ગાંગડાને ઢાંકી દેવો પછી સંપુટને કપડમીટ કરી તે સુકાયા

પછી પંદર વીસ છાણાના અગ્નીમાં મુકી પકવી લેવું અને જ્યારે સ્વાંગ શીતળ થાય ત્યારે સંપુટમાંથી કાઢી ફટકી અને સોમલ બન્નેને ભેગાં વાટી એક શીશીમાં ભરી મુકવું આ દવા અડધી રતી સાકર સાથે આપવાથી સઘળી જાતના તાવો, જેવા કે એકાંતરો. ચોથીઓ, રોજનો વીગેરે સઘળા તાવો આ દવાથી જાય છે.

તેમજ આ દવા રતી ૧-થી ૦॥ આદુનો રસ, મધ, અને પીપર સાથે દીવસમાં બે વાર ખાવાથી દમ, શ્વાસ અને અમુઝણ મટે છે આ દવા ખાસ હમારા દવાખાનામાં હંમેશાં વપરાય છે અને તાત્કાળીક ફાયદો કરનારી છે.

સઘળી જાતના વાયુ સરદી અને હીસ્ટીરીઆ માટે ગોળી.

કેળનું પાણી શેર પાંચ લઇ તેમાં સોમલ સંખીઓ તોલા દોઢના સોપારી જેવડા કટકા કરી પોટલી બાંધી તે પોટલીને ડોળાયંત્રની માફક કેળના પાણીમાં લટકાવી ચુલે ચડાવી કેળનો અડધો રસ બળે ત્યારપછી ઉતારી ઠંડુ પડે ત્યારે પોટલીમાંથી સોમલના ગાંગડા કાઢી તેની બરાબર હીંગલોક તથા પીપર તો. ૧॥ લઇ બધાને ખલમાં નાંખી સારી પેઠે ઘુટી પછી તેમાં આદુનો રસ શેર એક નાખીને ઘુટવું એ પ્રમાણે બધો મળીને આદુનો રસ દશ શેર પાવો પછી જ્યારે ગોળી વળવા જેવું થાય ત્યારે તેની બાજરીના દાણા જેવડી ગોળી વાળવી આ ગોળી દીવસમાં બેથી ત્રણ વખત અકેકી પાણી સાથે અથવા બીજા યોગ્ય અનુપાન સાથે આપવાથી વાયુ સરદી હીસ્ટીરીઆ, જીર્ણજવર, અશકતી, મંદાગ્ની વીગેરેમાં સારૂ કામ કરે છે.

વિસ્ફોટક અને ફીરંગ રોગ માટે ગોળી.

લીબોડીની બીચ તોલા બે બાવળનો ગુંદર તોલા બે અને ગેરૂ તોલા બે, એ ત્રણે વસ્તુને બાવળની પાલીના ઉકાળામાં ઘુટી ગોળી વટાણા

પુરની વાળવી અને દીવસમાં ત્રણ વખત એકથી બે ગોળી પાણી સાથે ખવાડવી જેથી ત્રણચાર દીવસમાં ફીરંગ રોગ મટે છે. આજ ગોળી જુના ફીરંગ રોગમાં લાંબો વખત લેવાથી જુનો રોગ પણ મટે છે.

ઉપદંશ અને ચાંદી માટે ગોળી.

મુલતાની માટી તોલા દશ અને પાપડીઓ રસકપુર તોલો એક એ બન્ને વસ્તુને ખલમાં નાંખી સારી રીતે ઘુટીને એકત્ર કરવું પછી તેમાં ગુલાબજળ ગોળી વાળવા જેટલું નાંખીને રતીપુરની ગોળીઓ વાળવી, અને દરરોજ સવાર સાંજ ગોળી એક ઘી–સાકર સાથે ખવાડવી જેથી ફાયદો થઇ જશે. આ ગોળીથી મો આવતું નથી. તેમજ કોઇ જાતની પરેજી પાળવી પડતી નથી. માત્ર ગરમ ખોરાક ખાવો નહી તેમજ જેટલા દીવસ આ ગોળી ખાવી તેટલા દીવસ મીઠું બીલકુલ ખાવું નહી. આ રસકપુર મદ્રાશથી આવે છે અને હમારે ત્યાં બાર આને તોલો મળે છે, માટે જરૂર હોય તો મંગાવવો.

ઉપદંશ અને ગરમી માટે ગોળી.

શુદ્ધ રસકપુર તોલા ૪, દાડેમના ફુલ તો. ૧, હીંગળોહરડે તો. ૮, બોદાર તો. ૧, જાયફળ તો. ૧, એલચી તો. ૧, લવેંગ તો ૧, મરી તો. ૧ પ્રથમ રસકપુરને ખલીને તૈયાર કરવો પછી બીજી બધી વસ્તુને ખાંડીને વસ્ત્રગાળ કરવી પછી એક લોઢાના જાડા તગારામાં બધુ નાંખી તેમાં લીંબુનો રસ બધી વસ્તુ બુડે એટલો નાંખવો ત્યારબાદ એક લીમડાના સોટામાં ઘુટવાની જગ્યાએ ત્રાંબાનો બેવડીઓ પૈસો ત્રાંબાની ખીલી વડે બેસાડવો. અને તેનાથી ઘુટવું ઘુટવાનું શરૂ કરતી વખતે કોડીઓ નંગ ૪ નાંખી નાંખવી. અને તેને બચાવીને ઘુટવું અને તડકે મુકવું લીંબુનો રસ સુકાઇ જાય એટલે બીજો ઉમેરતાં

જવું, અને ઘુટતાં જવું તેમ તડકે મુકતા જવું જ્યારે અંદર નાખેલી કોડીઓ એની મેળે અંદર ભાંગી જાય ત્યારે બધાની સાથે ઘુટી નાંખવી. એટલે દવા તૈયાર થઇ પછી એક કાંસાની થાળીમાં ઘી ચોપડી તેમાં બધુ કાઢીને ગોળીઓ ચણીબોર જેવડી વાળવી અને સવાર સાંજ ઘી સાથે ગળાવવી.ખાસ પરેજીમાં તાંદળજાની ભાજી બીલકુલ ખાવી નહી. પરંતુ તેલ મરચાં, હીંગ, વાલ, વટાણા, બાજીવાં પુરી વીગેરે ખવાડવું જેથી ટાંકી, ચાંદી, વીરફોટક અને બીજી તમામ જાતનાં ગરમીના દરદોમાં આપવાથી ચમત્કારીક ફાયદો કરે છે માત્ર તાંદળજાની ભાજી ખાવી નહી.

સારંગ ગાંઠનો ઉપાય.

એળીઓ તોલા બે, ગુગળ તોલા બે, બોળ તોલા બે, હીંગડો તોલા બે, કાચકાની મીંચ તોલા બે, નવસાર તોલા બે, સીંધવ તોલા બે. હીંગ તોલા બે સઘળી વસ્તુને બારીક વાટી એકરસ કરી કુંવારના રસમાં ઘુટી ગોળો ચણાપુરની કરવી આ ગોળી સવાર સાંજ બબે પાણી સાથે ખાવાથી સારંગ ગાંઠ, પેટનો દુઃખાવો, વાયુ અને પેટના આફરાને મટાડે છે.

મગજ શુદ્ધી ઘૃત.

અગર, એલચી, ઉંપલેટ, ચીનીકબાલા, તજ, ઘોડાવજ, તાલીશપત્ર એ સાત વસ્તુ બબે તોલા લઇ ખોખરૂ કરી પાણી શેર ચારમાં નાંખી તેમાં ગાયનું ઘી તોલા અઠાવીસ નાંખી એક દીવસ પાણીમાં બધાને પલાળીને પછી બીજે દીવસે ચુલે ચડાવી ઉકાળવું જ્યારે પાણી અડધુ બળી જાય ત્યારે કપડેથી ગાળી થંડુ પડવા દેવું. એટલે પાણીના ઉપર ઘી ઠરી જશે તે ઘી લઇ લેવું પછી ઘીના વજનથી અડધુ સફેત મીણ નાંખી ઘી અને મીણને એકરસ કરવું પછી નીચે ઉતારી તેમાં ઇરમીટના ફુલ તોલો એક વાટીને નાંખવા અને સારી પેઠે હલાવીને

એકરસ કરવું એટલે તે મલમ જેવું થઇ જશે તેને કાચના વાસણમાં ભરી લેવું અને મગજની ગરમી-માથાનો દુખાવો, સરદી સળેખમ વીગેરે રોગોમાં દીવસમાં બેત્રણ વખત કપાળ ઉપર ઘસવું જેથી તાત્કાળીક ફાયદો થશે એટલુંજ નહીં પણ શરીરના કોઇપણ ભાગમાં કળતર કે દુખાવો થતો હોય તેના ઉપર માલીશ કરવાથી તાત્કાળીક ફાયદો કરે છે.

સઘળી જાતના વાયુ અને દુખાવા માટે
વિધ્યુત પ્રવાહ તેલ.

સરસીયુ તેલ તોલો ૧, અળશીનું તેલ તોલો ૧, કરંજનું તેલ તોલો ૧, માલકાંકણીનું તેલ તોલો ૧. ટરપીટન તોલા ૨, જાયફળનું તેલ તોલા ૨, નારંગીનું તેલ તોલા ૨, તજનું તેલ તોલા ૨, એલચીનું તેલ તોલા ૨, રોશાનું તેલ તોલા ૨, લીનીમેન્ટ કેંફર તોલા ૨॥, લીનીમેન્ટ કલોરોફોર્મ તોલા ૨॥, લીની મેન્ટ બેલાડોનાઃ તોલા ૨॥, લીનીમેન્ટ એકોનાઇટ તોલા ૨॥, ઉપરના બધા તેલો એક બાટલીમાં ભેગાં કરવા પછી કપુર તોલો ૧॥, ધરમીટના ફુલ તોલો ૧॥. અજમાના ફુલ તોલો ૧॥ એ ત્રણ વસ્તુને એક શીશીમાં ભરી તડકે મુકવુ એટલે ત્રણે વસ્તુ પીગળીને એક રસ થઇ જસે તેને ઉપલાં તેલમાં મેળવી બધાને હલાવીને એક રસ કરવું એટલે વિધ્યુત પ્રવાહ તેલ તૈયાર થસે આ તેલ સંધી વાયુ કમરનો દુખાવો હાથ પગનું રહી જવું વાંસાની ફાટ લખનો સરદી વાયુ વીગેરે રોગો ઉપર મસળવાથી તાત્કાળીક અસર કરે છે એટલુંજ નહી પણ આંકડી ધનુરવા વીગેરે રોગોમાં શરીરના ખેંચ તાણમાં પણ આ તેલ મસળવાથી વીજલીની માફક ફાયદો કરે છે પરંતુ એટલી વાત લક્ષમાં રાખવી કે આ તેલ આંખે લાગે નહી તેમજ તેલ ઘસીને સાબુથી હાથ ધોવા કારણ તેલ ઝેરી છે.

મલ સુંદર ગુટીકા.

જાવંત્રી તો. ૧, વાસકપુર તો. ૧, એલચી દાણા તો. ૧, શુદ્ધ કરેલો સોમલ તો. ૧, એ ચાર વસ્તુને પાશેર ગુલાબજળમાં ગોળી વાળવા જેવું થાય ત્યાં સુધી ઘુટવું, અને પછી બાજરીના દાણા જેવડી ગોળીઓ વાળવી અને સવાર સાંજ એકેકી ગોળી પાણી સાથે ખવાડવાથી ખાંસી કફ શ્વાસ અમુઝણ સરદી વાયુ મંદતા તાવ વીગેરે મટે છે. પરેજીમાં ગોળ બીલકુલ ખાવો નહી તેમજ તેલ મરચાં ઓછાં ખાવાં.

કામ દીપન રસ.

રસસીંદુર તો. ૩, હરાબંધ તો. ૧॥, ભાંગ તો. ૧॥ જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, અફીણ તો. ૧, કેશર તો. ૧, લવંગ તો. ૧, એલચી તો. ૧, વીદારી કંદ તો. ૧, ખુરાસાની અજમો તો. ૧, અકલગરો તો. ૧, ઉપલેટ તો. ૧, સોનાના વરખ તો. ૦।, કસ્તુરી તો. ૦।, બરાસ તો. ૧, માલકાંગણી તો. ૨.

પ્રથમ રસ સીંદુરને કોરો બે દીવસ ખલવો પછી બીજી વસ્તુનું વસ્ત્રગાળ ચુર્ણ કરી થોડુ થોડુ નાંખીને એક દીવસ ઘુટવું પછી પાકાં ચેવલી પાનનો રસ તોલા દશ નાખીને ઘુટવું, અને ગોળી વટાણા-પુરની વાળીને ઉપર રૂપાના વરખ ચડાવવા આ ગોળી સવાર સાંજ એકેકી દુધ સાથે ખાવાથી શકતી, પુષ્ટી, બળ, બુદ્ધી, વીર્ય વીગેરેને વધારી નપુંશકપણાને દુર કરી ખરી મરદાઇ આપે છે તેમજ સઘલી જાતના વાયુ, સરદી, અતીસાર, સંગ્રહણી વીગેરે રોગોમાં પણ યોગ્ય અનુપાન સાથે આપવાથી સારો ફાયદો કરે છે **બનાવતાં પહેલાં ગુણની ખાત્રી કરવી હોય તો હમારે ત્યાંથી ચાર રૂપીએ તોલો મળસે. માટે મંગાવીને ખાત્રી કરવી.**

સ્વાસ અને અમુઝણુ મારે ગોળી.

લવેંગ તોલો ૧, ધોળા મરી તોલો ૧, અને હીંગલોક તોલો ૧, એ ત્રણે વસ્તુને કાચના પ્યાલામાં આંકડાનું દુધ તોલા ૭ નાખી તેમાં બે દીવસ પલાળી મુકવું પછી આંકડાનું દુધ અને ઉપરની ત્રણે વસ્તુઓ ખલમાં નાખી સારી પેઠે ઘુટી તેની ગોળીઓ વટાણા પુરની વાળી તડકે સુકવી શીશીમાં ભરી મુકવી અને અમુઝણુ અને શ્વાસવાળાને સવાર સાંજ ગોળી એક ઘીમાં લપેટીને ગળાવવવી અને પરેજીમાં ખટાસ અને તેલ બંધ કરવા જેથી સ્વાસ હાંફ અમુઝણુ સરદી વાયુ ખાંશી કફ વિગેરે મટે છે.

કમ્મરના સાંધાના અને આખા સરીરના
દુખાવા ઉપર તપન પર્પટી.

ભીલામાં ટોપી કાઢેલા શેર ૧ ગુગળ સુદ્ધ કરેલા શેર ०॥ અને ઝેર કચુરા સુદ્ધ કરેલા શેર ૫ા એ ત્રણ વસ્તુને ભેગી ખાંડી લોચો બનાવી તેને પાતાળી યંત્રમાં મુકી ચુવો કાડવો અને જે ચુવો પાતળો હોય તો ધીમાં તાપથી ગોળ જેવો પાક કરી લેવો પછી તેને કલઈ વાળી થાળીમા પાથરી સુકાવા દેવો સુકાશે એટલે પોપડીઓ થસે તેને શીશીમાં ભરી લેવી આ તપન પર્પટી દીવસમાં બેથી ત્રણ વખત વાલ એક ઘી સાથે ખવાડવાથી સઘલી જાતના વાયુ સરદી દુખાવા કળતર વીગેરેને મટાડી શરીરમાં શકતી લાવે છે.

ઉચેથી પડવું વાગવુ અને પછાડાનો ઉપાય.

પહેલે દીવસે ભીલામા નંગ ૨ લઇ તેની ટોપી કાઢી નાખી કટકા કરી ઘી તોલા ત્રણમાં નાંખીને બળે ત્યાં સુધી તળવા પછી તેને ઘીમાંથી કાઢી નાખી તેમાં ઘઉંનો લોટ તોલા ત્રણ નાંખીને સાંતળવો અને

ગોલનું પાણી નાંખી શીરો કરીને ખાવો આવી રીતે દરરોજ એકેક ભીલામો વધારતા જઇ સાતમે દીવસે આઠ ભીલામાં ઘીમાં તળવા અને સાતે દીવસ ગોળનો શીરો ફકત સવારે એકવાર ખાવો જેથી પછાડ વાગવું, પડીજવું વીગેરેને લીધે થતો શરીરનો દુખાવો વીગેરેને બંધ કરી ચમત્કારીક રીતે કામ કરે છે આ પ્રમાણે સાત દીવસ ભીલામા ખાવાથી પાછળથી કેટલાકને શરીરે અળાઈ જેવી ગરમી કરે છે, તેના ઉપર કોપરાંનું તેલ ચોળવાથી મટી જાય છે. માટે કોઇ વાતની શંકા રાખવી નહી.

સંચલાદી-ગુટીકા.

સંચળ ખાર-તોલા ૧૫, પીપર તોલા ૬, મરી તો. ૬, ફુલાવેલો ટંકણ તો. ૧, શાહજીરૂ તોલા ૫, જીરૂ તોલા ૫, જવખાર તો. ૫, ચીત્રક તો. ૧. એકલગરો તો. ૬, સાંભરલુણ તો. ૧. ઉપરની તમામ વસ્તુને ખાંડી વસ્ત્રગાળ ચુરણ કરવું પછી લીંબુનો રસ શેર બે કાઢી તેમાં નાંખી ચુલે ચડાવી રસબળે ત્યાં સુધી પકવવું. પછી ખલમાં નાંખી સારી પેઠે ઘુટી ગોળી વટાણા પુરનીવાળી તડકે મુકી સુકવીને શીશીમાં ભરી લેવી આ ગોળી દીવસમાં ત્રણ વખત એકથી બે સુધી પાણી સાથે ખાવાથી સૂળ-ચુંક-અગ્નીની મંદતા અપચો. કોલેરા અરૂચી અપાન વાયુ વીગેરેમાં ઘણું સારૂ કામ કરે છે.

ક્ષય-કાસ-શ્વાસ વિગેરે ઉપર.

હીંગુળનો પ્રયોગ.

સારો રૂમી હીંગલોક તોલા પાંચના પાંચ કટકા લેવા અને તેને એક લોઢાની મજબુત તાવી ઉપર મુકવા પછી લવેંગ તોલા દશને ખાંડીને હીંગલોકની ફરતી પાળ કરવી. પછી તે તાવીને ચુલે ચડાવી

નીચે મધ્યમ અગ્ની રાખી કાંદાનો રશ શેર-દશ કાઢી તે રસ ઝીણી ધારથી તાની ઉપર હીંગલોકના ઉપર પડે એવી રીતે જળાધારી જેવા વાશણમાં ભરી લટકાવવો અને તેની નીચે અગ્ની આપવાનો ચાલુ રાખવો ઉપરનો દશ શેર રસ ખલાસ થાય એટલે બીજો દશ શેર રસ કાઢીને પાવો. એ પ્રમાણે એકંદર એક મણ રસ કાંદાનો પાવો જ્યારે બધો રશ પુરો થાય ત્યારે ચુલા ઉપર તાવીને બીલકુલ થંડી થવા દેવી પછી તેમાંથી હીંગલોકના ગાંગડા કાઢી લઇ ચોખ્ખે પાણીએ ધોઇને ખલમાં નાખીને ત્રણ દીવસ ઘુંટવા પછી તે હીંગલોકને એક કાચની શીશીમાં ભરી લેવો અને બે ચોખા પુરથી માંડીને એક રતી સુધી નીચેના રોગોમાં-મધ, પીપર, ઘી, શાકર, મલાઇ, મધ, વિગેરે રોગ પરત્વે અનુપાન સાથે દીવસમાં બે વખત આપવાથી શ્વાસ, અમુઝણ, ખાંશી, ક્ષય, કાસ, અશકતી. મંદતા વીર્યદોશ વાયુ, સરદી મુર્છા આંકડી, તાણ, હીષ્ટીરીઆ, ધનુરવા, નપુંષકતા વિગેરે રોગોમાં ઉપર લખેલાં અનુપાનમાં અથવા બીજા યોગ્ય અનુપાન સાથે આપવાથી તાત્કાળીક ફાયદો કરે છે. પરેજીમાં ખટાસ અને તેલ બંધ કરવું અને પુષ્ટીમાં ઘી દુધ પચે તે પ્રમાણમાં ખાવું ઉપર પ્રમાણે હીંગલોકની આજુબાજુ જે લવંગની પાળ કરેલી હોય અને તેમાં કાંદાના રસનું સત્વ તાવી ઉપર ઝામેલું હોય તે યુકતીપૂર્વક લઇને તેમાં પીપર તોલા ૫. ધોળા મરી તોલા ૫, જાયફળ તો. ૨ જાવંત્રી તો, ૨ અને હીંગલોક તોલા ૫, એ બધાને એક ખલમાં ભેગું ઘુટી તેના વટાણાપુરની ગોળી વાળીને છાયે સુકવવી. જો ગોળી વળાતા મ્હેનત પડે તો તેમાં થોડો કાંદાનો રસ નાખીને ઘુટવું. એટલે ગોળી વળશે. એ ગોળી ૧-થી-૨ સવાર સાંજ દુધ સાથે ખાવાથી શકતી-પુષ્ટી અને બળ વધે છે તેમજ આદુનો રસ અને મધ સાથે ખાવાથી તમામ જાતના વાયુ દુર થાય

છે, તેમજ સવાર સાંજ એકેકી ગોળી પાણી સાથે ખાવાથી અગ્નીની મંદતા ખોરાકનું નહીં પચવું સૂળ–ચુંક–આફરો અને અતીસારના ઝાડા સારા થાય છે. ટુંકમાં આ ગોળી અનુપાન ફેરથી ઘણા રોગમાં તાત્કાળીક અશર કરે છે.

વાગેલા પર પછાડપર અને વાયુના રોગ માટે

મુંબઈ

આ વસ્તુ મુળ આફ્રીકા તરફથી આવતી હતી અને તેને માટે લોકો જુદા જુદા અનુમાનો કરતાં હતા પરંતુ એક આફ્રીકામાં રહેતા અને ત્યાંનાઘણા વર્ષના અનુભવી કે જેઓ આફ્રીકાથી મુંબઈ મોકલતા હતા તેઓને ઘણીવાર વિનંતી કરવાથી તેઓએ મુંબઇ બનાવવાનો વીધી લખી મોકલ્યો અને તે પ્રમાણે અત્રે ઘણીવાર બનાવીને વાપરવાથી ખાત્રી થઇ કે જે ગુણ ત્યાંથી આવતીમુંબઇ કરે છે તેજ ગુણ આ મુંબઇ કરે છે, માટે તેની બનાવટ નીચે આપવામાં આવી છે.

રાળ તોલા ૧૦, ભીલામાં તોલા ૪૦, ઝેરકચુરા તોલા ૧૦, ગુગળ તોલા ૨૦, પીપર તોલા ૨, લવીંગ તોલા ૨, સુંઠ તોલા ૨, મરી તોલા ૨, ઘોડા આશન તોલા ૨, હીંગલોક તોલા ૨, તલનું તેલ તોલા દશ ઉપરની સઘળી વસ્તુ ખાંડીને એક ઘડામાં ભરી પાતાળી યંત્રે ચુવો કાઢવો પછી તેને કડાઇમાં ભરી ચુલે ચડાવી ધીમા તાપે પકાવીને ગોળ જેવું કરવું પછી તે ઠરીને ગાંગડા બંધાશે એટલે મુંબઇ તૈયાર થઇ આ મુંબઈ તેલમાં મેળવીને દીલે ઘસવી જેથી પછાડ અને વાગેલા મૂઢમારની પીડા મટી જસે તેમજ એજ દવા બબે રતી ખાંડ સાથે અથવા ઘી સાથે ખવાડવાથી શરીરનો દુખાવો લોહીનું બંધાઇ જવું સરદી વાયુ ચસકા સાંધાનો દુખાવો કમ્મરની ફાટ વીગેરે ઉપર

તાત્કાળીક અશર કરે છે આ વસ્તુ સુરતના કેટલાક વોરા ગ્રહસ્તો ધર્માદા આપે છે. અને ઘણીજ પ્રસીદ્ધ અને ઉપયોગી વસ્તુ છે.

સઘળા રોગમાં તાત્કાળીક ગુણ કરનાર આયુર્વેદની માહાન માત્રા.

મૃત પ્રાણદાઇ અગસ્તી સુત્રાજ.

હીરાકણીની ભસ્મ, તો. ૦।, પોખરાજની ભસ્મ તો. ૦।, માણેકની ભસ્મ તો. ૦।, પન્નાની ભસ્મ તો. ૦।, મોતીની ભસ્મ તો. ૦।, પ્રવાળ ભસ્મ તો. ૦।, ચાંદીની ભસ્મ તો. ૦। હજારપુટી અબરખ ભસ્મ તો. ૦।, સુવર્ણ માક્ષીક ભસ્મ તો. ૦।, શીશાની ભસ્મ તો. ૦।, લોહભસ્મ તો. ૦।, વંગભસ્મ તો. ૦।. તામ્રભસ્મ તો. ૦।, હડતાળ ભસ્મ તો. ૦।, સોમલ ભસ્મ તો. ૦।, સોનાના વરખ તો. ૧, પારો તો. ૧, ગંધક તો. ૧, મનશીલ તો. ૧, હીંગલોક તો. ૧, સુવર્ણ ચંદ્રોદય તો. ૧, રસસીંદુર તો. ૧, શુદ્ધ વછનાગ તો. ૧, શુદ્ધ ધંતુરાના બી તો. ૧, ધોળાં મરી તો. ૧, પીપર તો. ૧, સુંઠ તો. ૧, અકલગરો તો. ૧, લવંગ તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, કેશર તો. ૧, કસ્તુરી તો. ૧, અમ્બર તો. ૧.

પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં બધી જાતની ભસ્મો મેળવી સારી રીતે ઘુટવું પછી ચંદ્રોદય, રસસીંદુર વીગેરે વસ્તુઓ જુદી ઘુંટી એકત્રીત કરવું પછી ખાંડવા જેવી વસ્તુ ખાંડીને વસ્ત્રગાળ કરી બધાંની ભેગું નાખીને બે દીવસ કોરૂ ખલવું પછી વરખ મેળવીને એકત્રીત કરવું પછી અરણીના રસના પુટ અગીઆર આપવા. અને ત્યારબાદ આદુના તથા નાગરવેલના પાકા પાનના રશના સાત સાત પટ આપવા પછી ત્રીકટુ તોલા ૧૦, વછનાગ તો. ૨, ધંતુરાના બી તોલા ૨, ત્રણ વસ્તુનો સોળઘણા પાણીમાં ઉકાળો કરી તેના પટ સાત આપવા,

ત્રીકટુ આદી વસ્તુઓ દરેક વખતે નવી ઉકાળવી અને પટ આપવા છેવટ કેશર–કસ્તુરી અને અમ્બરને પાનના રસમાં ઘુટી બધાંની સાથે મેળવી એક દીવસ ઘુટવું ત્યારબાદ ગોળી વાળવા જેવું થયુ હોય તો તેની પાવલી પાવલી ભારની અથવા તેથી મોટી નાની જે પ્રમાણે કરવી હોય તે પ્રમાણે સોકઠીઓ કરીને સુકવવી અને બાટલીમાં ભરી મુકવી આ માહાન માત્રા રતી એકથી બે સુધી મધમાં, આદુના રસમાં કે નાગરવેલના પાનના રશમાં ઘર્સીને આપવી જેથી તમામ જાતની મુર્છા આંકડી, ધનુરવા, હીષ્ટીરીઆ, સરદી, વાયુ, કફ, ખાંશી, શ્વાસ, દમ, ક્ષય, અમુઝણુ વિગેરે સેંકડો જાતના રોગો આ માત્રાથી તાત્કાળીક મટે છે એટલુંજ નહીં પણુ મરણુ પથારીએ બેભાન અવસ્થામાં પડેલા માણુશને આ માત્રા યોગ્ય અનુપાન સાથે આપવાથી તુરત ચૈતન્ય પ્રાપ્ત થઇ વાતચીત કરે છે. ટુંકમાં આ માત્રા વૈદરાજો પાસે હોય તો તેને યશ અને કીર્તી પ્રાપ્ત થાય છે. તેમજ સદગ્રહસ્તો પણુ આ માત્રા પોતાના ઘરમાં રાખશે તો વંશપરંપરાની એક અમુલ્ય વસ્તુ ઘણી વખત કામ લાગી કોઇ વખત જાન બચાવશે આ માત્રા જેમ જેમ જુની થાય છે તેમ તેમ વધુ ગુણુ કરે છે. માટે વૈદ્યોએ અને ગ્રહસ્થોએ જરૂર આ માત્રાની એક સોગઠી પોતાના ઘરમાં રાખવી આ માત્રાની સોગઠીઓ હમારા દવાખાનામાં તૈયાર છે. ઇચ્છા હોય તેણે હમારી પાસે મંગાવવી કીમ્મત એક પાવલી ભારની સોગઠીના રૂપીઆ સાત પડશે.

રત્ન માલતી ગુટીકા.

તરમરી તો. ૦ા, મોતી તો. ૦ા, પન્ના તો. ૦ા, માણેક તો. ૦ા, પ્રવાળા તો. ૦ા, એ પાંચ વસ્તુને ગુલાબજળ શેર ૨ા માં ઘુંટીને તૈયાર કરવી પછી તેમાં સોનાના વરખ તો. ૦ા, ચાંદીના વરખ

તો. ૦ાા, ખાપરીઆની ખાપ તો. રાા, હીંગલોક તો. રાા, સુવર્ણ માક્ષીક ભસ્મ તો. ૦ાા, અભ્રક ભસ્મ સંપુટી તો. ૦ાા, બંગ ભસ્મ તો. ૧, નાગ ભસ્મ તો. ૧, લોહભસ્મ તો. ૧, વછનાગ તો. ૧, પીપર તો. ૧, લવંગ તો. ૧, મરી તો. ૧, જાયફલ તો. ૧, બરાશ તો. ૧, એ બધી વસ્તુ ઉપર લખેલી વસ્તુમાં મેળવી સારી રીતે ઘુંટી પછી તેને નીચે લખેલી વસ્તુઓની બકેક ભાવના આપવી. સેરડીનો રસ, ગાયનું દુધ, કેળનું પાણી, શીમળાની છાલનો ઉકાળો, જેઠીમધનો ઉકાળો, સુખડનો ઉકાળો અને છેવટનો ગોખરૂનો ઉકાળો એ બધી વસ્તુની ભાવના આપી ગોળી રતીપુરની વાળવી અને જીર્ણજ્વર, ક્ષય, શ્વાસ, કાસ, દમ, ખાંશી, અશક્તી, ધાતુશ્રાવ ગરમી, પીત, વીગેરેમાં સારૂ કામ કરે છે.

મદન વિલાસ લેપ.

સફેત કણેરના મુળની છાલ માલકાંગણીના બી બીર બઓટી ધંતુરાના બી ખુરાશાની અજમો અફીણ વછનાગ જાયફળ જાવંત્રી એ સઘલી વસ્તુ સમાન ભાગે લઇ વસ્ત્રગાળ કરી ખાંખણમાં મેળવી લેપ તૈયાર કરવો આ લેપ ઇંદ્રી ઉપર માલીશ કરવાથી ઇદ્રીની નસોમાં તાકાદ આવે છે તેમજ હાથ રસ કરવાથી આવેલી નામરદાઇ અને નપુંસક પણું દુર થાય છે પ્રથમ આ લેપનું માલીશ કરી પછી પાકા ચોતલી પાન ઉપર ચોપડી ઇંદ્રી ઉપર રાતે બાંધીને સુઇ જવું માલીશ કરતી વખતે આગળનો ભાગ બચાવીને માલીશ કરવું.

બીજો ઉપાય

ભાંગના બીનું તેલ અફીણ કમળનો કંદ ધંતુરાના બી વછનાગ માલ કાંગણીનું તેલ એ બધુ સરખે ભાગે લઇ ભેંશના માખણમ

અથવા તલના તેલમાં ચોવીસ કલાક સુધી ખલ કરવો અને પછી શીશીમાં ભરી લેવું આ લેપનું માલીશ કરવાથી ઇંદ્રીમાં આવેલી સુસ્તી નામરદાઈ નપુષકપણું સરદી વીગેર મટી જઇ પુરૂશાતન પ્રાપ્ત થાય છે.

સઘળા રોગમાં ફાયદો કરનાર
જીવન.

પ્રથમ ત્રીફલા શેર ૨ા ના ઉકાળમાં સારા લીલાં તાજા મોટા આમલાં શેર પાંચ બાફી લેવા પછી તે આમલાને મજબુત ખાદીના કપડામાં નાંખી છણીને માવો કાડવો તે માવાને ગાયનું ઘી શેર ૦ા નાંખી સાંતલવો ત્યાર બાદ ખડી શાકર શેર ત્રણની ચાશણી કરી તેમાં આમળાનો માવો નાંખી પાક સીદ્ધ કરવો પછી ચુલેથી નીચે ઉતારતી વખતે નીચેની વસ્તુએ કપડછાણુ કરીને મેળવવી. તજ તો. ૧, પીપર તો. ૧, એલચી તો. ૧, પીપરીમુળ તો. ૧, સુઠ તો. ૧, કેશર તો. ૧, લવેંગ તો ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, તમાલપત્ર તો. ૧, ધોળાં મરી તો. ૧, વાંસ કપુર તો. ૧, સતાવરી તો. ૨, ગોખરૂ તો. ૨, સીલાજીત તોલા ૪, એ પંદર વસ્તુ આમલાના માવામાં મેળવી તેમાં ચોખ્ખુ મધ શેર ૧ા નાંખીને બધાને એક રસ કરી ઘીના ચીકા વાશણમાં અથવા કાચની બરણીમાં ભરી મુકવું અને દરરોજ સવાર સાંજ તોલા ૦ા થી ૧ સુધી ખાવું જેથી ખોટી ગરમી અશકતી મંદતા, વિર્યદોશ પ્રમેહ, પ્રદર-સ્ત્રીઓની નબલાઇ, પુરૂશોનો ધાતુપાત, મુત્રકચ્છ વીગેરે ઘણાં રોગમાં આ જીવન ફાયદો કરે છે.

ચતુરબંગ ભસ્મ વિધિ.

કલાઇ શેર ૦ા, સીસું શેર ૦ા જસત શેર ૦ા, લેવા અને એ ત્રણેને જુદા જુદા ગાળી નાંખવા પછી તે દરેકને એકવીશ વખત ગૌમુત્રમાં બુઝાવવા ત્યાર પછી છાશમાં એકવીશ વખત બુઝાવવા અને

છેવટે તલના તેલમાં એકવીશ વખત બુઝાવવા એટલું યાદ રાખવું કે એ ત્રણે વસ્તુઓ ગૌમૂત્ર અને છાશમાં બુઝાવવામાં આવે છે ત્યારે ઉડે છે માટે ધંટીનું પડ મુકીને બુઝાવવા તલના તેલમાં ઉડતા નથી. એ ક્રિયાઓ વડે ત્રણે ધાતુ શુદ્ધ થાય છે આવી રીતે શુદ્ધ થવાથી તેમાંથી ઘણો ભાગ બળી જાય છે એટલે દશ તોલા શીશામાંથી બે કે ત્રણ તોલા શીશું બાકી રહે છે. કલાઇ ચાર પાંચ તોલા રહે છે જસત પાંચ છ તોલા રહે છે. બાદ એ ત્રણે વસ્તુઓ સરખે વજને લેવી અને એક લોખંડના કડછામાં ભેગા ગાળી નાંખવી અને તેમાં જેટલી કલાઇ હોય તેટલો પારો મેળવવો એટલે એ ચારે ધાતુઓની ચાકી બની જશે.

એ પછી એક લોખંડની મોટી સાફ કઢાઇમાં તે ચગતું મુકવું અને નીચે ખૂબ આકરો તાપ કરવો પછી જ્યારે રસ થાય ત્યારે તેમાં કુંવારના કટકા નાંખવા અને મ્હોટા તવેથાથી હલાવ્યા કરવું કડાઇમાનો રસ ઢંકાઇ જાય એટલો કુંવાર તેમાં નાંખી જેમ જેમ કુંવાર બળતી જાય તેમ તેમ તેમાં નવા કુંવારના કટકા નાંખતા જવું કુંવાર ખૂબ છુટથી વાપરવી લીલી કુંવારને બળતાં બહુ વાર લાગે છે માટે તાપ આકરો રાખવો એ ક્રિયા વડે કાળી રાખોડી જેવી ભસ્મ થઇ જશે તેને લુગડે ચાળી લેવી અને તેમાં કુંવારનો રસ નાંખી પાતળા ચપટા પેંડા વાળી લેવા અને તેને સુકવવા ત્યાર બાદ એક માટીનું વાસણ લઇ તેમાં કુંવારનો ગર્ભ અરધો ભરવો અને તે ઉપર એ પેંડા મુકવા અને તે ઉપર પાછો કુંવારનો ગર્ભનો થર કરવો અને માટીના વાસણને કપડમાટી કરી લેવું સુકાવા દઇ ગજપુટ ભઠ્ઠીમાં મુકવું સ્વાંગ શીતળ થયે બીજે દિવશે તેમાંથી તે વાસણ કાઢી લેવું એટલે "ચતુર બંગ ભસ્મ" તૈયાર થશે તેનો રંગ પીળો હળદર જેવો હોય છે અને

આંચ વધારે લાગે તો સફેદ રંગની ભસ્મ પણ બને છે પીળો અથવા સફેદ રંગ ન થયો હોય તો સમજવું કે ભસ્મ કાચી રહેલી છે જો એમ જણાય તો ફરીથી કુંવારના રસમાં તેના પેંડા વાળી ઉપર મુજબ બીજી વખત ગજપુટની ભઠ્ઠી આપવી એટલે પાકી જશે "ચતુર બંગ ભસ્મ" બનાવવાની વૈદક શાસ્ત્રમાં બીજી ઘણી વિધિઓ છે પણ આ ફકીરી નુસ્ખો છે અને એક બહુ મ્હોટા મહાત્મા તરફથી પ્રસાદીરૂપે મલેલો છે એટલે એમાં ખાશ ખુબી છે એ ભસ્મ બાળકોને બૈરાંઓને તથા બહુ નાજુક પ્રકૃતિ વાળા માણસોને પણ આપી શકાય છે તેની ઉપર કાંઇ ખાસ આકરી પરેજી રાખવાની પણ બહુ જરૂર નથી એવી એ ભસ્મ નિર્દોષ છે અને એટલી બધી શુધ્ધ થઇ ગયેલી છે કે તેથી કાંઇ અવગુણ થતો નથી જુદા જુદા રોગોમાં જુદા જુદા અનુપાનો સાથે વાસ્તી વીના આપી શકાય છે.

ભિલામાનો આશવ.

ભિલામા શેર ૧૦, ગોળ મણ ૦॥।, પાણી મણ ૩, બાવળની છાલ શેર ૭, મરી શેર ૦।, સુંઠ શેર ૦।, બહેડા શેર ૦।, અફીણ તો. ૫.

બનાવવાની રીતઃ—પ્રથમ ભિલામાને ત્રણ દિવસ પાણીમાં પલાળવા પછી ચોથે દિવસે તેમાં બાવળની છાલ નાંખવી. પાંચમે દિવસે તેમાં ગોળ નાંખવો એ પછી છઠે દિવસે તેમાં ઉપર કહેલો બધો મસાલો નાંખવો તથા મધ શેર ૦॥ નાંખવું. એ પછી ચુલે ચઢાવવું અને તૈયાર થાય ત્યારે તેમાં વજ ટાંક ૫, લવેંગ ટાંક ૫, જાવંત્રી ટાંક ૫, તજ ટાંક ૧૦, કેશર તોલો ૧, કસ્તુરી તોલો ૧ તથા ગુલાબનું અત્તર તોલા ૧, મેળવવું અને પાકું થોડીવાર પકાવી લેવું.

એ દવા સવારે તથા સાંજે તોલો ૧ પીવાથી ગાંડા માણસો સારા થાય છે. આંખના રોગ મટે છે. માથાના રોગો મટે છે. કોઢ

મટે છે અંડવૃદ્ધિ મટે છે ખાજ મટે છે જલંદર, સંગ્રહણી, હરસ, મટે છે સુનઅલેરાપણું મટે છે અને નપુંશકપણું મટે છે. આ ઉપાય ખાશ અજમાવેલો છે.

સાકરીઆ પ્રમેહની દવા—(મધૂપ્રમેહ)

પારો ટાંક ૧૦ લેવો તેને હળદરના ભુકામાં ખરલ કરી શુદ્ધ બનાવવો પછી સીંધવ ટાંક ૨૦, ફટકી ટાંક ૨૦, હીરાકશી ટાંક ૨૦ લેવી એ ત્રણને ઝીણા વાટી લીંબુના રસમાં ખરલ કરવું. પછી તેની લુગદી કરી તેની કુલડી જેવો ઘાટ બનાવવો અને ને કુલડીમાં પારો મુકવો અને ઉપર કુલડીનું મોઢું બંધ કરી દેવું અથવા અરધો લુગદો લઇ તેમાં ખાડો બનાવી તેમાં પારો મુકી બીજો અરધો લુગદો ઉપર મુકી પારો બંધ કરી લેવો. પછી ડમરૂ યંત્રમાં તેને મુકી યત્રથી ધુમાડો ન નીકળે એવી રીતે અડદના લોટથી બરાબર બંધ કરવું. એવી રીતે મજબુત કર્યા પછી સુખાવા દઇ બીજે દિવસે ચુલે ચઢાવવું તેની નીચે બોરડીના લાકડાની અગ્નિ દેવી અને ચાર પહોર સુધી અગ્નિ આપી ત્યાર બાદ ઠંડુ પડવા દેવું જ્યારે ઠંડુ પડી રહે ત્યારે બીજે દિવસે સવારમાં આસ્તેથી મોઢું ઉખેડી ડમરૂના ઉપરના વાસણમાંથી મરેલા પારાનો ભુકો લુંછી લેવો તેમાંથી પારાનો ભુકો વાલ ચાર, લવેંગ વાલ ૨, જાવંત્રી વાલ ૧, જાયફળ વાલ ૧, તેને વાટી વડના દુધમાં ખરલ કરી જુવાર જેવડી ગોળી વાળવી એ ગોળી ૧ નાગર વેલના પાનમાં ખાવી ઉપર ઘઉં ઘી ખાવા મોળું જમવું દિવસ સાત સુધી ગોળી ખાવી અને ચઉદ દિવસ સુધી મોળું જમવું એ પછી બે મહિના સુધી ગરમ વસ્તુ ખાવી નહી તેથી વીસ વરસનો સાકરીયો પ્રમેહ હોય તે પણ મટી જાય છે નામર્દી મટે છે કામને વધારે છે અને અનેક રોગ મટાડે છે અનુભવ સિદ્ધ છે.

અહૃત સુવર્ણ માલતી વસંત–જસત ભસ્મ તો. ૨, ધોળા મરી તો. ૨, સોનાના વરખ તો. ૧, મોતી વગર વીંધેલા ઉંચા તો. ૧, શુદ્ધ હીંગલોક તો. ૪, પીપર જીણી તો. ૨, ખાપરીઆની ખાપ શુદ્ધ તો. ૪, ગળોત્સવ તો. ૨, અભ્રક ભસ્મ તો. ૧, કસ્તુરી તો. ૦ાા, અમ્બર તો. ૦ાા.

ઉપરની વસ્તુમાંથી ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી હીંગલોકને બે દીવસ કારો ખલી તેમાં ખાંડેલી વસ્તુ મેળવવી પછી મોતીને જુદાં ખલી સારો પીષ્ટ થાય ત્યારે તેમાં ભસ્મો નાંખી બે દીવસ ધુટીને તેમાં હીંગલોક સાથે ધુટેલી વસ્તુઓ નાંખી એક દીવસ ખલ કરવો પછી સોનાના વરખ બધાની સાથે મેળવી એક રસ થાય ત્યારે ગાયનું માખણ તોલા દશ નાખીને બે દીવસ ખલ કરવો પછી કાગદી લીંબુનો રસ નાંખીને જ્યાં સુધી માખણની ચીકાસ દેખાય ત્યાંસુધી ખલવું જ્યારે ચીકાશ દૂર થાય ત્યારે કસ્તુરી તથા અમ્બર નાંખી તે બરાબર મળે ત્યાંસુધી ખલ કરી પછી તેની ગોળી રતી રતીપુરની વાળવી અને છાયામાં સુકવી સારી કાચના બુચવાળી શીશીમાં ભરી રાખવી.

આ ગોળી રોગનું બળ જોઇ સવાર સાંજ એકથી બે સુધી મધ પીપરના અનુપાન સાથે ખવાડવાથી ક્ષયનો તાવ. જીર્ણ જ્વર, હસ્તીગત જ્વર, વિશમ જ્વર વીગેરે જાતના તાવોને જડમુળમાંથી કાઢી નાખે છે તેમજ ક્ષય, ખાંસી, વીર્ય વિકાર, છાતી અને ફેફસાંનો બીગાડ, છાતીએથી લોહીનું પડવું, છાતીમાં પડેલી ચાંદી, શરીરની અશક્તી વીગેરે ક્ષય રોગમાં થનારા તમામ વિકારને રોકી જીર્ણ જ્વરનો નાશ કરી શરીરમાં નવું લોહી અને ચેતન પેદા કરે છે. એટલુંજ નહીં પણ ક્ષયની પહેલી સ્થીતીમાં જો આ ગોળી આપવામાં આવે તો તાત્કાળીક અસર કરી

ક્ષયના રોગીને સારો કરે છે. આ ગોળી હમે ઘણાં વર્ષ થયાં હમારા દવાખાનામાં વાપરીએ છીએ અને તે ઘણું સારૂં કામ કરે છે માટે જો વૈદરાજો પોતે બનાવીને વાપરશે તો જરૂર દરદીઓ સારા કરી યશ કીર્તિ અને ધનનો લાભ મેળવશે જેઓ નહી બનાવી શકે અથવા બનાવતાં પહેલાં એના ગુણની ખાત્રી કરવી હોય તો હમારે ત્યાંથી તૈયાર ગોળીઓ બાર રૂપીએ તોલાના ભાવથી આપીશું માટે જે વૈદરાજને ઇચ્છા હોય તેણે હમારે ત્યાંથી મંગાવીને વાપરવી.

જવર હરી–અતીવીસની કળી તો. ૧૦, ફુલાવેલી ફટકી તો. ૧, નવસાગર શંધેલો તો. ૧, ગળોસત્વ તો. ૧, કાળા મરી તો. ૧, કડુ તો. ૧, શુદ્ધ હીંગલોક તો. ૨ાા.

પ્રથમ અતીવીષની કળી સારી નવી લાવીને તેને ધાણી સેકવાની રેતીમાં બદામી રંગ થાય તેવી સેકવી પણ બળી નહીં જાય ને તપાસવું. પછી તેને ખાંડી વસ્ત્રગાળ ચુર્ણ કરી તેમાં ફટકી વીગેરે વસ્તુઓ સારી વસ્ત્રગાળ કરીને મેળવી બધુ સાથે મેળવી એક દીવસ ખલવું પછી હીંગલોકને એક દીવસ જુદો ખલ કરી તેમાં બધુ ઘુંટી શીશીમાં ભરી લેવું. આ ચુર્ણ સઘળી જાતના તાવમાં, તાવ ઉતારવાનું તથા અટકાવવાનું બન્ને કામ કરે છે. આ ચુર્ણ મોટા માણસને વાલ ૧થી ૨ સુધી પીત્તના તાવમાં માખણ ને સાકર સાથે, વાયુના તાવમાં આદુનો રસ અને મધ સાથે તથા કફના તાવમાં અરડુશાનો રસ અને મધ સાથે આપવાથી સારૂ કામ કરે છે. સાધારણ તાવમાં એકલા મધ સાથે અથવા પાણી સાથે પણ આપી શકાય છે આ શીવાય અનુપાન વૈદરાજો પોતાની બુદ્ધિ અને રોગનો વિચાર કરી પોતાની નજર પ્રમાણે આપશે તો પણ દવા પોતાનો ગુણ કરશે જ્યાં અનુપાનની યોગ્ય સગવડ નહીં મળે

ત્યાં આ દવા પાણી સાથે પણ આપી શકાય છે. આ દવા સહેલી સસ્તી અને કડાકુટ વગરની છે માટે આશા છે કે વૈદરાજો બનાવીને પોતાના દવાખાનામાં વાપરશે તો તમામ જાતના તાવોમાં વીજળીની માફક અસર કરશે એવો હમારો ખાસ અનુભવ છે. આ દવા હમારે ત્યાં હંમેશા તૈયાર હોય છે માટે વૈદરાજોને બનાવવાની સગવડ નહીં હોય તો હમારે ત્યાંથી તૈયાર મંગાવીને વાપરી જોવી આ દવા હમે દશ આને તોલો આપીશું.

ગંગા **ગુટીકા**:-બીલીનો ગર્ભ તો ૧; રાઈ તો. ૧, કાથો તો. ૧, દાડેમના છોડા તો. ૧, કાળુ જીરૂ તો. ૧, આંબાની ગોટલી તો. ૧, જાંબુના ઠળીઆ તો. ૧, મોચરસ તો. ૧; જાયફળ તો. ૧, જાવત્રી તો. ૧, લવેંગ તો. ૧, અતીવીશ તો. ૧, ભાંગ તો ૨, બરાશ તો. ૧, રસ સીંદુર તો ૧, પંચામૃત પર્પટી તો. ૧, અફીણ તો. ૧.

ઉપરની વસ્તુ પૈકી બીલીના ગર્ભથી તે ભાંગ સુધીની વસ્તુઓ સારી ચોખ્ખી નવી લાવી તેને ખાંડી વસ્ત્રગાળ કરી એક દીવસ સારી રીતે ઘુંટીને તૈયાર કરવી પછી રસ સીંદુરને કોરો બે દીવસ ખલ કરવો અને તેમાં પંચામૃત પર્પટી ઘુટતાં ઘુટતાં મેળવી દેવી પછી તેમાં ઉપલું ચુરણ થોડું થોડું નાંખીને મેળવતા દેવું ત્યાર બાદ બરાસને સઘળાની ભેગાં મેળવીને એકત્ર કરવું. ત્યારબાદ અફીણને વાટીને ગરમ પાણીમાં નાંખી એકરસ કરી તેનો કુસંબો કરી કપડેથી ગાળી લેવો તે કુસંબો ઉપલા ચુરણમાં નાંખીને ગોળી વાળવા જેવું થાય ત્યાં સુધી ખલીને પછી ચણાપુરની ગોળીઓ વાળી સુકવી બાટલીમા ભરી લેવી. એ ગોળી મોટા માણસને દીવસમાં બેથી ત્રણવાર અફેકી કડા· છાળ, સુંઠ અને સાકરના ઉકાળા સાથે આપવી અને દરદીને મોળી છાસ

ઉપર રાખવો જેથી સંગ્રહણી, અતીસાર, મરડો, આમ, જળસ, આગા, અતીસાર કોલેરાના ઝાડા, બાદીના ઝાડા, વીગેરે ઝાડાના તમામ રોગ ઉપર ઘણું સારૂ કામ કરે છે. અનુપાન દરદીની હકીગત પ્રમાણે વૈદરાજોએ યોગ્ય લાગે તે પ્રમાણે આપવું તેમજ ખોરાક પણ પોતાની બુદ્ધી અને રોગનું જોર જોઇને તે પ્રમાણે આપવો પરંતુ છાસ આપવાથી સારો ફાયદો થાય છે માટે વૈદોએ યોગ્ય વ્યવસ્થા કરવી. આ ગોળી ત્રણ રૂપીએ તોલો આપીશું.

બાળ-ગુટીકા—કેશર તો. ૧, લોહભસ્મ શતપુટી તો. ૧, શુદ્ધ સીલાજીત તો ૨, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, વાવડીંગ તો. ૧, સુવા તો. ૧, અતીવીશની કળી તો. ૧, પીપરીમુળ તો. ૧, વાંસકપુર તો. ૧, ભાંગ સુદ્ધ કરેલી તો. ૨, મોટી હરડે તો. ૧, એળીઆ તો. ૧, નીસોતર તો. ૧, પીપર તો ૧, વરખ તો. ૧, એલચી શેકેલી તો. ૧,

પ્રથમ ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરવી પછી તેમાં કેશર પાનના રસમાં ઘુંટીને મેળવવું અને ત્યાર બાદ લોહ ભસ્મ મેળવી સીલાજીતને દુધમાં ઓગાળી મેળવી દેવું પછી રૂપાના વરખ નાખીને ખુબ ખલ કરી વરખ મેળવી દેવા ત્યાર પછી અરડુસાના પાત્રાનો રસ કાઢી તેમાં ઘુંટવું. અને પછી નાગરવેલના પાકા પાનના રસમાં ઘુંટી છાયામાં સુકવી ચુર્ણ બનાવવું જ્યારે ચુર્ણમા હવા બીલકુલ રહે નહીં ત્યારે મધ ચોખ્ખું સારૂ નાંખીને ગોળી વળાય તેવું કરવું પછી તેની મગપુરની ગોળી વાળી પકવેલા ધાપણના ભુકામાં રગદોળી બાટલીમાં ભરી લેવી. આ ગોળી બાળકોને થતા તમામ રોગો દુર કરી તાવ, ખાંસી, સરદી, વરાધ, વાદલી, સસણી, સુકતાન, રેચાશણ વીગેરે રોગોને દુર કરી બાળકોને હંમેશા આરોગ્ય રાખે છે

એટલુંજ નહીં પણ બાળકોને રૂષ્ટ-પુષ્ટ બનાવી આણંદમાં રાખે છે. દરરોજ સવાર-સાંજ ગોળી ૧ થી ૨ બાળકની ઉમ્મરના પ્રમાણમાં ધાવણ સાથે કે દુધ સાથે આપવી આશા છે કે વૈદરાજો આ ગોળી બનાવીને પોતાના દવાખાનામાં વાપરી બાળકોનો આશીરવાદ મેળવશે હમારે ત્યાં આ ગોળી બાળકને એક માસ ચાલે તેટલી ગોળીને ફકત રૂપીઓ એક લઇને આપીશું ખાત્રી કરવી હોય તો મંગાવીને વાપરી જુઓ.

કામકળા ચુર્ણ.-સાલમ તો. ોા, સતાવરી તો. ોા, ધોળી-મુશલી તો. ોા, ગોખરૂ તો. ોા, એખરો તો. ોા, આશન તો. ોા, સમુદ્રશોશના બી તો. ોા, કવચાં તો ોા, ભોયકોળુ તો. ોા, ચોપચીની તો. ોા, બહમનલાલ તો. ોા, બહમનસુફેત તો. ોા, તોદરી સફેત તો. ોા, તોદરી લાલ તો. ોા, ગાજરના બી તો. ોા, શળગમના બી તો. ોા, કુલીંજન તો. ોા જાયફળ તો. ોા, જાવંત્રી તો. ોા, તજ તો. ોા, તમાલપત્ર તો. ોા, એલચી તો. ોા, સુંઠ તો. ોા, મરી તો. ોા, પીપર તો. ોા, અકલગરો તો. ોા, ભાંગ તોલા ૪, ચાંદીના વરખ તોલો ૧, કેશર તો ૧, પ્રવાળ ભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧ વંગભસ્મ તો. ૧, રસ સીંદુર તો. ૧ કસ્તુરી તો. ો.

ઉપરની વસ્તુમાંથી પ્રથમ ભાંગને સુદ્ધ કરી સુકવી પછી ખાંડવા જેવી બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં રૂપાના વરખ મેળવવા પછી રસસીંદુર તથા ભસ્મોને સારી રીતે ખલ કરી તેમાં થોડું થોડું ચુરણ નાખીને એકત્ર કરવું અને છેવટ કસ્તુરી મેળવી સારી કાચના બુચવાળી બાટલીમાં ભરી લેવુ અને દરરોજ સવારે દુધ સાકર સાથે

આનાની ભારથી પાવલી ભાર સુધી ખાવું જેથી ધાતુ સંબંધી સઘલા વિકારોને દુર કરી કોઇ પણ પ્રકારે થનો ધાતુપાત અટકાવી શરીરમાં શક્તી અને પુષ્ટી આપી ધાતુની વૃદ્ધી કરે છે એટલુંજ નહીં પણ આ ચુરણ એના નામ પ્રમાણે કામકળાની વૃદ્ધી કરી સંસાર સુખમાં પુરૂશોને આણંદ આપે છે તેમજ આ ચુર્ણ મધ સાથે ખાવાથી વાયુ શરદી અગનીની મંદતા કમ્મર અને હાથ પગનો દુખાવો મટાડે છે માટે આશા છે કે આ ચુર્ણ બનાવીને વૈદરાજો પોતાના દવાખાનામાં વાપરશે તો જરૂર જેને એક વખત ખવાડશો તે બીજી વાર માગણી કરશે કારણ આ ચુર્ણ હમે હમારા દવાખાનામાં લગભગ વીસ વરશ થયાં વાપરીએ છઇએ.

જેઓને તૈયાર જોઇતું હોય તેણે હમારી પાસેથી મંગાવીને વાપરી જોવું વૈદરાજોને એક રૂપીઆનું એક તોલો આપીશું માટે જોઇએ તો મંગાવીને વાપરી જોવું.

જીવનપ્રભા ગુટીકા.–વાળો તોલા ૨, કાથો તો. ૧ સુઠ તો. ૧ હીંગ વગર સેકેલી તો. ૧ મોચરસ તો. ૧ બીલીનો મગજ તો. ૧ મગુસ્તાનનો ગર તો ૧, ભાંગ શેકેલી તો. ૧ અફીણ તો. ૧, પ્રથમ અફીણ વગરની બધી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી પછી અફીણનો કુશંબો બનાવી તેમાં ઉપરની વસ્તુઓને સારી રીતે ઘુટી મેળી વળવા જેવું થાય ત્યારે વટાણાપુરની ગોળી વાળી સુકવી બાટલીમાં ભરી લેવી આ ગોળી દીવસમાં ત્રણ વાર એકેકી અથવા બબે પાણી સાથે આપવી અથવા રોગનું જોર જોઇ દીવસમાં છ વખત દર બબે કલાકે એકેકી આપવાથી ઝાડા સંબંધી તમામ રોગોને તાતકાળીક દુર કરી ઘણાં વખતના જડ ઘાલી બેઠેલા દરદોને જરા

લાંબો વખત વાપરવાથી સારાં કરે છે. ટુંકમાં આ ગોળી ઉગ્ર રોગોમાં વીજળીની ઝડપે કામ કરી તવાઇ ગયેલાં શરીરમાં નવું જીવન ઉત્પન્ન કરે છે.

જેઓ નહી બનાવી શકે તેઓને હમે એક રૂપીએ તોલો આપીશું.

સુવર્ણ પર્પટી રસઃ—સુદ્ધ પારો તો. ૮, સુદ્ધ ગંધક તો. ૮ અભ્રક ભસ્મ તો ૧, તાબાની ભસ્મ તો. ૧, લોહ ભસ્મ તો ૧, વંગ ભસ્મ તો. ૧, સોનાના વરખ તોલો ૧.

પ્રથમ પારાગંધકની કજલી કરવી પછી તેમાં ભસ્મો મેળવીને ઘુટવું ત્યાર પછી સોનાના વરખ મેળવીને કજલી તૈયાર કરવી પછી એક લોખંડના વાસણમાં તે કજલી ભરી અગ્ની ઉપર ધીમી આંચથી બધાનો રસ થાય એટલે ગાયના છાણ ઉપર કેળનુ પાત્રુ પાથરી તેના ઉપર રસ નાંખી ઉપર બીજુ કેળનુ પાત્રુ ઢાંકી ઉપર ગાયનું છાણ બધ વાટી પાથરી સારી પેઠે થંડુ પડવા દેવું પછી કેળના પાત્રા ઉપરથી પર્પટી વાલ ૦ll થી ૧ સુધી યોગ્ય અનુપાન સાથે આપવાથી ઘણી જાતના રોગમાં તાત્કાળીક ફાયદો કરે છે. તેમજ સંગ્રહણી અતીસાર અશક્તી, પાન્ડુ રોગ, ખાંશી, કફ, દમ, અમુઝણ, ક્ષય વિગેરે રોગોને પણ જડમુળમાંથી દુર કરે છે. એટલુંજ નહીં પણ જે વૈદરાજ નહી બનાવી શકે તેઓને હમે ચાર રૂપીએ તોલો આપીશું વૈદ શીવાય બીજાને આ દવા આપવામાં આવશે નહી જરૂર હોય તેણે વૈદ મારફત મંગાવવી.

રસાયન વટી-ગળોનુ ધન તોલા ૧૦, સીલાજીત તોલા ૩, ગુલાબનુ જીરૂ તોલા ૨, પારો શુધ્ધ તોલો ૧, ગંધક શુદ્ધ તો. ૧, રસસીંદુર તોલો ૧, મોતીની ભસ્મ તો. ૧, મરી તો. ૧, જાયફળ તો.

૧. લવેંગ તો. ૧, બરાશ તો. ૧, એલચી તો. ૧, ચીનીકબાલા તો. ૧, રૂમીમસ્તગી તો. ૧, રૂપાના વરખ તો. ૧.

પ્રથમ પારા ગંધકની કજલી કરી ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી, રસ સીંદુરને જુદો એક દીવસ ખલ કરી તેમાં ભસ્મ મેળવી કજલી સાથે એકત્ર કરી પછી રૂપાના વરખ સારી રીતે મેળવી શીલાજીતને ગુલાબજળમાં ઘુટી તેનાં બધી વસ્તુ નાંખી એક દીવસ ગુલાબજળમાં ખલ કરી છેવટે ગળોના ઘન સાથે એકત્રીત કરી ગોળી વળાવા જેવું થાય ત્યાં સુધી ઘુટી પછી ચણાપુરની ગોળી વાળી છાંયે સુકવી બાટલીમાં ભરી લેવી. આ ગોળી સવાર બપોરને સાંઝ એકેકી અથવા રોગના બળ પ્રમાણે બબે ગોળી દુધ સાથે ખાવાથી વીસ પ્રકારના પ્રમેહ છાતીની નબળાઇ મગજની ગરમી મગજની નબળાઇ જીર્ણ જ્વર અશક્તી ખાંશી, છાતીમાંથી પડતું લોહી પીત્ત અમ્લ પીત્ત, ગરમી, વીસ્ફોટક, વીગેરે ગરમીના પીત્તના અશક્તીના અને ઘણા વખતના જુના અને જડ ઘાલી બેઠેલા તાવો હૃદયની નબળાઇ હાર્ટડીઝીઝ, જેવા ભયંકર રોગોને ઘણી ઝડપથી સારા કરે છે માટે વૈદરાજો બનાવીને વાપરશે એવી આશા છે જેઓને બનાવતા પ્હેલા ખાત્રી કરવી હોય તેને હમે તૈયાર ગોળી ત્રણ રૂપીએ તોલો આપીશું.

પ્રદર રીપુ ગુટીકા—આજ કાલ સ્ત્રીઓને પ્રદરનો રોગ સાધારણ થઇ પડયો છે. સેંકડે પચોતેર સ્ત્રીઓ એ રોગથી પીડાય છે માટે આ ખાસ અનુભવેલો ઉપાય પ્રસીદ્ધીમાં મુકયો છે જે વૈદરાજો બનાવીને પોતાના દવાખાનામાં વાપરશે તો જરૂર સ્ત્રીઓનો આશીરવાદ મેળવશે.

બાવળના ફુલ તો. ૨, સીંદુરીઆ જાસુસના સુકા ફુલ તો. ૨, ફુલાવેલી ફટકી તો. ૨, માજુફળ તો. ૨, જંગલી ખજુરની ડગાર

તોલા ૫, આશોપાલવના ઝાડની અંતરછાલ તો. ૨, મુલતાની માટી તો. ૨, લોહભસ્મ ઉંચી તો. ૨, લજ્જામણીના સુકાં પત્રા તો. ૨, જાંબુના સુકા ઠળીઆ તો. ૨, દારૂ હળદ તો. ૨, રસવંતી તો. ૨, સુવર્ણ માક્ષીક ભસ્મ તો. ૨.

ઉપરની વસ્તુઓમાંથી ભસ્મોને બાદ કરી બીજી બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં ભસ્મો મેળવી છેવટે ગળોનું ઘન ગોળી વળે એટલું નાખી ચીની બોર જેવડી ગોળી વાળી સઘળી જાતના પ્રદરમાં ગોળી ૧ થી ૨ દીવસમાં ત્રણવાર ચોખાનુ ધોવણ તો ૧, તાંદળજાની ભાજીનાં મુળનો રસ તોલો ૧, અને સાકર તોલા અડધા સાથે ખવાડવી જેથી તત્કાળીક ફાયદો થઇ પ્રદરનો રોગ જડમાંથી જશે અનુપાન વૈદરાજોએ રોગનું બળાબળ તથા દેશકાળ જોઇ પોતાની બુદ્ધી પ્રમાણે આપવું.

આ ગોળી બનાવતા પ્હેલાં ગુણની ખાત્રી કરવી હોય અથવા જેઓ બનાવી નહી શકે તેને એક શીશીના રૂપીઆ બે લઇને આપીશું શીશીમાં ગોળી સાઠ આવે છે માટે ઇચ્છા હોય તેણે મંગાવીને ખાત્રી કરવી.

ગર્ભવિલાસ ગુટીકા.–આ ગોળી જે મહાત્માએ હમને બતાવેલી તેણે પ્રસિદ્ધ કરવાની સાફ ના પાડેલી પરંતુ હમારી પાસે ઘણાં વૈદોની એવી માગણી આવી કે તમો આ ગોળીનો સંપુર્ણ નુકસો પ્રસીદ્ધ કરો જેથી હમે તે સંત મહાત્માના પુસ્કળ કાલાવાલા કરી એ ગોળી પ્રસીદ્ધ કરવાની આજ્ઞા મેળવી પ્રસીદ્ધ કરી છે માટે વૈદરાજો બનાવીને વાપરશે તો ઇશ્વર કૃપાથી અને જે સંત મહાત્માએ હમને બતાવેલી છે તેઓના આશીરવાદથી આ ગોળી ઘણું સારૂં કામ કરે છે એવો હમને ખાસ અનુભવ થયો છે માટે વૈદરાજોએ શ્રદ્ધા રાખીને આ ગોળી વાપરવી.

ગોળીની બનાવટ.–ભોંયરીંગણીનાં પંચાગનું ઘન તો. ૫, ગળોનું ઘન તો. ૫, બીજોરાના બી તો. ૫, આશોપાલવની અંતરછાલ તો. ૧, સતાવરી તો. ૧, આશન તો. ૧, શીવલીંગીના નવા બી તો. ૫, જેઠીમધ તો. ૧, ભોંયકોહળું તો. ૧, ગળોસત્વ તો. ૧, મોગારાનું મૂળ તો. ૨, લજામણીનું મૂળ તો. ૨, વરધારાનું મૂળ તો. ૨, એલચી તો ૧, પ્રવાળ પીષ્ટ તો. ૧, સુવર્ણમાક્ષીક ભસ્મ તો. ૧, કમળનું કેશર તો. ૨, ગોપીચંદન તો. ૧, ચાંદીના વરખ તો. ૧, સીલાજીત તો. ૨, ગુગળ સુદ્ધ તો. ૧૦.

પ્રથમ ઘન સીવાયની બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં ભસ્મો મેળવીને પછી વરખ મેળવવા પછી ગુગળને ગાયના દુધમાં ઘુટીને એક રસ કરવો અને તેમાં શીલાજીત મેળવી દેવો પછી બધાને બન્ને જાતના ઘનો સાથે મેળવીને સારી રીતે ઘુટીને ગોળી વળાય એવું કરવું અને ચણી બોર જેવડી ગોળીઓ વાળી સુકવીને બાટલીમાં ભરી મુકવી અને જે સ્ત્રીને સંતતી નહી થતી હોય અથવા બાળક અધુરે માસે અવતરતાં હોય તો દીવસમાં ત્રણ વાર અથવા બે વાર ગાયના દુધ સાથે એકેકી ગોળી સ્ત્રીએ પવીત્ર થઇને ખાવી, અથવા વૈદરાજોએ અનુપાન દેશકાળ રોગ વિગેરેનો બુદ્ધી પુર્વક વિચાર કરીને યોગ્ય લાગે તે પ્રમાણે આપવું જેથી સ્ત્રીઓના ગર્ભસ્થાનના તમામ વિકારોને દુર કરી કોઇ પણ કારણથી સ્ત્રીને પ્રજા નહીં થતી હોય તો થાય છે તેમજ જે સ્ત્રીને અધુરે માસે ગર્ભશ્રાવ થતો હોય, ગર્ભ રહ્યા પછી છોડ થઇ જતું હોય કોઠે રતવા હોવાથી બાળકો મરી જતાં હોય અને જે સ્ત્રીઓના ગર્ભસ્થાન કોઇ પણ કારણથી બગડી ગયાં હોય તે સઘળાંને સુધારી ગર્ભસ્થાનને નીરમળ અને રોગ રહીત

બનાવી, ગર્ભ સ્થીર કરી ગર્ભનું પોશણ કરી સારી રોગ રહીત સંતતી ઉત્પન્ન થાય છે. ટુંકમાં આ ગોળીના સેવનથી ગર્ભ રહી, રહ્યા પછી તેનુ રક્ષણ કરી સ્ત્રીઓને થતા ગર્ભસંબંધી રોગોને દુર કરી ગર્ભ રહ્યા પછી થનો અભાવો, ઉલટી, અરૂચી હાથ પગનું કળતર, વાંસાની ફાટ કમ્મરનો દુઃખાવો, છાતીનું ગભગામણુ, ચકરી, વીગેરે તમામ રોગને દુર કરી સ્ત્રીઓને ખરેખરો આનંદ આપી સંતતીનું સુખ પ્રાપ્ત કરાવે છે માટે જે સ્ત્રીઓ ઉપર પ્રમાણે ગર્ભ સંબંધી અડચણ હોય તેણે જરૂર આ ગોળીનો ઉપયોગ કરવો જે વૈદો નહીં બનાવી શકે તેઓને એક માસની ગોળીના રૂપીઆ પાંચ લઇને હમે આપીશું માટે આશા છે કે વૈદરાજો આ નુકશા પ્રમાણે ગોળીઓ બનાવીને વાપરશે અથવા હમારી પાસે મંગાવીને વાપરશે આ ગોળીનો ભાવ એની બનાવટની કડાકુટ તથા વસ્તુઓ તરફ જોતાં એક માસની ગોળીના પાંચ રૂપીઆ વધારે નથી જેની ખાત્રી જેઓ આ ગોળી એક વાર બનાવી જોશે તેને થયા વગર રહેશે નહીં.

આણંદ મંજરી:-બનાવટ–સુંઠ, મરી, પીપેર, લવેંગ, અક્કલગરો, જાયફળ, જાવંત્રી, ગોખરૂ, એખરો, સમુદ્રશોશના બી, કવચાં, સતાવરી, ધોળી મુશલી, હરડાં બેડાં, આમળાં, ભાંગ, વછનાગ, લોહભસ્મ, પ્રવાલ-ભસ્મ, વંગભસ્મ, રૂપાંના વરખ, હીંગલોક એ સઘળી વસ્તુ સરખે ભાગે લઈ ખાંડી વસ્ત્રગાળ કરી બે દીવસ સુધી ખલ કરવો પછી તેમાં ચોખ્ખું મધ નાંખીને ઘુંટવું જયારે ગોળી વળવા જેવું થાય ત્યારે ચણાંપુરની ગોળી વાળી ઉપર રૂપાંના વરખ ચડાવી તૈયાર કરવી. આ ગોળી સવાર સાંજ દુધ સાથે ખાવાથી શરીરને પુષ્ટ કરી નબલાઇ વિર્યપાત, કમ્મરનો દુઃખાવો બુરી ટેવથી થયેલી શીથીલતા નસોની

કમજોરી હાથ પગનું કળતર વિગેરે રોગને તાતકાળીક અટકાવી ચ્હેરાને ખુબસુરત બનાવી ગયેલી જુવાની પાછી લવી લોહીના પ્રવાહને જાગ્રત બનાવી મગજ અને જ્ઞાનતંતુના નબળાઇને દુર કરી ખરેખરૂં પુરૂષત્વ બક્ષે છે. એટલુંજ નહીં પણ અનુપાન ફેરથી વાયુ, પીત અને કફના ઘણાં વ્યાધીઓને દુર કરે છે. તેમજ બનાવવામાં કોઇ જાતની ભારે ખટપટ કે મેહેનત નથી જેથી આશા છે કે વૈદરાજો બનાવીને એનાં ગુણની ખાત્રી કરશે **જેઓને બનાવવાની અનુકુળતા નહીં હોય તેઓને હમે દોઢ રૂપીએ તોલો આપીશું માટે જેઓને જોઇએ તેણે હમને લખવું.**

સીલાજીતની ગોળી:—સીલાજીત તોલા ૩, રસ સીંદુર તોલા ૨, બંગ ભસ્મ તોલો ૧, લવેંગ તોલો ૧, બરાશ તોલો ૧, ભાંગ તોલા ૨, સોનાના વરખ તોલો ૧, રૂપાના વરખ તોલો ૧, કસ્તુરી તોલો ૧, પથમ રસ સીંદુરને ઝીણો ખલ કરી તેમાં બીજી વસ્તુઓ ખાંડીને મેળવવી પછી તેમાં સોનાના તથા રૂપાનાં વરખ મેળવી એક પટ આદુના રસનો આપવો બીજો પટ ફુદનાના રસનો આપવો ત્રીજો પટ ચેવલી પાકાં પાનનાં રસનો આપવો અને ત્યાર પછી કસ્તુરી મેળવી છેલ્લે તજના ઉકાળાનો પટ આપી ગોળી રતી પુરની વાળવી, અને સવાર સાંજ મધ સાથે એકેકી ગોળી આપવાથી સ્વપ્નવસ્થામાં થનો વિર્યપાત, અશકતી, કમ્મરનો દુખાવો, હાથ પગ અને માથાનો દુખાવો. સઘળી જાતના વાયુ, સરદી, ચીતભ્રમ, તાણ, મુર્છા, સ્ત્રીઓને થતો હીસ્ટીરીઆ, પ્રદર, ગર્ભના વિકારો, વિગેરે રોગોમાં તાતકાલીક ફાયદો કરે છે. તેમજ અનુપાનના ફેરફારથી બીજા પણ સેંકડો રોગો ઉપર તાતકાળીક અને રામબાણ અશર કરે છે.

આ ગોળી હમે પચીસ વર્ષ થયાં હમારા દવાખાનામાં વાપરીએ છીએ માટે વૈદરાજો પણ બનાવીને એનાં ગુણની ખાત્રી કરશે.

જેઓને બનાવવાની સગવડ નહીં હોય તેઓને હમે આ ગોળી સાત રૂપીએ તોલો આપીશું.

મદનકાંન્તા ગુટીકા—શુદ્ધ રસસીંદુર તોલા ચાર, બરાસ તોલા બે, ઉપલેટ તોલા બે, લવંગ તોલો એક, પીપર તોલો એક, અકલગરો તોલો એક, કેશર તોલો એક, તજ તોલો એક, અરીણુ તોલો એક, કૌંચાં તોલો એક, જાયફળ તોલો એક, જાવંત્રી તોલો એક, અગરખરો તોલો એક, શુદ્ધ વછનાગ તોલો એક, ગળોતસત્ત્વ તોલો એક, ધોળી મુસળી તોલો એક, સોનાના વરખ તોલો એક શુદ્ધ સીલાજીત તોલા બે, કસ્તુરી સારી ઉંચી તોલો અડધો, ખરૂ અંબર તોલો અડધો.

પ્રથમ રસસીંદુરને કોરો બે દીવસ ખલવો, પછી બીજી વસ્તુઓ યુક્તીસર નાંખી બે દિવસ ખલવું, પછી એક પટ ધંતુરાના રસનો આપવો બીજો પટ આદુના રસનો અને ત્રીજો પટ નાગરવેલના પાનના રસનો આપી ગોળી રતીપુરની વાળવી અને નીચેના રોગમાં મધ સાથે આપવી અથવા અનુપાન વૈદરાજને યોગ્ય લાગે તે પ્રમાણે આપવું જેથી શક્તી, પુષ્ટી, બળ નબળાઇ, નપુંષકપણું, ક્ષીણતા, જ્વર, મગજની નબળાઇ, સાંધાનો દુખાવો, નસોનું ઢીલાપણું, વાયુ, સરદી, ખાંસી, શ્વાસ, દમ, ક્ષય, અમુઝણ, મુર્છા, આંકડી, ધનુર્વા, હીસ્ટોરીઆ પક્ષાઘાત, સંધીવાયુ, ફેફરૂ, વગેરે રોગોને મટાડી યુવાન માણસોને હસ્ત દોષથી આવેલી નબળાઇ દુર કરી ફરી યુવાવસ્થા બક્ષે છે. તેમજ વૃદ્ધ પુરૂષો આ ગોળીના સેવનથી યુવાન જેવી શક્તી પ્રાપ્ત કરી

શકે છે. એટલુંજ નહીં પણ આ ગોળી વૈદરાજો પોતાની બુદ્ધીપુર્વક ઘણા રોગોમાં યોગ્ય અનુપાનથી વાપરી શકે છે માટે આશા છે કે વૈદરાજો બનાવીને વાપરશે, **જેઓ આ ગોળી નહી બનાવી શકે તેઓને હમે પાંચ રૂપીએ તોલો આપીશું.** હમારો હેતુ વેપાર કરવાનો નથી. પણ વૈદરાજોમાં આ ગોળીનો પ્રચાર કરવાનો છે. માટે જેને ખાત્રી કરવી હોય તેણે હમારી પાસે મંગાવવી.

આરોગ્યરક્ષક ગુટીકા–ગુગળ શુધ્ધ તોલા ૨૫, કડુ તોલા ૨૫, સીલાજીત તોલા ૧૫. મોટી હરડે તોલા ૫, આમળા તોલા ૫. બેડાં તોલા ૫, સુંઠ તોલા ૨, મરી તોલા ૨, પીપર તોલા ૨, ચીત્રો તોલા ૨, નીસોતર તોલા ૨, સંચળ તોલા ૨, સીંધવ તોલા ૨, સુરોખાર તોલા ૨, પારો તોલા ૨, ગંધક તોલા ૨, લોહભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો. ૧, અભ્રકભસ્મ તો. ૧, ગળોસત્વ તોલા ૫, રૂપાંના વરખ તોલા ૨, પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં ભસ્મો મેળવી ખાંડવા જેવી વસ્તુ ખાંડી ભસ્મો સાથે મેળવી પછી ગુગળને ખાંડી બધા સાથે મેળવી દેવો, અને ત્યાર પછી લીમડાનો રસ કાઢી તેમાં સીલાજીત મેળવી એકરસ કરી બધાની સાથે મેળવીને ઘુટવું. પછી એક પટ લીમડાના રસનો તથા બીજો પટ ગળવેળના રસનો આપી ગોળી વાળવા જેવું થાય એટલે ચણાપુરની ગોળીઓ વાળી સુકવીને બાટલીમાં ભરી લેવી. આ ગોળી દીવસમાં ત્રણવાર એકેકી અથવા બબે પાણી સાથે ખાવાથી બરોળ, પ્લીહા, લીવર, કાચબી, પેટનાં આંતરડાંનો સોજો, કલેજાનો સોજો, જુનો તાવ, વાયુ, સરદી, બંધકુષ્ટ, અગનીની મંદતા, બદહજમી પ્રમેહ, પ્રદર, ગરમી વિગેરે રોગોને દુર કરે છે. તેમજ અનુપાન ફેરથી સેંકડો જાતના વ્યાધીઓને નાશ કરે છે, એટલુંજ નહીં પણ આ ગોળી

હંમેશાં રાતે સુતી વખતે નિરોગી માણુસ એકથી બે પાણી સાથે ખાયા કરે તો ભવિષ્યમાં તેને કોઇપણુ જાતનો રોગ થતો નથી. અને હંમેશાં આરોગ્ય જળવાયલું રહે છે. માટે આશા છે કે વૈદરાજો આ ગોળીઓ બનાવીને વાપરશે. **જેઓને બનાવવાની સગવડ નહીં હોય અથવા બનાવી નહીં શકે તેને હમે એક રૂપીએ તોલો આપીશું.**

મદનકામેશ્વર ગુટીકા–રસ સીંદુર તોલા ૨, લોહભસ્મ તોલા ૨, કેશર તોલો ૧, જાયફળ તોલો ૧, લવંગ તોલો ૧, મરી તોલો ૧, પીપર તોલો ૧, ભાંગ તોલો ૨, અફીણ તોલા ૨, બરાશ તોલો ૧, કસ્તુરી તોલો ૧, સુનાના વરખ તોલો ૧.

પ્રથમ રસ સીંદુરને કોરો બે દીવસ વાટી બીજી બધી વસ્તુ મેળવી એક દીવસ કોરૂં ઘુંટવું પછી નાગરવેલના પાકાં પાનનો રસ કાઢી તેમાં ઘુંટવું પાન નંગ ૨૦૦૦નો રસ પાંચ કટકે કાઢી તેમાં બધી વસ્તુઓ ઘુંટવી જ્યારે ગોળી વાળવા જેવું થાય ત્યારે રતીપુરની ગોળી વાળી દરરોજ સવાર સાંજ સારો પુષ્ટીકારક ખોરાક ખાઇ ઉપરથી ગોળી એક મધમાં કાલવીને ચાટવાથી ઘણા વખતનું ગયેલું પુરૂષત્વ આપે છે, શરીર કાંન્તીવાન બનાવે છે. શક્તી અને પુષ્ટીનો તો આ ગોળી રાજા છે. વૃધ્ધોને યુવાન જેવું બળ આપે છે. વિર્યને ઘટ્ટ કરી સ્થંભન કરે છે. તેમજ હાથ પગ કમ્મર વિગેરેના દુખાવાને તાત્કાળીક અટકાવી શરીરમાં બળ બુદ્ધી અને તેજ વધારે છે. એટલુંજ નહીં પણ બીજા યોગ્ય અનુપાન સાથે આપવાથી વાયુ મંદતા અતીસાર, સંગ્રહણી, મરડો, આમવાયુ વિગેરે ઉપર પણ ઘણી સારી અસર કરે છે. માટે આશા છે કે વૈદરાજો આ ગોળી બનાવી પોતાના ઔષધાલયમાં વાપરશે તો જરૂર યશ, કીર્તી અને ધન સંપાદન કરશે.

જે વૈદરાજો આ ગોળી નહીં બનાવી શકે **તેઓને હુમે તોલા એકના પાંચ રૂપીઆના ભાવથી** આપીશું માટે બનાવતા પ્હેલાં ખાત્રી કરવી હોય તો મંગાવીને વાપરી જુઓ.

"પુષ્ટપ્રભા ગુટીકા"–ધોળી મુશળી તોલો એક, કૌંચાં તોલો એક, મદનમસ્ત તોલો એક, બમનલાલ તોલો એક, બાલછડ તોલો એક, એલચી તોલો એક, લવેંગ તોલો એક, ધોળાં મરી તોલો એક, જાયફળ તોલો એક, અગર તોલો એક, શુધ્ધ બરાશ તોલા બે, શુદ્ધ ભાંગ તોલા ચાર. પ્રવાળભસ્મ તોલા બે, સતાવરી તોલો એક, સમુદ્ર શોષના બી તોલો એક, બમન સફેત તોલો એક ષડકચુરો તોલો એક, તમાલપત્ર તોલો એક. પીપર ઝીણી તોલો એક, જાવંત્રી તોલો એક અકલગરો તો. એક, કેશરખરૂં તોલો ૧, શુધ્ધ સીલાજીત તો. બે, જુંઝબેદસ્તર તોલા ત્રણ, લોહભસ્મ તોલા બે, રસસીંદુર તોલા બે ચાંદીના વરખ મોટાં નંગ ૨૦૦) બસો, સોનાનાં વરખ મોટાં નંગ સો, કસ્તુરી માસા ત્રણ ખરૂ અમ્મર માસા ત્રણ, રાતી દરાખ બી વગરની તોલા દશ

પ્રથમ જુંજબેદસ્તર સીવાયની બીજી બધી ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી, પછી રસ સીંદુરને ખલમાં નાંખી બે દીવસ ઘુટવો અને ત્યાર પછી તેમાં ભસ્મોને મેળવી ઘુટવુ પછી ખાંડેલી વસ્તુ થોડી થોડી નાંખીને મેળવવું તે મળી જાય એટલે કેશર અને શીલાજીત મેળવી સોના રૂપાના વરખો તથા કસ્તુરી અને અમ્મર મેળવી દેવાં પછી જુંજબેદસ્તરના ઝીણા કટકા કરી તેમાં મધ નાંખી ઘુટીને એકત્ર કરવું અને તેમાં દરાખને વાટીને મેળવી દેવી. પછી તેમાં બીજી વસ્તુઓ ઘુટીને તૈયાર કરેલી હોય તે થોડી થોડી મેળવીને એકત્ર કરવું અને ઘુંટવું જો ગોળી વળે એવું થઇ ગયું હોય તો

ચણુ પ્રુરની ગોળીઓ વાળી તેના ઉપર ચાંદીના વરખ ચઢાવવા જો ગોળી નહીં વળે તો થોડું મધ નાંખીને ઘુંટવું એટલે ગોળી વળશે. આવી રીતે તૈયાર કરેલી ગોળી એક કાચના બુચવાળી શીશીમાં ભરી લેવી. અને દરરોજ સવારે તથા સાંજે ગોળી એક મધમાં કાલવીને ચાટવી અને ઉપર ઘી, દુધ, સાકરવાળો સારો ખોરાક પચે તે પ્રમાણે ખાવો જેથી શરીરમાં, શકતી, પુષ્ટી, બળ, વિર્ય વધારી હસ્તદોષથી આવેલી નબળાઇ, નપુંશકપણું, શીથીલતા, નસોનું ઢીલાપણું, સ્વપ્ન-દોષ વિગેરે ધાતુ સબંધી સઘળા દોશોને દુર કરી, ખરી જુવાની આપે છે તેમજ કમ્મરનો દુઃખાવો, હાથપગનું કળતર, અગ્નીની મંદતા, ખોરાકનું નહીં પચવું, વાયુ, શરદી, શળેખમ, માથાનો દુખાવો, સંગ્રહણી, મરડો, અતીસાર, જીર્ણજ્વર, ઉધરસ, ખાંશી, દમ, ક્ષય, અમુઝણ વિગેરે દરદોમાં આ ગોળી તાતકાળીક ફાયદો કરે છે તેમજ વૃદ્ધ પુરૂષો આ ગોળીના સેવનથી જુંવાન જેવી શકતી પ્રાપ્ત કરે છે. માટે વિનંતી કરવાની કે આ ગોળી બનાવીને વાપરો જો બનાવતાં પહેલાં અના ગુણની ખાત્રી કરવી હોય તો **રૂપીઆ સવાએમાં એક માસ ચાલે એટલી ગોળી નમુના તરીક મંગાવીને ખાત્રી** કરો અને પછી બનાવીને તમો તમારા સ્નેહી અને માત્રોને ભલામણ કરો. આ ગોળી તોલ બંધ લેનારને તોલા ૧ નો રૂપીઓ દોઢ પડશે.

વાતહર ગુટીકા—હીંગલોક તોલા ૪, રસસીંદુર તોલા ૨, માણેકરસ તોલો ૧, શુદ્ધ એરક્યુરો તોલો ૧, પીપર તો. ૧, મરી તો. ૧, સુઠ તો. ૧, જાયફળ તો ૧, સુદ્ધ વછનાગ તો. ૧, તજ તો. ૧, અકલગરો તો ૧, લવગ તો. ૧, પાનની જડ તો. ૧, અગર તો. ૧, સોનાના વરખ તો. ૦।, કસ્તુરી તો. ૦।.

પ્રથમ રસસીંદુર, હીંગલોક અને માણેકરસને ત્રણ દીવસ કોરો ખલ કરવો પછી કસ્તુરી અને વરખ સીવાયની બધી વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી ઉપલી ત્રણ વસ્તુમાં થોડે થોડે મેળવવાં તે મળી જાય એટલે વરખને મેળવવા અને પાછુ એક દીવસ સારી પેઠે ઘુટવું. પછી છેલ્લે કસ્તુરી મેળવી સારાં મધમાં ઘુટવું. મધ ગોળી વળાય એટલુંજ નાંખવું પછી ગોળી વળે એવું થાય એટલે મરીપુરની ગોળી વાળી સીળામાંજ ખુલ્લી બે ત્રણ દીવસ રાખવી એટલે ગોળી વવઠાઇ જશે અને એક બીજા સાથે ચોંટી જશે નહીં, આ ગોળીમાંથી સવાર સાંઝ એકકી ગોળી મધ સાથે અથવા આદુના રસ સાથે ખવાડવાથી સઘળી જાતના વાયુ, સરદી, ચુંક, આફરો, અજીર્ણ, ઝાડા, ઉલટી, તાવ, ખાંસી, અમુઝણ, વિગેરે રોગો ઉપર તાત્કાળીક અસર કરે છે. તેમજ સ્ત્રીઓને ચતી આંકડી તાણ અને હીસ્ટીરીઆના વ્યાધીમાં પણ ઘણો સારો લાભ કરે છે, એટલુંજ નહીં પણ તમામ જાતના વાયુના રોગોમાં તો વીજળીની માફક તુરત અસર કરે છે. માટે વૈદરાજો બનાવીને એનાં ગુણની ખાત્રી કરશે એવી આશા છે.

જેઓ આ ગોળી નહીં બનાવી શકે અથવા બનાવતાં પહેલાં એના ગુણની ખાત્રી કરવી હોય તો હમે તોલા એકના રૂપીઓ દોઢ લઇને આપીશું.

જવર વિનાસક ગુટીકાઃ—કરીયાતુ તો. ૨, ઇંદ્રજવ તો. ૨, કડુ તો ૨, કાળીજીરી તો. ૨, સુઠ તો, ૧. મરી તો. ૧, પીપર તો. ૧, જેઠીમધ તો. ૧, વાવડીંગ તો. ૧, અગડુશો તો. ૧. હરડાં તો. ૧, બેડાં તો. ૧, આમળાં તો. ૧, કાચકાની મીંજ શેકેલી તો. ૧, ફટકી ફુલાવેલી તો. ૧, નવસાર સોધેલો તો ૧, સુદ્ધ વછનાગ તો. ૧,

ઘીમાં તળેલાં ધંતુરાના બી તોલો ૧, ગળોસત્વ તો. ૨ હીંગલોક તો. ૪. સુદ્ધ કરેલો સોમલ તોલો ૦॥ સઘળી વસ્તુમાંથી પ્રથમ હીંગલોકને બે દીવસ સારી રીતે ખલ કરી તેમાં સોમલ મેળવી પછી બીજી બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી હીંગલોક સાથે એકત્રીત કરી, પછી એક દીવસ ખલ કરવો, પછી એક પટ લીંબુના રસનો બીજો પટ કાચકીના રસનો ત્રીજો પટ આદુના રસનો એ પ્રમાણે ત્રણ પટ આપી જ્યારે ગોળી વાળવા જેવું થાય ત્યારે ગોળી મરી પુરની વાળી સુકાવીને બાટલીમાં ભરવી આ ગોળી દીવસમાં ત્રણ વાર જીરૂ અને સાકરના પાણી સાથે ખાવાથી સઘળી પ્રકારનાં તાવને દુર કરે છે. તેમજ રોજીઓ એકાંતરો ચોથીઓ વિગેરે તાવને પણ સારા કરે છે એટલુંજ નહિ પણ આ ગોળી સઘળી જાતનાં તાવ, સન્નીપાત, જીર્ણજ્વર, વિષમજ્વર, અરતીગત જ્વરને પણ સારા કરે છે. ટુંકમાં આ ગોળી સઘળી પ્રકારના તાવને ઉતારે છે, અટકાવે છે, અને પસીનો પણ લાવે છે. **જેઓને બનાવતાં પહેલાં ખાત્રી કરવી હોય તેઓએ હમારે ત્યાંથી એક રૂપીએ તોલો મંગાવીને વાપરી જોવી.**

પ્રમેહ હારી ગુટીકા–ચીની કબાલા તો. ૧, સુરોખાર તો. ૧, જેઠીમધ તો. ૧, એલચી તો. ૧, ગોખરૂ તો. ૧, સુખડનો વેર તો. ૧. કાથો તો. ૧, પાશાણભેદ તો. ૧, માંજુફળ તો. ૧, કપાસનો મગજ તો. ૧, શુદ્ધ ભાંગ તો ૨, બંગભસ્મ તો. ૨, લોહભસ્મ તો. ૨, ગળોસત્વ તો. ૩, ત્રીફળાં તો. ૩, બરાસ તો ૨, વાસકપૂર તો ૧, ફટકી ફુલાવલી તો. ૧, સીલાજીત તો. ૫, રૂમી મસ્તગી તો. ૧૦ પ્રથમ ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં ભસ્મો તથા સીલાજીત મેળવી સુખડનાં તેલમાં ગોળી ચણીબોર જેવડી વાળી પ્રમેહવાળાને દીવસમાં ત્રણથી ચાર ગોળી ગોખરૂ, વરીયાળી અને સાકરના ઉકાળા

સાથે આપવાથી પ્રમેહમાં મારતી તણુખ બંધ થાય છે. તેમજ પાણી સાથે અથવા સુખડના તેલ સાથે લેવાથી સઘળી જાતના પ્રમેહ મટે છે, મીઠા અને ઘણા વખતનો જડ ઘાલી બેઠેલા પ્રમેહમાં આ ગોળી લાંબો વખત લેવાથી ફાયદો કરે છે, માટે આશા છે કે આ ગોળી વૈદરાજો બનાવીને પોતાના દવાખાનામાં વાપરશે તો જરૂર યશ પામશે **આ ગોળી બનાવતા પહેલાં એના ગુણની ખાત્રી કરવી હોય તો હમારે ત્યાંથી એક રૂપીએ તોલો મંગાવીને વાપરી જોવી.**

માણેક પંચામૃત ગુટીકા.—માણેક તોલો ૧, પાના તોલો ૧, મોતી વગર વીંધેલા તો ૧, પરવાળાં મોટાં તોલો ૧, કેરબો ખરો તો. ૧. એ પાંચ વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી સારા ખલમાં નાંખી પંદર દીવસ સુધી ગુલાબજળમાં ખલ કરવો પંદર દીવસમાં ઓછામાં ઓછું સાડાસાત શેર ગુલાબજળ પાવું. અને ત્યાર પછી નીચેના વસ્તુ નાંખવી રૂપાના વરખ તો ૧, સુનાના વરખ તોલો ૧, બરાશ તોલો ૧, કેશર તોલો ૧, ચંદ્રોદય તો. ૧, કસ્તુરી તોલો ૧, એ છ વસ્તુ નાંખીને પાછો બે દિવસ બધાં સાથે ગુલાબજળ નાંખ્યા વગર ખલ કરવો પછી તેમાં જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, લવેંગ તો. ૧, મરી તો ૧, અકલગરો તો. ૧, તજ તો. ૧, વછનાગ તોલો ૧, પીપર તો ૧, એ આઠ વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી ઉપલી વસ્તુઓ ભેગું થોડું થોડું નાખીને ખલ કરીને મેળવવું જ્યારે બધું એકત્ર થઈ જાય, ત્યારે ચેવલી પાન પાકાં કેવડા જેવાં નંગ બે હજારનો રસ કાઢી તે ઉપલી સઘળી વસ્તુમાં નાખી ગોળી વાળવા જેવું થાય ત્યાં સુધી ખલ કરવો. પછી તેના મગ પુરતા વજને ગોળી વાળી સુકવીને કાચની સ્ટોપર બાટલીમાં

ભરી મુકવી અને સવાર સાંજ પ્રકૃતીનો વિચાર કરી ગોળી-૧થી ૨ મધ અને ઘી સાથે, ગાખરૂ સાથે, એકલા મધ સાથે અથવા બીજી જે અનુપાન યોગ્ય લાગે તેની સાથે આપવાથી ક્ષય, ખાંશી, શ્વાસ, અમુઝણ, વાયુ, ફેફરૂં, ક્ષીણતા, મંદાગ્ની, નબળાઇ, ધાતુક્ષય, વિર્યશ્રાવ, કમ્મરનું દરદ, મસ્તક શુળ, લોહીની ફીકાસ, હૃદયરોગ, કામ પણ રોગ, પછીની નબળાઇ, વિગેરે રોગોમાં આ ગોળી ઘણું સારૂં કામ કરે છે પરંતુ આ ગોળી કીમ્મતમાં ઘણી મોંઘી પડતી હોવાથી મોટે ભાગે શ્રીમંતજ એનો લાભ લઇ શકે છે, પરંતુ જ્યાં બીજી દવાઓ કામ નથી કરતી ત્યાં આ ઘણી ફતેહમંદીથી સારૂં કામ બજાવે છે, હમારી પાસે આ ગોળી તૈયાર છે જો કોઇને ઇચ્છા થાય તો હમે ચાળીસ રૂપીએ તોલો આપીશુ જો કોઇ સદ્ગ્રહસ્થ પૈસા ખરચીને બનાવશે. તો આખી જીંદગી સુધી ચાલશે નમુનો જોઇએ તો મંગાવજો.

પ્રવાળ પાક.—સુંઠ તો. ૧, સતાવરી, તો. ૧, ધોળી મુશળી તો. ૧, ગોખરૂ તો. ૧, કવચાં તો ૧, બળબીજ તો. ૧, સમુદ્ર શોષના બી તો ૧, તુળસીના બી તો. ૨, પડકચુરો તો ૧, ભાંગ તો. ૪. દરૂહેઅકરબી તો. ૨, બમનસુફેત તો. ૨, બમનસુર્ખ તો. ૨, કાળો છડ તો. ૧, એલચી તો. ૧, લવેંગ તો. ૧, તમાલપત્ર તો. ૧, પીપર તો ૧, કેશર તો. ૧, લોહભસ્મ તો. ૨, પ્રવાળ ભસ્મ તો. ૫, ચાંદીના વરખ તો. ૨, સુન્નાના વરખ તો. ૧, સીલાજીત તો. ૫, કસ્તુરી તો. ાા, જુન્દબેદસ્તર તો. ૧૦. પ્રથમ ખાંડવા લાયક વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં ભસ્મો વરખ, સીલાજીત વિગેરે યુક્તીપૂર્વક મેળવી પછી જુન્દબે દસ્તરના ઝીણાં કટકા કરી મધ નાંખીને ઘુંટવા જ્યારે એકરસ થઇ જાય ત્યારે ઉપરની વસ્તુનો તૈયાર કરેલો ભુકો થોડો થોડો નાખતા

જવો અને મેળવતા જવો જેમ જેમ ભુકો નાંખતા જવો તેમ તેમ બીજું મધ પણ ઉમેરતા જવું જ્યારે બધું એક સરખું મળીને લોચા જેવું થઇ જાય ત્યારે એક કાચના વાસણમાં ભરી લેવું આ પાક દરરોજ સવારે બેઆનીભારથી પાવલી ભાર સુધી મધ સાથે ખાઇ ઉપર દુધ ગરમ કરેલું શાકર એલચી નાંખેલું અથવા સાદુ જેને જેવું ભાવે તેવું પીવું જેથી શકતી, પુષ્ટી, બળ, વિર્ય, અશકતી, મંદાગ્ની, ક્ષીણુતા, નબળાઇ, નપુશકપણું, નસોનું ઢીલાપણું, હાથરસથી આવેલી તંતુની નબળાઇ વિગેરે દુર કરી ખરેખરૂં પુરૂષત્વ આપી; વૃદ્ધ માણસોને પણ જુવાન જેવી શકતી આપે છે, તેમજ સઘળી રૂતુમાં ખાઇ શકાય છે, માટે વૈદરાજો બનાવીને વાપરશે એવી આશા છે. **બનાવતાં પહેલાં અજમાયશ કરવો હોય તો તોલા ૨॥ ની એક ડબ્બીના રૂપીઆ બે લઇશુ.**

નવીન સંખવટી.—પારો સુદ્ધ કરેલો તોલા ૨, સુદ્ધ ગંધક તો. ૨, સંખ ભસ્મ તો. ૧૦, સંચળ તો. ૧૦, સીંધવ તો. ૫, સુરોખાર તો. ૨॥, ખંગડીખાર તો. ૨॥, વડાગરૂ તો. ૨॥, સોડા બાઇ કાર્બ તો. ૫, મરી તો ૪, પીપર તો ૪, સુંઠ તો ૪, લવેંગ તો. ૨, તજ તો. ૨, પીપરીમુલ તો. ૨, અજમો તો. ૪, જીરૂ તો. ૨, વછનાગ તો. ૨, હીંગ સેકેલી તો. ૪, પ્રથમ પારા ગંધકની કજલી કરી પછી બીજી ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી બીજી વસ્તુઓ સાથે મેળવીને એક દીવસ ખલ કરવો. પછી લીંબુના રસનો એક પટ આપી ખલવું, જ્યારે ગોળી વાળવા જેવું થાય ત્યારે આદુનો રસ નાંખી ખલ કરવો. અને તે સુકાવા આવે એટલે લીંબુનો રસ નાખી ગોળી વાળવા જેવું થાય. ત્યાં સુધી ખલવું. પછી ગોળીઓ

ચણાપુરની વાળી સુકવીને બાટલીમાં ભરી મુકવી. આ ગોળી દીવસમાં ત્રણવાર એકથી બે પાણી સાથે ખાવાથી અજીરણ, બદહજમી, ચુંક, સુળ, ઉલટી, અરૂચી, ખાટાઓડકાર, મોડચી, વાયુ, સરદી, અગ્નીની મંદતા, ખોરાકનું નહી પચવું. પેટનો દુખાવો, પેટનું ચડવું ગુલ્મ, ગોળો, જ્વર, ખાંશી. કફ અને તે સીવાય પેટના તમામ રોગ ઉપર તાતકાળીક અશર કરે છે. એટલુંજ નહીં પણ વૈદરાજો પોતાની બુદ્ધિપુવકના અનુપાનથી બીજા પણ ઘણી જાતના રોગ દુર કરી શકે છે માટે આશા છે કે વૈદરાજો બાનાવીને એનાં ગુણુની ખાત્રી કરશે આ ગોળી હમે આઠ આને તોલો આપીશું જોઇએ તેણે મંગાવીને ખાત્રી કરવી.

નવજીવન ગુટીકા—પારો તો. ૨, ગંધક તો. ૪, લોહભસ્મ તો. ૨, સંખભસ્મ તો. ૨, તામ્રભસ્મ તો. ૨, કોડીનીભસ્મ તો. ૨, સુવર્ણમાક્ષીક ભસ્મ તો ૨, પ્રવાળભસ્મ તો. ૨, અભ્રકભસ્મ તો. ૨, રસસીંદુર તો. ૨, સુંઠ તો. ૩, મરી તો. ૩, પીપર તો. ૩, મોટીહરડે તો. ૫, બેડાં તો. ૫, આમળાં તો. ૫, પીપરીમુલ તો. ૩, ચીત્રક તો. ૩, ગળો તો. ૫, સીલાજીત તો ૧૦, કરીયાતુ તો. ૫, ટંકણુ તો. ૩, વછનાગ તો ૨, કપુરકાચલી તો. ૨, સડકચુરો તો. ૨, એલચી તો. ૨, નીસોતર તો. ૨, ગુગળ તો. ૨૦, કડુ તો. ૫૦.

પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં બધી ભસ્મો મેળવી ખાંડવા જેવી વસ્તુ ખાંડી વસ્રગાળ કરી પછી બીજી વસ્તુઓ મેળવી એકરસ કરી બે પટ ગળોના રસના, તથા બે પટ લીંમડાના પાત્રાના રસના, તથા એક પટ આદુના રસનો આપી ગોળી ચણાપુરની કરવી આ ગોળી સવાર સાંજ એકથી બે સુધી પાણી સાથે ખાવાથી કોઇ પણ જાતનો પાણીનો વીકાર તેમજ પેટના અને કલેજાંના વ્યાધીઓ

પ ન્ડુરોગ જીર્ણજ્વર અશક્તી ચામડીનાં રોગો અગ્નીની મંદતા, ખોરાકનું નહીં પચવું, અંધકુષ્ટ, બાદી, પેટનો ફુલવો, બરોળ વિગેરે ઘણાં રોગોને દુર કરે છે. માટે આશા છે કે વૈદરાજો તથા અન્ય ગૃહસ્થો આ ગોળી બનાવીને વાપરશે અને જો નહીં બનાવી શકો તો હમારી પાસેથી એક માસની ગોળીના રૂ. ૨)ના ભાવથી મંગાવીને વાપરો અને ખાત્રી કરો.

હીંગુળ પ્રયોગ–સજ્જન વૈદરાજ, આપ આ નિચે લખેલો પ્રયોગ કરી જોશો તો આપની અવશ્ય ખાત્રી થશે કે આયુર્વેદમાં કેવાં કેવાં શુભ તત્વો પડેલાં છે, કે જેને પ્રકાશમાં લાવવાની આપણી ખાસ ફરજ છે.

પ્રથમ સારા રૂમી હીંગળોકના તોલા તોલાના ચાર કટકા ભાંગે નહીં એવા લેવા. પછી તેને એક કપડાંમાં બાંધી ત્રીફલાના કવાથમાં દોલા યંત્રથી ઓછામાં ઓછા છથી આઠ કલાક પકાવવા, પછી તેજ ગાંગડાને સારા કાગદી લીંબુના રશમાં એજ પ્રમાણે ત્રણ કલાક પકાવવા, પછી તેને ધોઇને સાફ કરી સુકવીને રાખી મુકવા, પછી ઘઉંના લોટ નવટાંક લઇ તેમાં ઘીનું મોણ તોલો પોણો નાખી તેને દુધ વડે કઠણ ભાખરી અથવા બાટી બને તેવો બાંધી તેની વચમાં પેલા હીંગલોકના ગાંગડા રોગીનું બળાબળ વિચારી એકથી ચાર સુધી બાટીના વચમાં ઘાલી નવટાક લોટની એકથી બે બાટી બનાવી, તેને છાણાની ભાડસાડમાં, બળે નહીં અને ખાસ રાતી થાય. તેવી રીતે પકાવવી, પછી તે બાટી ઠંડી પડે ત્યારે તેમાંથી હીંગળોકના કટકા કાઢીને ધોઇ લેવા; અને બાટીને ખાંડી તેનું ચુરમુ બનાવી માંહે જોયતા પ્રમાણમાં ઘી અને સાકર નાંખી લાડુ બનાવીને ખાવો અને તેના ઉપર "મદનકાન્તા ગુટીકા" નંગ એક ગધમાં મેળવીને ચાટવી અને પછી ભુખ લાગે ત્યારે સારો પુષ્ટીકારક ખોરાક પચે તે પ્રમાણે ખાવો. આ પ્રમાણે ફકત સવારે એકજ વાર, લાગટ સાત, અગીઆર,

કે એકવીશ, દીવસ કરવું. જેથી ઘણાં રોગોમાં ઘણુંજ સારૂં કામ કરે છે. એટલુંજ નહીં. પણ શરીરની કમજોરી; સીથીલતા નસોનું ઢીલાપણું નામરદી, હાથ, પગ, કમ્મર વિગેરેનો દુખાવો, વાયુ સરદી વિગેરે રોગોમાં તાત્કાળીક કામ બજાવે છે. આ પ્રયોગને માટે ઉપર પ્રમાણે સુદ્ધ કરેલા હીંગલોકના ગાંગડાની જરૂર હોય તેઓએ હમારી પાસેથી આઠ આનાને એક તોલો એટલે ચાર તોલાના સુદ્ધ કરેલા ગાંગડાના રૂપીઆ બે લઇને આપીશું.

લઘુમાલતી વસંત.-સુદ્ધ કલખાપરી તો. ૪, જસતની ભસ્મ તો. ૪, ધોળામરી તોલા ૮, હીંગલોક સુદ્ધ તો. ૪ ખરાં મોતીની છીપને પીષ્ટ ગુલાબજળમાં ખલેલો તો ૪ રૂપાના વરખ તો. ૧.

ઉપરનાં બધી વસ્તુને પ્રથમ એક દીવસ કોરૂ ખલવું પછી ગાયનું માખણ તોલા બાર નાંખીને ત્રણ દીવસ ખલવું અને ત્યાર બાદ કાગદી લીંબુનો રસ નાંખીને જ્યાં સુધી માખણના ચીકાસ હોય ત્યાં સુધી ખલ કરવો અને જ્યારે તમામ ચીકાસ નીકળી જાય ત્યારે ગોળીઓ બબે રતીની વાળી સુકવીને બાટલીમાં ભરી લેવી અને દરરોજ સવાર સાંઝ ગોળી એકથી બે સુધી મધ પીપર સાથે અથવા અનુપાન રોગપરત્વે વૈદરાજે અનુકુળતા પ્રમાણે આપવું જેથી જીર્ણજ્વર, અશકતી ધાતુગતજ્વર, અસ્થીજ્વર, વીશમજ્વર, ક્ષયજ્વર, વિગેરે તમામ જાતના જુના તાવને દુર કરી અતીશાર, પીત્ત, લોહીવીકાર હરપમાં પડતું લોહી, પ્રદર, નેત્ર વિકાર વિગેરે રોગોમાં ઘણું સારૂં કામ કરે છે. માટે વૈદરાજે બનાવીને વાપરશે એવી આશા છે, જેઓ નહીં બનાવી શકે તેઓને હમે દોઢ રૂપીએ તોલો આપીશું માટે જોઇએ તો મંગાવી લેવી.

ખુશબોદાર દાંતનું મંજન-હીરા દખણુ તો. ૨, ત્રીફળાની રાખ તો. ૨, બદામના છોડાની રાખ તો. ૨, સોપારીની રાખ તો.

૨, બાવળના સુકા પાત્રાની રાખ તો ૨, ચણોઠીના પાત્રાની રાખ તો ૨, કાથો સફેદ તો. ૪, ફુલાવેલી ફટકડી તો. ૨, કલઇ સફેતો તો. ૫, એલચી સેકેલી તો. ૧, લવેંગ સેકેલા તો. ૧, ચીની કબાબા તો. ૨, તજ તો. ૧, ઉપલેટ તો. ૧, ઇલમીટના ફુલ તો ૦ા, બરાશ તો. ૧, કસ્તુરી વાલ ૪.

પ્રથમ બધી જાતની રાખને ભેગી કરી વસ્ત્રગાળ કરવી. પછી ખાંડવા જેવી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી રાખોડીની ભેગું નાખી ખલવું પછી હીરાદખણ, કલઇ સફેતો, ફટકડી વીગેરે નાંખીને એકરસ કરી ઘુંટવું અને બધાને ભેગું કરી બીજીવાર વસ્ત્રગાળ કરવું પછી બરાશ મેળવીને ઘુંટવું અને છેવટે કસ્તુરી અને ઇલમીટના ફુલ મેળવી એકરસ કરી તૈયાર કરવું. આ મંજન દાંતના તથા મોહોડાના તમામ રોગો જેવા કે ગરમી, ચાંદી, આગરૂ, નઠારી, વાસ, દાંતનો સડો, દાંતનું હાલવું, કળતર, મોઢાનું આવી જવું વિગેરે દાંતના અને મોઢાના તમામ રોગને દુર કરી દાંતને મજબુત બનાવી હીરા જેવા તેજસ્વી બનાવે છે માટે બનાવો અને વાપરો અથવા હમારે ત્યાંથી અઢી તોલાના દશ આનાના ભાવથી મંગાવી વાપરીને ખાત્રી કરો.

કેશનિપાત ચુર્ણ.—ફકત પાંચજ મીનીટમાં ચમત્કાર જોવો હોય તો નીચે પ્રમાણે બનાવીને વાપરો. ખાખરના લાકડાંનો ખાર તો. ૨, કેળના કંદની રાખોડી તો. ૨. સંખનો ચુનો તો. ૨, કળીચુનો વગરબુઝાવેલો તો. ૧૫. ગેરૂ રેતીવગરનો ઉંચો તો. ૨, કપુર તો. ૧, હડતાળ સોધેલી તો. ૧૨. પ્રથમ હડતાળના ઝીણા કટકા કરી તેની પોટલી બાંધી ત્રીફળાંના ઉકાળામાં ડોળાયંત્રમાં ચાર કલાક સુધી સુદ્ધ કરવી. પછી તેને પાણીથી ધોઇને સુકવવી અને ત્યાર બાદ ખાંડી

વસ્ત્રગાળ કરી ઉપરની વસ્તુઓ ભેગી એકત્ર કરી એક દીવસ સારી પેઠે ઘુંટીને બધાને સાથે વસ્ત્રગાળ કરવું અને ત્યાર બાદ કપુર મેળવીને કાચના બુચવાળી શીશીમાં ભરી મુકવું. આ દવા જે જગ્યાના વાળ કાઢવા હોય તે જગ્યાને પ્રથમ સાબુથી ધોઇને સાફ કરી પછી આ દવામાં પાણી મેળવી મેદીની માફક વાળ ઢંકાઇ જાય એટલું જાડું ચોપડી સુકાય ત્યારે થંડા અથવા ગરમ પાણીથી ધોઇ નાંખવું. એટલે તે જગ્યા સુંવાળી રેશમ જેવી થશે અને કોઇ પણ પ્રકારનો ડાગ ચામડી ઉપર પડશે નહીં માટે જેને બનાવવાની મરજી હોય તેણે બનાવીને વાપરવી આ દવા ચમત્કારીક રીતે પોતાનું કામ બજાવે છે. માટે બનાવીને વેચસો તોપણ સારો લાભ થશે કારણ આ દવામાં નઠારી વાસ બીલકુલ આવતી નથી જેને બનાવવાની કડાકુટ પડતી હોય તો હમારે ત્યાંથી મંગાવીને વાપરી જુઓ કીમ્મત એક રૂપીઆની ચાર તો. આપીશું.

ખરજવાનો અકશીર મલમ.—કરંજનું તેલ શેર ૧. પીલુ મીણ તોલા દશ, સીંદુર તોલા પાંચ. કપુર તોલા પાંચ, મનસીલ તો. ૨॥, રશકપુર તોલા ૨॥, પ્રથમ એક તાંબાના કલઇવગરનાં વાશણમાં કરંજીયા તેલને ચુલે ચડાવી નીચે સાધારણ અગની કરવો. જ્યારે તેલમાંથી ધુમાડા નીકળવા માંડે, એટલે મીણ નાંખીને હલાવવુ જયારે મીણ તેલ સાથે મળી જાય ત્યારે સીંદુર નાંખવું અને સીંદુર મળી જાય એટલે કપુર નાંખીને સારી પેઠે હલાવીને એકરસ કરવું જ્યારે જાડુ રઘડા જેવું થાય ત્યારે ચુલેથી નીચે ઉતારી મનસીલ અને રસકપુર વાટીને વસ્ત્રગાળ કરી મુકેલું હોય તે નાખી એકરશ કરી એક દીવસ ઝાકળે મુકી રાખવું. પછી લીમડાના સોટાવતી બધાને તેજ

વાસણમાં ઘુંટતી વખતે ફુલાવેલો મોરથુથુ તોલો ૦ાા નાંખવો અને જ્યારે બધુ એકરસ થઇ જાય ત્યારે કાચના વાશણમાં ભરી લેવું. આ મલમ દીવસમાં બે ત્રણવાર ખરજવા ઉપર ચોપડવાથી લીલા અને સુકાં ખરજવા ફક્ત સાત દીવસમાં મટાડે છે. તેમજ દરાજ, ખસ, ફેલ્લા, વીગેરે પણ સારા થઇ જાય છે આ મલમ ઘણોજ સારો અને અકશીર છે. માટે જેઓ બનાવશે તેને જરૂર યશ કીર્તી અને ધન પ્રાપ્ત થશે. આ મલમ હમારે ત્યાંથી તૈયાર મળશે. કીમ્મત શીશીનો રૂપીઓ અડધો.

હિરણ્ય ગર્ભની માત્રા—સોનના વરખ તો. ૧, રૂપાના વરખ તો. ૧, તામ્રભસ્મ તો. ૦ાા, લોહભસ્મ તો. ૦ાા, મોતીની ભસ્મ તો. ૦ાા, હજારપુટી અભ્રક ભસ્મ તો ૦ાા, સુવર્ણ માક્ષીક ભસ્મ તો. ૦ાા; સુદ્ધ હડતાલ તો ૦ાા, સુદ્ધ સોમલની ભસ્મ તો. ૦ાા, પારો તો. ૨, ગંધક તોલા ૨ પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં ભસ્મો ઘુટી એકરસ કરી પછી કુંવારના રસમાં પાંચ દીવસ ઘુંટવુ પછી ગોળી વળવા જેવુ થાય ત્યારે સોગઠીના આકારની ગોળીઓ વાળવી અને છાયામાં સુકવવી પછી રેશમી ગજીના કટકામાં અકેકી સોગઠી બાંધી તેના ઉપરનો દોરો લાબો રાખવો ત્યાર બાદ એક માટીનો ચડવો લઇ તેમાં વચમાં સોગઠી મુકી ચડવામાં આમલસારો ગધક ભરવો અને તેના ઉપર એક કોડીયું વચમાં કાણું પાડીને ઢાકવું અને તેને વચમાં કાણું પાડેલુ હોય તેમાંથી સોગઠીને બાધેલો દોરો કાડીવાની બાહાર કાઢવો પછી કોડીઆંને ચડવા સાથે ચુનો અને ગોળથી મુદ્રા કરીને મજબુત કરવું તે ચડવો રહે તેવો ચુલો કરીને તેના ઉપર ચડવાને ગોઠવવો અને નીચે દીવેલનો મોટો દીવો કરી તેની આંચથી

ચડવામાંનો ગંધક પીગળે એવો તાપ આપવો અને કાઢીઆના ગાળા-માંથી શળી ઘાલીને જોવું. રસ થાય એટલે સોગઠીને બાંધેલો દોરો પકડીને દોલાયંત્રની માફક ગંધકમાં સોગઠી બુડેલી રહે અને તળીયાને લાગે નહી એવી રીતે અદ્ધર રાખવી. આવી રીતે દીવાનો તાપ દોડથી બે કલાક આપવાથી સોગઠી પાકીને હિરણ્ય ગર્ભની માત્રા તૈયાર થઇ જશે પછી થંડુ પડે ત્યારે ચડવામાંથી કાઢી આજુબાજુથી ઘસીને સાફ કરવી અને જરૂર પડે યોગ્ય અનુપાન સાથે વાપરવી જેથી સેંકડો રોગો મટે છે. એ વાત વૈદોને જાણીતી છે.

સ્વલ્પ ચંદ્રોદયની ગોળી—ચંદ્રોદય તો. ૫, જાયફળ તો. ૧, મરી તો. ૧, લવંગ તો. ૧, બરાશ તો. ૨, પીપર તો. ૧, સુન્નાના વરખ તો. ાા, કસ્તુરી તો ાા, પ્રથમ ચંદ્રોદયને કોરો બે દીવસ વાટી પછી બીજી વસ્તુઓ વસ્ત્રગાળ કરીને મેળવવી અને પાછુ એક દીવસ ખલવું પછી તુલશીના રશનો એક પટ આપી તે સુકાય ત્યાં સુધી ખલવું પછી પાકાં ચેવલી પાનનો રસ નાખી ગોળી વાળવા જેવું થાય ત્યાં સુધી ખલવું પછી ગોળી રતીપુરની વાળવી અને યોગ્ય અનુપાન સાથે આપવી જેથી વાયુ સરદી અશકતી વિર્યવિકાર ખાશી દમ શ્વાસ વીગેરે રોગો સારા થાય છે આ ગોળી હમારે ત્યાં પાંચ રૂપીએ તોલો મળે છે. ખાત્રી કરવી હોય તો મંગાવીને વાપરી જોવી.

નવીન અગ્નીકુમાર—સુદ્ધ પારો તો. ૧, સુદ્ધ ગંધક તો. ૧, સુદ્ધ વછનાગ તો. ૧, ફુલાવલો ટકણખાર તો. ૧, લોહભસ્મ તો. ૧, અજમોદ તો. ૧, લવેંગ તો. ૧, અફીણ તો. ૧, અને અભ્રકભસ્મ સોપુટી તો. ૭, એ બધાને એક દીવસ કોરૂ ખલવું પછી ચીત્રક મુળનો ફકાળો કરી તેનો એક પટ આપી બે ત્રણ દીવસ ખલ કરવો

પછી આદુનો રસ નાંખીને ખલવું જ્યારે ગોળી વાળવા જેવું થાય ત્યારે ગોળી મરીપુરની વાળવી આ ગોળી સવાર સાંજ એકથી બે સુધી યોગ્ય અનુપાન સાથે આપવાથી સંગ્રહણી ઝાડા વિશુચીકા ખાંશી શ્વાસ કાસ અમુઝણ વીગેરે ઉપર ઘણું સારૂં કામ કરે છે. માટે બનાવીને વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

કામદેવ રસ.—અભ્રકભસ્મ, તામ્રભસ્મ, લોહભસ્મ, શીશાનીભસ્મ, સુવર્ણ ચંદ્રોદય, કેશર, જાવંત્રી, તમાળ પત્ર, અફીણ, લવેંગ, એલચી, જાયફળ, ઉપલેટ, ચીનીકબાલા, અકલગરો, સમુદ્રશોષના બી, સોનાના વરખ, કસ્તુરી.

ઉપરની તમામ વસ્તુ સરખે ભાગે લઈ ખાંડવા જેવી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી, પછી ચંદ્રોદયને એક દીવસ ઘુટી તેમાં ભસ્મો મેળવી છેવટ વરખ મેળવીને એકત્ર કરવું પછી જેટલા તોલા ઉપરની બધી વસ્તુઓ મળીને થાય, તેનાથી બમણે વજને અકલગરો લઇ અધખોખરો ખાંડી આઠ ઘણુ પાણી મુકીને ઉકાળો કરવો જ્યારે ઉકાળો સાત ભાગનો બળી જાય ત્યારે પછી તેને થંડો પાડી કપડેથી ગાળી ઉપલી વસ્તુમાં નાખીને ઘુટવુ. પછી જ્યારે ગોળી વળે એવુ થાય ત્યારે વટાણા પુરની ગોળી વાળવી. આ ગોળી સવાર સાંજ દુધ સાથે એકેકી ખાવાથી શરીર બળવાન બને છે. તેમજ કામવૃતી જાગ્રત થઇ ધાતુની વૃદ્ધી કરે છે, એટલુંજ નહી પણ અતીસે કામ વાંસનાને લીધે. આવેલુ નપુશકપણુ, નસોની કમજોરી વીગેરે દરદો ઉપર આ ગોળી વીજળીની માફક કામ કરે છે. આ ગોળી બનાવતા પ્હેલાં ગુણની ખાત્રી કરવી હોય તો હમારા દવાખાનામાં દશ રૂપીએ તોલો મળે છે, તે મંગાવીને વાપરી જોવી. જેથી ખાત્રી થસે,

રસ સીંદુરની ગોળી–રસ સીંદુર તો. ૪, લવેગ તો. ૦ાા, જાવંત્રી તો. ૦ાા, પીપેર તો. ૦ાા, કેશર તો ૦ાા, અકલગરો તો. ૦ાા, અફીણુ તો. ૦ાા, બરાશ તો. ૦ાા, મરી તો. ૦ાા, ભાંગ તો. ૧, પ્રથમ રસસીંદુરને ખલમા નાખી એક દીવસ ઘુટવો પછી બીજી વસ્તુનું વસ્ત્રગાળ ચુર્ણ કરી રસસીંદુર ભેગું નાંખી એકત્ર કરવું પછી આદુના રસની એક ભાવના તથા પાકા ચેવલી પાનના રસની એક ભાવના આપી ગોળી ચણોઠી ભારની કરવી. આ ગોળી સવાર સાંજ મધ સાથે ચાટી ઉપર દુધ અથવા સારો પુષ્ટીકારક ખોરાક પચે તે પ્રમાણે ખાવો જેથી શકતી, પુષ્ટી, બળ, અને વીર્ય વધે છે તેમજ બીજા અનુપાનથી ઘણાં રોગો દુર કરે છે.

કેશર પાક–કેશર તો. ૫, જાવત્રી તો ૧, જાયફળ તો. ૧, લવેગ તો. ૧, સુઠ તો. ૧, મરી તો. ૧, પીપર તો ૧, પીપરીમુળ તો. ૧, તજ તો. ૧, અગર તો. ૧, તગર તો ૧, સડકચુરો તો. ૧, જટામાંસી તો. ૧, સમુદ્ર શોસના બી તો. ૧, જેઠીમધ તો. ૧, ભોંયકોહોળુ તો. ૧, ગોખરૂ તો. ૧, ધોલીમુશલી તો. ૧, કવચાં તો. ૧, ગળોસત્વ તો ૧, ધાણાં તો. ૧, ચોપસીની તો. ૧, સતાવરી તો. ૧, લોહભસ્મ તો. ૧, વંગભસ્મ તો. ૧, પ્રવાળ ભસ્મ તો. ૧, સીલાજીત તો. ૩ સોનાના વરખ તો. ૦ાા ચાંદીના વરખ તો. ૧ કસ્તુરી તો. ૦ાા બરાશ તો. ૦ાા બદામનો મગજ શેર ૦ાા પ્રથમ બદામના મગજનાં છોડાં કાઢી નાંખી ખાંડીને દુધ શેર ૧૦ માં નાંખવો પછી તેમાં કેશર ઝીણું વાટીને નાંખવું ત્યારબાદ એક સારી કડછમાં નાખી તેને ચુલે ચડાવી માવો થાય ત્યાં સુધી બાળવું પછી તેમાં ગાયનું ઘી શેર ૧ાા નાંખીને માવાનો રવો પાડવો પછી તેમાં બીજી

વસ્તુઓ ખાંડી વસ્ત્રગાળ કરીને મેળવવી તેમજ તેની સાથે વરખ વીગેરે મેળવી બધુ માત્રા સાથે એક રસ કરવું પછી તેને જોખી જોવું અને જેટલું વજન થાય તેની બરાબર સાકર લઇ તેની ચાસણી કરી તેમાં બધી વસ્તુ મેળવી ઠારીને કટકા બબે રૂપીઆ ભારના પાડવા અને દરરોજ સવારે બેથી ત્રણ રૂપીઆભાર ખાઇ ઉપર દુધ પીવુ જેથી શક્તી પુષ્ટી બળ બુદ્ધી વીગેરેને વધારી શરીરમાં લોહીની ગતીને સુદ્ધ કરી મગજના જ્ઞાન તંતુને ઘણોજ ફાયદો કરે છે આ પાક ખાસ કરીને શીયાળાની મોસમમાં સબળા પુરૂશોને તેમજ સ્ત્રીઓને માફક આવે છે પરંતુ સ્ત્રીઓને વજનમાં અડધો આપવો અને પંદર વરસની અંદરના બાળકને આ પાક ખવાડવો નહી પાક ઘણોજ સારો અને હમે સેકડો વખત બનાવેલો છે.

શીયાળામાં ખાવાનો પાક—કડાયો ગુંદર શેર ૧, ગોખરૂ શેર ૦ા, ધોળીમુશળી શેર ૦ા, કાળીમુશળી શેર ૦ા, ખારેક શેર ૦ા, સીંગોડા શેર ૦ા, કોપરાં શેર ૦ા, ચારોળી શેર ૦ા, બદામ શેર ૦ા, દુધીનો મગજ શેર ૦, તડબુચનો મગજ શેર ૦ા, આશન નવટાંક, પીપરીમુળ નવટાંક, ધોળામરી બે તોલા, પીપર બે તોલા, એલચી બે તોલા, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, લવેંગ તો ૧ પ્રથમ કડાયા ગુંદરને ધીમાં સતળીને ફુલાવી લેવો. ત્યાર બાદ બદામ તથા બીજા મગજો અને સીંગોડા એ બધુ જુદુ જુદુ ધીમાં સેકી લેવું. ખારેકને ખાંડીને સેકી લેવી પછી બીજી વસ્તુઓ ખાંડીને વસ્ત્રગાળ કરી બધાની ભેગી મેળવવી ત્યાર બાદ બધી વસ્તુનું વજન કરવું જેટલું વજન થાય તેની બરાબર ધી તથા બુરૂં નાખીને મગજની માફક ઠારવું અથવા લાડવા વાળવા આ પાકમાં જો ચણાનો લોટ નાંખવો હોય તો તે

શેર એક ઘીમાં સેકીને નાખવો અને તેના પ્રમાણમાં ખુરૂ તથા ઘી વધારી લેવાં આ પાક ખાસ શીયાળામાં ખાવાથી શરીરમાં ધાતુની વૃદ્ધી થઇ શકતી પુષ્ટી અને બળ આવે છે.

શાલમ પાક-સાલમ પંજાબી શેર ૦। , ધોળી મુશલી શેર ૦। ઉપરની બંન્ને વસ્તુને ખાંડીને દુધ શેર પંદરમાં રાંધીને માવો કરવો પછી તે માવામાં ઘી શેર ૧॥ નાંખીને સારી રીતે સેકીને રવો પાડવો. ત્યાર પછી નીચે લખેલી વસ્તુઓ ખાંડીને વસ્ત્રગાળ કરીને માવા ભેગી નાખવી સુઠ, તો. ૧, મરી તો. ૧, પીપર તો. ૧, તજ તો. ૧, જાવંત્રી, તો. ૧, એલચી તો. ૧, જાયફળ તો. ૧, લવેંગ, તો. ૧, પીપરીમુળ તો ૧, તમાલપત્ર તો. ૧, કાળી મુશલી તો. ૧, કમરકસ તો. ૧, ગોખરૂ તો. ૧, ઓખરો તો. ૧, કવચાં તો. ૧, સતાવરી તો. ૧, સડકચુરો તો ૧, નાગકેશર તો. ૧, ચીનીકબાલા તો. ૧, અકલગરો તો. ૧, એ વીસ વસ્તુ ઉપરના માવા ભેગી મેળવવી અને પછી વંગભસ્મ, લોહભસ્મ, પ્રવાળભસ્મ, રસસીંદુર એ ચાર વસ્તુ ભેગી ઘુટીને બધાની સાથે મેળવી સઘળી વસ્તુનું જે વજન થાય તે બરાબર ચીનાઇ સાકર લઇ તેવી ચાસણી કરી તેમાં સઘળી વસ્તુઓ મેળવી મગજની માફક ચકતાં પાડવાં અને દરરોજ સવારે આ પાક તોલા બેથી ચાર સુધી ખાઇને ઉપર પચે તે પ્રમાણે દુધ પીવું જેથી શક્તી પુષ્ટી બળ વીગેરે વધે છે અને નબળાઇ હાથ પગ અને કમ્મરનો દુખાવો પણ મટી જાય છે.

અમીરી યાકુતી.

માણેક તો. ૧, પાના તો. ૧, મોતી વગર વીંધેલાં તો. ૧, પરવાળા મોટાં, તો. ૧, કેરબો તો. ૧, એ પાંચ વસ્તુને ગુલાબજળમાં

ખલ કરવો પાંચ તોલામાં પાંચ શેર ગુલાબજળ પાવું પછી તેમાં નીચેના વસ્તુ મેળવીને ઘુટવું.

સોનાના વરખ તો. ૧, રૂપાના વરખ તો. ૧, કેશર તો. ૧, બરાશ તો. ૧, રસસીંદુર તો. ૧, અકલગરો તો. ૧, લવેંગ તો. ૧, તજ તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, ધોળાં મરી તો. ૧, વછનાગ તોલો ૧, ભાંગ તોલા ૩, સુધ્ધ કરેલી એ બધી વસ્તુને બારીક વાટી ઉપરની વસ્તુમાં મેળવવી. પછી આદુના રસનો એક પટ તથા પાકાં ચેવલી પાનના રશનો એક પટ આપી ગોળી મરી પુરની કરવી, આ ગોળી સવાર સાંજ અકેકી ઘી સાકરમાં અથવા બીજા યોગ્ય અનુપાન સાથે ખવાડવાથી ક્ષય, ખાંશી, શ્વાસ અશક્તી વિર્યદોશ, વાયુ, સરદી, વીગેરે મટે છે.

જુજબેદસ્તરનો પાક.

સડક્ચુરો તો. ૧, દરૂનજ અકરબી તો. ૧, બમનલાલ તો. ૧, બમન સફેત તો. ૧, કાળોછડ તો. ૧, એલચી તો. ૧, લવેગ તો. ૧, તમાળપત્ર તો. ૧, પીપર તો. ૧, સુઠ તો. ૧, અકલગરો તો. ૧, જાવંત્રી તો. ૧, એ બાર વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેમાં સુનાના વરખ તો. ૦।।, અને ચાંદીના વરખ તો. ૧, મેળવવા, પછી જુજબેદસ્તર તોલા ૬ ને મધમાં ઘુટી તેની સાથે કસ્તુરી તો ૦।, ઘુટી નાંખવી પછી તેમાં ઉપરનું ચુરણ નાંખી એક રસ કરવું મધ લોચા જેવું થાય તેટલું નાંખવું પછી એ પાકને કાચની બરણીમાં ભરી મુકવો આ પાક સવાર સાંજ બબેઆની પુર મધ સાથે અથવા દુધ સાથે ખાવાથી શકતી, પુષ્ટી બળ ધાતુની નબળાઇ અગ્નીની મંદતાં વીગેરે ઉપર ઘણો સારો લાભ કરે છે.

પરચુરણ ઉપાયો.

અગ્નીદગ્ધ (દાઝવું)

કેટલીક વખત અકસ્માતથી માણુસો અગનીથી દાજે છે. ગરમ તેલ કે ઘીથી દાજે છે. ગરમ ઉકળતું પાણી કે ચાહથી દાઝે છે તેમજ કેટલાક ગ્યાશલેટના ભરેલા સ્ટવ (ચુલા)ઓથી દાઝે છે આ પ્રમાણે બીજા પણ કેટલાંક કારણથી અકસ્માત થવાથી માણુસો દાઝે છે. દાઝવા ઉપર તાકીદે અને તુરત ઉપાય કરવામાં આવે તો પીડા જલદી શાન્ત થાય છે અને જો બરાબર ઉપાય કરવામાં નહીં આવ્યો અને દાઝેલાના વૃણો પાકી ગયા તો મટતાં ઘણીવાર લાગે છે માટે નીચે લખેલા ઉપાયોમાંથી જે વખને જે વસ્તુ તાત્કાળીક મળી આવે તેનો ઉપયોગ કરવો.

ઉપાય ૧ લો—દાઝેલી જગ્યા ઉપર કુવારનો રસ કાઢીને ચોપડવાથી વેદના શાંન્ત થાય છે. તેમજ બટાકાને વગર પાણીએ ઝીણાં મેદી જેવા વાટીને તાત્કાળ ચોપડવાથી અગન મટી જાય છે. તેમજ મેદીના પાત્રાને કેળના રસમાં ઝીણું વાટી દીવસમાં ચાર પાંચ વખત ચોપડવાથી શાંન્તી થાય છે તેમજ આમલીના છોડાની રાખને તેલમાં મેળવી એકરસ કરી ચોપડવાથી દાહની શાંન્તી થઇ જલદીથી રૂજ આવે છે.

ઉપાય ૨ જો—વાંસકપુર આમળા રતાંજલી ગેરૂ અને ગળવેલ એ બધાને બારીક વાટી આમલીના પાણીમાં લેપ કરવો અથવા હરડાં બેડાં આમળા અને હીરાકસીની બનાવેલી રૂસનાઇ દાઝેલી જગ્યાએ તુરત ચોપડી દેવી.

ઉપાય ૩ જો—ચુનો અને તલનું તેલ સારી પેઠે ફીણીને ચોપડવુ અથવા ચુનાને દહીની તરમાં મેળવી એકરસ કરીને ચોપડવો અથવા જવને બાળીને તેની રાખ કરવી તે રાખને તલના તેલમાં મેળવીને દાઝેલા ઉપર લેપ કરવો અથવા જીરાને બાળીને તેની રાખ કરવી તે રાખને ગાયના ઘીમાં મેળવી લેપ કરવો.

ઉપાય ૪ થો—વાંસકપુર વડની કુમળી જટા રતાજલી રસવંતી ગેરૂ ગળવેલ એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી ગાયના ઘીને એકવીસ વખત પાણીથી ધોઇ તેમાં ઉપરની સઘળી વસ્તુ મેળવી મલમ કરીને ચોપડવાથી દાઝેલાના ફોલ્લાઓ અને બળેલી ચામડી રૂઝાઇ જાય છે.

ઉપાય ૫ મો—કળી ચુનો શેર ૦। ને પાણીમાં પલાળવો. પછી તેને ઝીણે કપડેથી પાણી સાથે છણી લેવો પછી તેમાં કોપરેલ શેર એક મેળવીને કાંસાની થાળીમાં નાંખીને ખુબ ફીણવું. જ્યારે ફીણતાં ફીણતાં માખણ જેવો મલમ થઇ જાય ત્યારે ચોપડવાથી દાઝેલામાં અગની બળતી નથી. તેમજ દાઝેલો ભાગ પાકતો પણ નથી પરંતુ જ્યાં આ મલમ ચોપડવામાં આવે ત્યાં સુકાઇને પોપડો બંધાઇ જાય છે.

ઉપાય ૬ ઠો—રાળ તોલા ૨, કલઇ સફેતો તો. ૨ તલનું તેલ શેર ૦।, પ્રથમ રાળ અને કલઇ સફેતાને તેલમાં નાખી તેલ કકડે ત્યાં સુધી ગરમ કરવું પછી તે તેલને એક થાળીમાં ગાલીને તેમાં ગુલાબ જળ નાખતા જવું અને ફીણતા જવું આ પ્રમાણે ફીણતા ફીણતા મલમ માખણના લોચા જેવો થઇ જશે આ મલમ દાઝેલા ઉપર ચોપડવાથી તાત્કાળીક ફાયદો થાય છે. તેમજ ગધેડાના

સીંડાની રાખને કપડેથી ચાળી દાજેલાના વ્રણ ઉપર દાબવાથી વ્રણો પાકી ગયા હોય તો પણ રૂજાઇ જાય છે.

આંજણી

આ દરદ ગરમીને લીધે અથવા લોહીના બીગાડથી થાય છે. એ રોગમાં આંખની ઉપરની અથવા નીચેની પાપેણમા સોજો આવે છે. અને તેમાં દુખાવો પણ થાય છે. અને જો વધુ જોર હોયતો આંખમાંથી પાણી ગળે છે અને વખતે આંખ રાતી પણ થાય છે. માટે આંજણી થાય એટલે નીચે પ્રમાણે ઉપાય ચાલુ કરવા.

ઉપાય ૧ લો—રસવંતી, સુંઠ, મરી, પીપર, આમળા, હરડાં, બેડાં કાથો એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી પાણીમાં ઘુંટીને ગોળીઓ બોર જેવડી કરી સુકવીને રાખી મુકવી. જ્યારે જરૂર પડે ત્યારે પાણીમાં ઘસીને આંજણી ઉપર ચોપડવી જેથી આંજણી મટી જશે.

ઉપાય ૨ જો—ધંતુરાના રસમાં પીપર ઘસીને આંજણી ઉપર ચોપડવી તેમજ વાલની દાળ પાણીમાં ઘસીને તેમાં થોડું સીંદુર મેળવી આંજણી ઉપર ચોપડવું. અથવા ચોખ્ખું કેશર અને સુખડ એ બન્નેને ભેગાં ઘસી આંજણી ઉપર ચોપડવું. અથવા તુવેરની દાળમાંથી લીલા દાણા વણીને તે દાણા તથા રસવંતી બંનેને પાણીમાં મેળવીને આંજણી ઉપર ચોપડવું.

વ્હેતું લોહી બંધ કરવાના ઉપાય.

ઘણી વખતે માણસને કંઇ છરી, દાતરડુ વીગેરે વાગવાથી અથવા ઓચીંતા કોઇ જગ્યાએ પડી જવાથી શરીરના કોઇ પણ ભાગમાંથી લોહી નીકળે છે તેને બંધ કરવાને નીચે પ્રમાણે ઉપાયો માંથી જે હાજર હોય તે કરવો જેથી વ્હેતું લોહી બંધ થઇ જશે.

ઉપાય ૧ લો—લાખ તોલા ૨ અને સ્પીરીટ તોલા ૪ સ્પીરીટની બાટલીમાં લાખ વાટીને નાંખવી એટલે લાખ ગળી જશે. એમાંથી રૂનું પુમડું બોળી વ્હેતા લોહીના ઘા ઉપર મુકવું એટલે લોહી બંધ થઇ જશે.

ઉપાય ૨ જો—ઘા ઉપર ઘાસતેલનું પુમડુ મુકવું. અથવા ખાવાનો કળીચૂનો ભરીને પાટો બાંધવો અથવા કપડાની રાખ દાબવી. સીંદુર તેલમાં મેળવીને રૂનું પુમડુ બોળી ઘા ઉપર બાંધી દેવું. અથવા ખડીઓ ખાર ફુલાવેલો, હળદર, અડાયાની રાખ એ ત્રણને ઝીણા વાટી મેળવીને રાખી મુકવા અને ઘા ઉપર દાબીને પાટો બાંધવાથી તુરત વ્હેતું લોહી બંધ થશે. અથવા કલઇ સફેતો, સંખજીરૂ, સીંદુર, એ ત્રણે વસ્તુ વાટી અળસીના તેલમાં મેળવીને શીશીમાં ભરી મુકવું. જરૂર પડે ત્યારે તેમાં રૂનું પુમડું બોળીને બાંધી દેવું. અથવા કપાસનું રૂ બાળીને દાબવું તેમજ કરોળીઆનું જાળુ અને તેલ મેળવીને ઘામાં દાબવું જેથી લોહી બંધ થશે. ઉપરના ઉપાયોમાંથી જ્યાં જે વસ્તુ મળી આવે તેનો ઉપયોગ કરવો જેથી તાત્કાળીક ફાયદો થઇ જશે.

હાથે પગે વાઉ ફાટે (વિચર્ચિકા)

આ રોગ ઘણા માણસોને શીયાળામાં થાય છે એટલુંજ નહી પણ કેટલાક માણસોને શીયાળા શીવાય બીજી મોસમમાં પણ થાય છે એ રોગમાં ખાસ કરીને હાથે તથા પગે મોટા મોટા ચીરા પડે છે અને તેમાં ધુળ કાદવ વીગેરે વસ્તુ ભરાવાથી પાકી ઉઠે છે. એટલુંજ નહી પણ ચાલતા અને કામકાજ કરતા ઘણો દુખાવો થાય છે. એ રોગમાં નીચે પ્રમાણેના ઉપાય કરવાથી ફાયદો થાય છે.

ઉપાય ૧ લો—આવચી માયા કાળા તલ ઘોડાવજ હળદર મોથ શેરીલોબાન એ વસ્તુને બારીક વાટી ગાયના ઘીમાં મેળવી સારી પેઠે ઘુંટીને એક રસ કરી મલમ તૈયાર કરવો અને જેના હાથ પગ શીયાળામાં અથવા ઉનાળામાં ફાટતા હોય તેને આ મલમ ચોપડવાથી સારૂ થઇ જાય છે.

ઉપાય ૨ જો—કોકમનું ઘી તોલા દશ અને તાજુ એરંડીયુ તેલ તોલા દશ એ બન્નેને એક વાશણુમાં અંગારા ઉપર મુકીને પીગલાવવું અને પીગળે એટલે બીજા વાસણુમાં ગાળી લેવું પછી તેમાં કલઇ સફેતો તોલો ૧ અને સીંદુર તોલો ૧ નાંખીને એક રસ કરવું એટલે ગુલાબી રંગનો મલમ તૈયાર થશે એ મલમ ફાટેલા હાથ પગમાં ભરવાથી અને ચોપડવાથી હાથ પગ ફાટતા સારા થાય છે.

સોજા.

ઘણી પ્રકારે આવે છે. કેટલીક વખત બીજા દરદના કારણુને લઇને સોજો આવે છે પરંતુ તે સોજા તે દરદ મટવાથી એની મેળે મટી જાય છે કેટલીક વખત શરીરના કોઇ ભાગ ઉપર સ્વતંત્ર સોજા આવી જાય છે તેના નીચે મુજબના ઉપાય કરવાથી મટે છે.

ઉપાય ૧ લો—સાટોડીના મૂળ પીલુડીના પાત્રા સુકાં આમળા હીમજી હરડે સુરો ખાર એ બધી વસ્તુ સરખે ભાગે લેવી. અને મોર થુથુ ફુલાવેલો એક વસ્તુના ચોથા ભાગ જેટલો લેવો પ્રથમ બધાને ખાંડી વસ્ત્રગાળ કરી ધંતુરાના રસમાં ઘુટી ગોળીઓ સોપારી જેવડી વાળીને સુકવી રાખવી જ્યારે જરૂર પડે ત્યારે એ ગોળી પાણીમાં ઘસીને સોજા ઉપર ચોપડવી.

ઉપાય ૨ જો—ગેરૂ રતાજલી રેવંચીનો શીરો કથો કાળીજીરી આંબાહળદ સુંઠ લોધર એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્ર

ગાળ કરી કુંવારના રસમાં ઘુટી ગોળી બોર જેવડી વાળીને સુકવવી અને જરૂર પડે ત્યારે પાણીમાં ઘસીને ઉનું કરીને ચોપડવું.

ઉપાય ૩ જો—પીલુડીના પાત્રાનો રસ ધંતુરાના પાત્રાનો રસ અને દીવેલાના પાત્રાનો રસ એ ત્રણે રસ ભેગા કરી ઉના કરીને ચોપડવા જેથી સોજા ઉતરી જાય છે.

વરસાદના પાણીથી થતા ફોલ્લા

ઘણા માણસોને વરસાદના દીવસમાં વરસાદના પાણીમાં તથા કાદવ કીચડમાં ફરવાથી ફોલ્લા થાય છે અને તેમાંથી પાણી કે પરૂ ઝરે છે અને વખતે પગમાં ફોલ્લા વધી પડવાથી પગે સોજા આવી ચલાતુ બંધ થઇ જાય છે. માટે તેનો નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો- મસુરના બાળેલા છોડા બાળેલા આમળા એ બન્ને એકેક તોલો તેમજ સુકી મેંદીના પાત્રા તથા કપીલો એ બન્ને ઉપરની બરાબર અને બધાના વજનથી સોળમે ભાગે ફુલાવેલો મોરથુથુ એ બધી વસ્તુને ઝીણી વાટી તલના તેલમાં મેળવી ફોલ્લા ઉપર ચોપડવુ.

ઉપાય ૨ જો—ફટકી મોરથુથુ ખડીઓખાર કંપીલો બાવચી કુવાડીઆના બી પારો ગંધક ગેરૂ કોડીની ભસ્મ કાળામરી બાળેલા ઝેરી કચુરા બાલેળા એ સઘળી વસ્તુ અડધો અડધો તોલો લઇ પ્રથમ પારા ગંધકની કજલી કરી પછી બીજી બધી વસ્તુને બારીક ખાંડી વસ્ત્રગાળ કરી પારા ગંધકની કજલીમાં મેળવી એકરસ કરવું પછી ગાયનું ઘી તોલા વીસ લઇ તેને કાંસાની થાલીમાં નાખી એકસોને આઠ વાર પાણીથી ધોવું પછી ઉપરની વસ્તુ તે ધોયલા ઘીમાં મેળવી ફોલ્લા ઉપર ચોપડવુ જેથી વરસાદના પાણીથી થયેલા ફોલ્લા તેમજ બીજી બધી જાતના ફોલ્લા સારા થાય છે.

તરૂણુ પીટીકા (ખીલ)

આ રોગ ઘણું કરીને જુવાન માણસને સોળ વરસની ઉમર થયા પછી મોઢા ઉપર થાય છે. એનું કારણુ પીત્તનો વીકાર છે. કારણુ એ રોગ દરેકને થતો નથી પણુ જેને થાય છે તેના મોની સીકલ બગાડી નાખે છે એટલુંજ નહી પણુ મો ઉપર સયૈદના જેવા ઉંડા ડાઘ અને ખાડા પડી જાય છે, એ રોગ ઘણું કરીને પુરૂશોને વધારે થાય છે. અને સ્ત્રીઓને પણુ થાય છે ખરો. એ રોગમાં ખાસ કરીને કોઠો સાફ રાખવાની દવા કરવી તેમજ લગાડવાની દવાઓ નીચે પ્રમાણે કરવી.

ઉપાય ૧. લો—દાડેમની છાલ, લોધર, આંબાહળદ નાગરમોથી એ ચાર વસ્તુ ગુલાબજળમાં સરખે ભાગે ઘસીને ચોપડવી અને સુકાય ત્યારે ધોઇ નાંખવું.

ઉપાય ૨ જો—બોરની મીંચ, મરેઠી, ઘોડાવજ, અને ટંકણુ ખાર એ ચાર વસ્તુ પાણીમાં વાટીને ખીલ ઉપર ચોપડવી અને ત્રણુ કલાક રહીને ધોઇ નાંખવું. પછી કોપરાનું તેલ માલીશ કરવું.

ઉપાય ૩ જો—જવાસો, સફેદ ચણોઠી, સંચળખાર એ ત્રણુ વસ્તુને પાણીમાં ઉકાળી તેનાથી મો ધોવું. પણુ આંખમાં જાય નહિ તેની સંભાળ રાખવી.

ઉપાય ૪ થો—પીળી કોડીને લીંબુના રસમાં પલાળી ને બાળવી પછી તેમાં ફુલાવેલો ટંકણુખાર મેળવવો અને એ બન્ને વસ્તુને ગાયના માખણુમાં મેળવી ખીલ ઉપર ચોપડવું જેથી ખીલ મટે છે.

ઉપાય ૫ મો—ફુલાવેલો ટંકણુખાર, સડકચુરો, સમુદ્ર ફીણુ એ ત્રણેને ઝીણાં વાટી વેશેલીનમાં મેળવી તેમા થોડું સુખડનું ચોખ્ખું

તેલ નાખી એક રસ કરી ખીલ ઉપર ચોપડવું જેથી મોઢાના ખીલ સારા થાય છે.

શીળવા.

આ રોગ થવાનું મુખ્ય કારણ પેટની બાદી છે. ઘણા માણસોને ઝાડો સાફ આવતો નથી. પરંતુ તેઓ તેની દરકાર રાખ્યા વગર દરરોજ ખોરાક ખાધા કરે છે જેથી પેટમાં હંમેશા ભાર અને બાદી કાયમ રહે છે તેવા માણસોને શીળવાનો રોગ લાગુ પડે છે એ રોગમાં શરીર ઉપર એકદમ ચેળ આવે છે અને પછી તેમાં ઢીમાં થઇ આવે છે. અને શરીર ઉપર રતાશ આવી જાય છે. આ રોગમાં નીચેના ઉપાયો કરવા. જેથી શીળવાના ઢીમા મટી જાય છે.

ઉપાય ૧ લો—અડાયા છાણાની રાખોડીને કપડેથી ચાળીને શીળવા ઉપર ઘસવાથી શીળવા સમી જાય છે.

ઉપાય ૨ જો—સીળવા થાય ત્યારે પ્રથમ રાખોડી ઘસીને પછી ઉનનો કામળો આખે દીલે લપેટીને થોડી વાર સુઇ જવું. એટલે સીળવા મટી જશે.

ઉપાય ૩ જો—ગુલેઅરમાનીને ગુલાબ જળમાં મેળવી શરીરે ઘસવાથી શીળવા મટે છે. તેમજ બોડીઆ કલારનો રસ કાઢી તે શરીરે ઘસવાથી શીળવા મટે છે.

આધાશીશીનો ઉપાય.

આ રોગમાં સવારે સુરજ ઉગે ત્યારથી માથાના એક ભાગમાં એટલે કાંતો જમણી બાજુ અથવા ડાબી બાજુ સખત દુખાવો શરૂ થાય છે. અને તે સાંજના સુરજ આથમતા સુધી દુખાવો રહે છે આ રોગમાં માણસને ઘણું દુ:ખ પડે છે, માથાના સખત દુખાવાને

લીધે કંઇ પણ કામ કરવા પર ચીત્ત લાગતું નથી અને કોઇ પણ કામ કરવામાં ગમ પડતી નથી માટે તેનો નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો—ઘોડાવજ, મરી, સુંઠ, પીપર એ બધી વસ્તુ સરખે ભાગે પાણીમાં ઘસી કપડાથી ગાળી નાકમાં ટીપા મુકવાથી આદાશીશી મટે છે.

ઉપાય ૨ જો—સુંઠ તોલો ૦ાા કેશર તોલો ૦ાા એ બે વસ્તુને ગાયનું ઘી તોલા ૩ાા માં નાખી ધીમી આંચે ઉકાળી ગાળીને નાકમાં ટીપાં મુકવાથી આદાશીશી મટે છે.

ઉપાય ૩ જો—અરીઠાને પાણીમાં પલાળી ફીણ કાઢવું અને તે આદાશીશી ચઢી હોય ત્યારે નાકમાં બેત્રણ ટીપા મુકવાં જેથી નાકમાંથી પાણી ઝરીને આદાશીશી મટી જશે.

ઉપાય ૪ થો—નેપાળાની મીંચ પાણીમાં ઘસી જે તરફનુ માથુ દુખતુ હોય તે તરફની પાપેણના ઉપલા ભાગ ઉપર દીવાસળીના જેટલુ જાડુ, અને એક ઇંચ લાંબુ સળીવતી ચોપડવું. જેથી ચોપડેલી જગ્યાએ ઝીણી ફોલ્લીઓ થશે. અને આદાશીશી મટી જશે પછી ફોલ્લીઓ ઉપર ઘી ચોપડવું જેથી ફોલ્લી મટી જશે, ચોપડતી વખતે સંભાળ રાખવી કે આંખમા કે બીજી કોઇ જગ્યાએ લાગે નહી.

ખુજલી (ખસ) ના ઉપાય

આ રોગ થવાનું મૂખ્ય કારણ લોહીનો બીગાડ અને ઝાડાની કબજીયાત છે કારણ ઝાડાના કબજપણાથી અંદર આંતરડામાં મળ સુકાઇ જાય છે. અને તે મળના સુકાવાથી ચામડી ઉપર ગરમી પેદા થાય છે અને તે ગરમીને કારણે શરીર ઉપર ખુજલી અને ફોલ્લા ઉતપન્ન થાય છે તેના ઉપાયો તાત્કાળીક કરવાથી તે જલદીથી સારા

થાય છે એટલુંજ નહીં પણ ચામડીમાં સડો પેદા થતો નથી માટે નીચે લખેલા ઉપાયમાંથી પોતાને અનુકુળ પડતો ઉપાય કરવો.

ઉપાય ૧ લો—આંકડાના પાકાં પાત્રા નગ સાઠલઇ તેને એક દોરામાં પોરવી વાસણમાં લટકતાં રાખી વરાળથી બાફવા પછી તેને વાટીને રસ કાઢવો. અને તે રસમાં તલનું તેલ તોલા ચાર નાંખીને ચુલે ચડાવવું અને એક ઉભરો આવે એટલે તેમાં ગંધક ઝીણો વાટેલો તોલા બે નાખીને બીજો ઉભરો આવે એટલે ચુલેથી ઉતારી થંડુ પડે ત્યારે હલાવીને એકરસ કરવુ પછી એ તેલ રાતે એકાંત જગ્યાએ છાણાનો તાપ સળગાવી શરીર ઉપર તેલ ચોળતા જવું અને અગ્નીથી સેકતા જવું એ પ્રમાણે બે કલાક દવા મસળવી અને તાપથી સેકવું ત્યાર પછી આખા શરીરે ગાયનું છાણુ ચોળીને નાહી લેવું પછી દુધ અને ભાત ખાઇને સુઇ જવું જેથી માત્ર એકજ દીવસમાં ખુજલી અને ચાંદા સારા થઇ જાય છે આ ઉપાય ખાસ ચમત્કારી છે એટલુંજ નહી પણ સેંકડોવારનો અનુભવસિદ્ધ છે.

ઉપાય ૨ જો—કંપીલો કપુર ગંધક મનસીલ કાળામરી ફુલાવેલો મોરથુથુ કલઇ સફેતો સાકર બોદાર એ બધુ સરખે ભાગે લઇ ઝીણું વાટી સુખડના તેલમાં મેળવીને ચોપડવાથી ખુજલી અને ફોલ્લા સારા થાય છે.

ઉપાય ૩ જો—પારો તોલા ૨ ગંધક તોલા ૨ મનસીલ તોલા ૨ હડતાલ તોલા ૨ રાળ તોલા ૨ કળીચુનો તોલા ૨ કાથો તોલા ૨ બરાશ તોલા ૨ પ્રથમ પારા ગંધકની કજલી કરવી પછી તેમાં બીજી વસ્તુ ખાંડીને વસ્ત્રગાળ કરીને નાંખવી અને બધાને એક દીવસ ખલમાં નાખીને ઘુટવું પછી ગાયનું ઘી લઇ તેમાં પાણી નાખીને

કાંસાની થાળીમાં એકસોને આઠવાર ધોવું પછી એ ધોયલું ઘી તોલા દશ લઇ તેમાં ઉપરની દવા તોલા પાંચ નાંખીને એકરસ કરવું પછી ખુજલી ફોલ્લા ખસ ચાંદા વીગેરે ઉપર ચોપડવું જેથી તાત્કાળીક ફાયદો થાય છે.

ઉપાય ૪ થો—કુવાડીઆના બી શેર ૧ ગંધક તોલા ૫ ગાયનું દુધ શેર ૨॥ અને પાણી શેર ૨॥ અને ગાયનું ઘી તોલા ૫ એ બધુ એકત્ર કરી ચુલે ચડાવી ઉકાળવું જ્યારે પાણી અને દુધ બળી જાય ત્યારે નીચે ઉતારી થંડુ પડવા દેવું પછી તેમાંથી ઘી કાઢી લઇ કાચના વાસણમાં ભરવું એ ઘી ખુજલી ઉપર તેમજ ફોલ્લા ઉપર ચોપડવાથી ખુજલી અને ફોલ્લા મટે છે તેમજ પારો ગંધક મોરથુથુ કાળા મરી એ ચાર વસ્તુ પાપા તોલો અને બંદુકમાં ફોડવાનો દારૂ તોલો ૧॥ એ બધાને ભેગુ કુટી ગાયના ઘીમાં મેળવી શરીરે ઘસવું પછી ચણાનો લોટ ચોળીને થંડા પાણીથી નાહવું જેથી ખુજલી અને ખસ મટી જાય છે.

ઉપાય ૫ મો—મોરથુથુ, કાળો તંબાકુ, કંપીલો, સાકર, મનશીળ, એ બધુ સરખે ભાગે વાટી દીવેલમાં મેળવી ચોપડવું—અથવા દીવેલ શેર પામાં એકવીસ પાત્રાં વારાફરતી આંકડાના તળવા જ્યારે પાતરા બળી જાય ત્યારે મનસીલ તોલો ૧, તથા ગંધક તોલો એક વાટીને મેળવી દેવું, અને બધુ હલાવીને એકત્ર કરી ખુજલી ઉપર ચોપડવું અથવા આંકડાના પાત્રાં, થુવેરની સુકી ડારી, પોસદોડો કાળો તંબાકુ. એ ચાર વસ્તુને બાળીને દીવેલમાં મેળવી શરીર ઉપર ચોળી થોડીવાર તડકે બેસવું અથવા છાણાના તાપથી તાપવું, પછી શરીર ઉપર સાબુ ચોળીને ઉના પાણીથી નાહવું, જેથી ખસ—ખુજલી અને ફોલ્લા મટે છે.

દરાજની દવાઓ.

દરાજની બે જાત થાય છે, એક રાતી અને બીજી કાળી. રાતી દરાજ જલદીથી મટી જાય છે અને કાળીને મટતાં વાર લાગે છે. દરાજ એ એક જાતનો કુષ્ટ રોગ છે. અને તે ચામડીના ત્રીજા પડમાથી થાય છે જેમ જેમ દરાજ જુની થતી જાય છે, તેમ તેના મુળ ઉતરે છે. જેથી જુની દરાજને મટતાં વાર લાગે છે પરંતુ દરાજ થાય એટલે તુરત તેનો ઉપાય કરવામાં આવે તો જલદીથી મટી જાય છે. માટે નીચે લખેલા ઉપાયમાંથી અનુકુળ પડતો ઉપાય કરવો.

ઉપાય ૧ લો–કપુર તો. ૧, કળીચુનો તો. ૧, પારો તો. ૧, ગંધક તો. ૧, ગેરૂ તો. ૧, બોદાર તો ૧, ફુલાવેલું મોરથુથુ તો. ૦।, પ્રથમ પારાગંધકની કજલી કરી તેમાં બીજી વસ્તુઓ મેળવી એકરસ કરી કરંજીઆ તેલમાં મેળવી મલમ કરીને ચોપડવાથી દરાજ મટે છે.

ઉપાય ૨ જો–પલાશ પાપડો, બાવચી, મનસીલ, ગંધક, ખડીઓ ખાર, કુવાડીઆના બી, સાકર, એલીઓ. રસકપુર, ફુલાવેલો ટંકણ, એ બધુ એકેક તોલો અને શેરીલોબાન તોલા દશ, એ બધાને ભેગુ કરી ખાંડી વસ્ત્રગાળ કરી ગાયના મુત્રમાં અથવા લીંબુના રસમાં ઘસીને ચોપડવાથી દરાજ મટી જાય છે.

ઉપાય ૩ જો-કાથો, મનસીલ. કુવાડીઆના બી, માજુફળ કપુર, લોધર, ઉપલેટ, આંબાહળદ. સેરીલોબાન, એલચી, હીમજીહરડે, સાકર, એલીઓ, દીકામાલી, ચીકણું કંકુ, અફીણ, બાવળનો ગુંદર, કાળા મરી. રસકપુર એ બધી વસ્તુ સરખે વજને લઈ ખાંડી વસ્ત્રગાળ કરી ધોયેલા ઘીમાં મેળવીને મલમ તૈયાર કરવો આ મલમ દરાજ ઉપર ચોપડવાથી લાલ તથા કાલી બન્ને દરાજો સારી થાય છે.

ઉપાય ૪ થો—દેશી ગોવો પાઉડર કુવાડીઆના બી શેર એક લાવી તેને અગની ઉપર બળી નહી જાય અને બદામી રંગ થાય ત્યાં સુધી સેકવાં પછી તેને સારી રીતે વસ્ત્રગાળ કરવા પછી તેમાં ગંધક તોલા ૧૦ મનસીલ તોલા દશ રસકપૂર તોલા ૫ અને સીંદુર તોલા ૫ નાંખીને ખલમાં સારી પેઠે ઘુટવું પછી વેસેલીન તોલા વીસમાં આ પાઉડર તોલા પાંચ નાંખીને મલમ કરવો એ મલમ દરાજ ઉપર ચોપડવાથી દરાજ સારી થાય છે તેમજ કોરો પાઉડર લીંબુના રસમાં અથવા પાણીમાં ચોપડવાથી પણ દરાજ મટે છે.

ઉપાય ૫ મો—કળીચુનો મનસીલ ગંધક હડતાલ ગેરૂ શેરી લોબાન કપીલો અફીણ ખડીયોખાર રેવંચીનો શીરો બોદાર સીંદુર મોરથુથુ ફુલાવેલો કુંવાડીઆના બી આમળા રાળ હળધરનો બાળેલો કોયલો એ બધુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી પાણી સાથે અથવા ગાયના મુત્ર સાથે અથવા લીંબુના રશ સાથે મેળવીને ચોપડવાથી કાળી તેમજ રાતી દરાજ સારી થાય છે તેમજ કોકમનું ઘી તોલા ૧૦ મીણુ તોલા ૧૦ ગાયનું ઘી તોલા ૧૦ તલનું તેલ તોલા દશ એ ચાર વસ્તુ કડાઇમાં નાખી ચુલે ચડાવવી અને એક રસ થાય એટલે નીચે ઉતારી કપડેથી ગાળીને ઠરવા દેવી જ્યારે ઠરીને મલમ જેવી થઇ જાય ત્યારે તેમાંથી તોલા દશ લઇ તેમાં ઉપરની દવા તોલા પાંચ નાખી મેળવીને મલમ કરવો અને એ બેને મેળવતી વખત નારંગીનું તેલ તોલો એક નાખી બધાને મેળવી મલમ તૈયાર કરવો આ મલમ ચોપડવાથી નવી તથા જુની દરાજ સારી થાય છે.

ખરજવાના ઉપાય.

આ રોગ ઘણું કરીને હાથે અને પગે થાય છે શરૂઆતમાં જે જગ્યાએ ખરજવું થવાનું હોય તે જગ્યાએ ચેળ આવે છે. અને

ખજવાળવાથી ધીરે ધીરે ચામડી ખરબચડી થઇ જાય છે ખરજવાં બે પ્રકારના થાય છે એક લીલુ અને બીજુ સુકુ લીલામાંથી પાણી ઝરે છે અને પાકે પણ છે સુકામાં ચેળ આવે અને ખજવાળવાથી ચામડી ઉપરથી થુલાં જેવો ભુકો નીકળે છે આ બન્ને જાતના ખરજવા ઘણાંજ કષ્ટ સાધ્ય છે. કારણ તે જુના થયા પછી ભાગ્યેજ મટે છે પરંતુ જો થતાની સાથે દવા કરવામાં આવે તો જડમૂળમાંથી મટી જાય છે.

ઉપાય ૧ લો—કડવો લીમડો બેચાર વરસનો સુકો હોય તેનું પાકટ લાકડુ લાવી તેના ઝીણાં આંગળ આંગળના કટકા કરવા પછી તે કટકાને એક માટલામાં ભરી માટલાના મોં ઉપર તારની જાળી અથવા ઘોડાના પુછડાના વાળનો ડુચો મારી પાતાળ યંત્રથી ચુવો કાડવો એ ચુવો ખરજવા ઉપર ચોપડવાથી ખરજવુ જડમુળમાંથી સારૂ થાય છે પરંતુ દરરોજ સાબુથી ધોઇને ઉપરનો ચુવો ચોપડવો જેથી વ્હેલો ફાયદો થાય છે. જો લીમડાનું લાકડુ ઘાચીની ઘાણીનુ મળે તો તેનો ચુવો ઘણો સારો થાય છે કારણ તે લાકડાએ ઘણો વખત તેલ દીવેલ પીધેલુ હોય છે.

ઉપાય ૨ જો—પારો, ગંધક, બન્ને તોલા લઇ તેને કરંજીયાના તેલમાં બે દીવસ ઘુટવું એટલે કાળો મેસ જેવો રંગ થઇ જશે પછી તેમાં મોરથુથુ તો. ૦ાા. મનસીલ, તો. ૦ાા, ગંધક તો. ૦ાા, હડતાલ તોલો ૦ાા, રસકપુર તોલો ૧, બરાસકપુર તોલો એક એ બધાને ઝીણું કરીને ઉપરના કરંજીયામાં ઘુંટેલા પારા ગંધકની કજલીમાં મેળવવું અને તે બધું એકરસ થઇ જાય એટલે તેમાં કોલટાર તોલા ૫ મેળવીને બેત્રણ દીવસ તડકે મુકવું. અને દીવસમાં બેત્રણ વખત હલાવતા

રહેવું પછી તડકેથી લઇને ખરજવા ઉપર ચોપડવું જેથી લીલાં અને સુકાં બન્ને જાતના ખરજવા થોડી મુદ્દત ચોપડવાથી સારા થાય છે.

ઉપાય ૩ જો–કાથો, સંખજીરૂ, કલઇસફેનો, સોનાગેરૂ, ગુંદીના પાંતરાની રાખ, બાવળની પાલીની રાખ, બાવળના ફુલની રાખ, જાંબુના પાતરાંની રાખ, કાળીઆસરસના પાંતરાની રાખ એ બધુ અકેક તોલો અને સીંદુર તોલા આઠ, મોરથુથુ ફુલાવેલો તોલા ૨, રસકપુર તોલા ૨, આરતીકપુર તોલા ચાર, એ બધી વસ્તુને યુક્તી-પુર્વક વાટી વસ્ત્રગાળ કરી ઘુટીને એકત્ર કરવી. પછી ગાયનું ઘી શેર ૦ાા લઇ તેને એકસો પાણીએ ધોવું પછી તેમાં ઉપરની બધી દવાઓ મેળવીને મલમ કરવો. આ મલમ ખરજવાં પર ચોપડવાથી ખરજવા મટે છે.

ઉપાય ૪ થો–વાલની દાળ તોલા ૫, મગ તોલા ૫, મેથી તોલા ૫, રાઇ તોલા ૫, અજમો તોલા ૫, એ બધી વસ્તુને કલેડામાં નાખીને જુદી જુદી બાળવી અને દરેકના કોલસા કરવા પછી તેમાં ગંધક તોલા ૨, મનસીલ તો. ૨, રસકપુર તોલા ૨, મોરથુથુ તો. ૧ એ ચાર વસ્તુ ઉપરની વસ્તુ સાથે ભેગી કરી વાટીને કરંજીયા તેલમાં મેળવીને મલમ કરીને ચોપડવો જેથી ખરજવા મટી જાય છે.

વીંછીના ઝેરના ઉપાયો

આ પ્રાણીથી ભાગ્યેજ કોઇ માણુસ અજાણ્યુ હશે કારણ વીંછુ આખા ગુજરાત કાઠીયાવાડ અને બીજા ભાગોમાં પુષ્કળ થાય છે તેમજ તે સેંકડો માણુસને ડંખ મારે છે. વીંછુનુ ઝેર એની પુછડી ઉપર થતા કાંટામાં હોય છે અને તેજ કાંટો માણુસને મારે છે જેથી પુસ્કળ વેદના થાય છે પરંતું વીંછીના ઝેરથી ભાગ્યેજ કોઇ માણુસ

મૃત્યુ પામે છે કારણ એનું વીશ જીવલેણ નથી પરંતુ વેદના તો એટલી બધી થાય છે કે માણસને ગભરાવી નાખે છે એના વીશને પણ મંત્રથી ઉતારનારા હોય છે અને તેથી વીંછી ઉતરી પણ જાય છે પરંતુ જો નીચે લખેલા ઉપાયમાંથી કોઇ ઉપાય કરવામાં આવશે તો તેથી પણ વીંછી ઉતરી જસે.

ઉપાય ૧ લો—કાસ્ટીક (કારીખાર)ની શળીઓ આવે છે તેનાથી ડંખવાળી જગ્યા બાળી મુકવામાં આવે તો વીંછુનું ઝેર ચડતું નથી અને વીંછી ઉતરી જાય છે અથવા ડંખવાળી જગ્યા ઉપર કાંદાનો રસ કાઢીને ઘસવો અને પછી તે જગ્યાએ કાંદા વાટીને બાંધી દેવો અથવા ડંખવાળી જગ્યાએ બંદુકનો દારૂ મુકી તેને દીવાશળીથી સળગાવી દેવો જેથી વીંછુનું ઝેર ઉતરી જશે અને ડંખવાળી જગ્યા ઉપર ફોલ્લો પડશે તે ફોડી નાંખી તેમાંથી પાણી કાઢી નાંખી તે જગ્યા ઉપર ઘી ધોઇને ચોપડવું એટલે ફોલ્લાની પીડા મટી જશે.

ઉપાય ૨ જો—જે જગ્યા ઉપર વીંછીએ ડંખ માર્યો હોય તે જગ્યાએ અમૃતબીંદુનું પુમડું મુકી પાટો બાંધવો અથવા તે જગ્યાએ અમૃતબીંદુ ખુબ ઘસવું અથવા ધોળા ફુલવાળા સંદેસરાનું મૂળ સાંજના કાઢી લાવી ને રાખી મુકવું અને જેને વીંછી કરડયો હોય તેના ડંખ ઉપરથી નીચે ઉતરતુ શરીરને લાગે નહી એવી રીતે ફેરવવુ જેથી અડધા કલાકમાં વેદના ડંખમાં આવી જશે પછી ડંખ ઉપર તે મુળીયુ થોડીવાર ધરી રાખવું એટલે વીંછી ડંખમાંથી ઉતરી જશે આ વસ્તુ ખરી ચમત્કારી છે.